

# કીર્તન માધુરી

## ભાગ-૩

• કાવ્ય પ્રસંગ • કાવ્ય કૃતિ • આસ્વાદ

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા-૭૩

સંસ્થાપક : અ.મુ.પ.પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર

**શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન**

અમદાવાદ-૧૩

## શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનનું પ્રતીક

પ્રતીકમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણકમળમાં
સામુદ્રિકશાસ્ત્રમાં વર્ણવેલાં ભગવત્સ્વરૂપનાં સોળ વિલક્ષણ ચિહ્નો છેઃ

### જમણા ચરણકમળમાં નવ ચિહ્નો

**સ્વસ્તિકઃ** માંગલ્યમય ભગવત્સ્વરૂપને સૂચવે છે.

**અષ્ટકોણઃ** ઉત્તર-દક્ષિણ-પૂર્વ-પશ્ચિમ-અગ્નિ-ઇશાન-નૈઋત્ય-વાયવ્ય એવી આઠે દિશામાં ભગવત્-કરુણા વહી રહી છે તેનું પ્રતીક છે.

**ઊર્ધ્વરેખાઃ** ભગવત્કૃપાથી થતું જીવોનું સતત ઊર્ધ્વીકરણ દર્શાવે છે.

**અંકુશઃ** સર્વને અંકુશમાં રાખવા સર્વકારણના કારણ રૂપ ઐશ્વર્યનું દ્યોતક છે ને અંતઃશત્રુને વશ રાખવાનું સૂચવે છે.

**ધ્વજઃ** અથવા **કેતુ** સત્યસ્વરૂપ ભગવાનની વિજય-પતાકા છે.

**વજ્ર :** ભગવત્સ્વરૂપનું વજ્ર જેવું શક્તિશાળી બળ જીવના દોષો નષ્ટ કરી કાળ-કર્મ-માયાના ભયથી મુક્ત કરે છે તેમ નિર્દેશે છે.

**પદ્મઃ** જલકમલવત્ નિર્લેપ કરનાર ભગવત્સ્વરૂપની કરુણાસભર મૃદુતા સૂચવે છે.

**જાંબુફળ:** ભગવત્સ્વરૂપમાં જોડાયેલાને મળતા દિવ્ય સુખરૂપી રસનું સૂચક છે.

**જવ:** અગ્નિમાં જવ, તલ આદિ અનાજ હોમી અહિંસામય યજ્ઞ કરનારા અને ભગવત્સ્વરૂપમાં જોડાયેલાના ધનધાન્ય ને યોગક્ષેમનું ભગવાન પોતે વહન કરે છે તેમ સૂચવે છે.

## ડાબા ચરણકમળમાં સાત ચિહ્નો

**મીન:** સામા પ્રવાહે વહી ઉદ્ભવસ્થાને પહોંચતા મત્સ્યની પેઠે ઐશ્વર્ય-સુખના ઉદ્ભવસ્થાન ભગવત્સ્વરૂપને પામવાનું સૂચવે છે.

**ત્રિકોણ:** જીવને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી છોડાવી ઈશ્વર, માયા, બ્રહ્મની ત્રિપુટીથી પર પરબ્રહ્મ-સ્વરૂપને વિષે સ્થિતિ કરવાનું નિર્દેશક છે.

**ધનુષ:** અધર્મ થકી પોતાના આશ્રિતોના આરક્ષણનું પ્રતીક છે.

**ગોપદ:** ભગવત્પ્રિય ગોવંશ અને ભગવત્પ્રિય સત્પુરુષોના પરોપકારી લક્ષણને સૂચવે છે.

**વ્યોમ:** ભગવત્સ્વરૂપનો આકાશવત્ નિર્લેપપણે સર્વત્ર વ્યાપ સૂચવે છે.

**અર્ધચંદ્ર:** ભગવત્સ્વરૂપના ધ્યાન વડે ચંદ્રકળાની જેમ વૃદ્ધિ પામી પૂર્ણતા પ્રાપ્ત થાય છે એમ દર્શાવે છે.

**કળશ:** ભગવત્સ્વરૂપની સર્વોપરીતા અને પરિપૂર્ણતાનું પ્રતીક છે.

પ્રતીકમાં રહેલા ભગવત્સ્વરૂપનાં ચિહ્નોનાં રહસ્યને દૃષ્ટિ સમક્ષ રાખી, સર્વ જીવનું હિત થાય એવી નિ:સ્વાર્થ જ્ઞાન-ધ્યાન-સેવા પ્રવૃત્તિ સદૈવ કરતા-કરાવતા રહેવાના મિશનના પુરુષાર્થમાં ભગવત્કૃપા વહ્યા કરો એવી શ્રીહરિના ચરણકમળમાં પ્રાર્થના.

સહજાનંદ મન ભાઈ સદાઈ, સહજાનંદ મન ભાઈ;
સહજાનંદ મનોહર મૂરતિ, પ્રીત કરી ઉર લાઈ.

બ્રહ્મમહોલ વાસી અવિનાશી, મનુષ્ય દેહ ધરી આઈ;
જે જન આઈ રહે ઇન શરને, ભુક્તિ મુક્તિ સબ પાઈ.

કાલ કર્મ કો દુઃખ અતિ ભારી, સો સબ દેવે છોરાઈ;
સુખકારી ઘનશ્યામ ભજનસે, ભવ ભટકન મીટ જાઈ.

અંતર પ્રીત રીતસું કરી કે, મૂરતિ મન ઠહરાઈ;
કામ ક્રોધ મદ લોભ સહજમેં, અવધપ્રસાદ હઠાઈ.



સર્વોપરી ઉપાસ્ય મૂર્તિ

પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન

|| સહજાનંદ સુખદાઈ ભજ મન, સહજાનંદ સુખદાઈ. ||

|| શ્રી ઘનશ્યામ મનોહર મૂરતિ, ધ્યાન ધરો ઉર લાઈ. ||

|| સુંદર બોલની સુંદર હસની, મુશકની બરની ન જાઈ. ||

|| શોભા ધામ સુખ સૂરત, સંત મુક્ત સંગત આઈ. ||

|| અવધપ્રસાદ નિરંતર એહી છબી, અંતરમેં ઠહરાઈ. ||




જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(ભાઈઓ)

|| સુંદર શ્રી ઘનશ્યામ સદાઇ, શરનાગત સુખકારી રે;
એહી છબી અંતરમેં ધરી લેં, દેત ગર્ભ દુઃખ ટારી રે. ||

|| અધમ ઉધાર પતિત કે પાવન, ભક્ત વત્સલ ભયહારી રે;
એસેં હરિ સુખકારી વિસારત, સો નર હોત ખુવારી રે. ||

|| જેહી જન આઇ રહે ઇન શરને, હો ગયે ભવજન પારી રે;
અવધપ્રસાદ થાનકી છબીપેં, વાર વાર બલિહારી રે. ||



જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(બહેનો)

## અર્પણ

અનંતકોટિ મુક્તના સ્વામી

અને સદા સાકાર

દિવ્ય મૂર્તિ એવા પરમ કૃપાળુ

**શ્રી સ્વામિનારાયણ ભગવાન**ના

ગૂઢ રહસ્ય જ્ઞાનને સમજાવનારા,

એ મહાપ્રભુના સુખનિધિ સ્વરૂપનું સર્વોપરીપણું

સર્વત્ર પ્રવર્તાવનારા અને અનાદિમુક્તની

સર્વોત્તમ સ્થિતિનો અનુભવ કરાવનારા

- આ રીતે સમગ્ર સત્સંગ ને માનવકુળ

પર મહદ્ ઉપકાર કરનારા પરમ દયાળુ

**અનાદિ મહામુક્તરાજ**

**પ. પૂ. શ્રી અબજીબાપાશ્રી**ના

ચરણકમળોમાં સાદર સમર્પિત



રહસ્યજ્ઞાન પ્રદાતા

અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપા

# અર્ઘ્ય

શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના

સર્વોપરી તત્ત્વજ્ઞાનને વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યમાં પ્રસ્તુત

કરી આધ્યાત્મિક, સામાજિક તેમ જ શૈક્ષણિક ક્ષેત્રે,

અદ્વિતીય યોગદાન આપનાર, ધર્મશુદ્ધિ, વહીવટશુદ્ધિ ને

ચારિત્ર્યશુદ્ધિના પ્રખર હિમાયતી તથા ચૈતન્યનું ઊર્ધ્વીકરણ

કરવારૂપ બ્રહ્મયજ્ઞની આહલેક જગાડવા સર્વજીવહિતાવહ

સંસ્થા **‘શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન’**નું

સ્થાપન કરનાર કરુણામૂર્તિ સદ્‌ગુરુવર્ય

**અનાદિ મુક્તરાજ પૂજ્યશ્રી નારાયણભાઈ**ના

ચરણકમળમાં શતકોટિ વંદન !

## સંસ્થાપક



અનાદિ મુક્તરાજ

પૂજ્યશ્રી નારાયણભાઈ ગીગાભાઈ ઠક્કર

## સંપાદકીય વિશેષ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન એવી ગ્રંથશ્રેણી પ્રકાશિત-સંપાદિત કરવા ઉત્સુક છે કે જે સમગ્ર માનવજાત માટે કલ્યાણકારી હોય અને જેના વાચનથી ભારતીય સંસ્કૃતિનો ઉચ્ચતમ હેતુ બર આવતો હોય.

વર્તમાન બુદ્ધિયુગમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર પ્રતિદિન વધતો જાય છે. ઉચ્ચ શિક્ષણનો મૂળભૂત હેતુ જીવનમાં ઉચ્ચતર મૂલ્યો પ્રસ્થાપિત કરવાનો છે અને જીવનનું ઊંચામાં ઊંચું મૂલ્ય પરમાત્માના પરમસુખનો અનુભવ કરવો તેમાં રહેલું છે. આ હેતુઓ તરફ દોરી જવામાં આ ગ્રંથશ્રેણી સહાયભૂત બને એવી અપેક્ષા છે.

શિક્ષણ, વિજ્ઞાન ને યંત્રવિદ્યાના સતત વધતા જતા વ્યાપને આપણે એવી રીતે ઢાળવો છે કે એ કેવળ ભૌતિક સુખની પ્રાપ્તિનાં સાધન બની ન રહેતાં, માનવીના આંતરિક વિકાસમાં ઉચ્ચતમ મદદગાર બની રહે; સાથોસાથ આપણે એવી સમજણ પ્રસારવી છે કે ઉત્ક્રાંતિનું અંતિમ લક્ષ્ય ઉત્તરોત્તર વિકસીને પરમાત્માના દિવ્ય સુખમાં મળી જવામાં છે.

દિવ્યાનંદની પ્રાપ્તિ માટે સતત વિકસતા જવાની પ્રાકૃતિક અંતઃપ્રેરણા માનવને ઈશ્વરે આપેલી અણમૂલ બક્ષિસ છે. તે એવું સૂચવે છે કે આપણે સૌ સાથે મળીને એવી સામાજિક, આર્થિક ને રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કરીએ કે જેથી જીવનના ઊર્ધ્વીકરણની પ્રક્રિયા નિર્બાધ રીતે પૂરતી મોકળાશથી ખીલી ઉઠે. આ કાર્યને વેગ મળે એવા પ્રેરણાદાયી સાહિત્યનું સર્જન કરવાનું આવશ્યક છે.

માવનજાતના આધ્યાત્મિક અને સામાજિક શ્રેય માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને, જીવનને સતત ઊર્ધ્વ બનાવી, આત્યંતિક દિવ્ય સુખને પમાય એવો સર્વસમન્વયી જ્ઞાનમાર્ગ

પ્રસ્થાપિત કરેલ છે; તેમની શ્રીમુખવાણી 'વચનામૃતમ્' તથા 'શિક્ષાપત્રી'માં એ તત્ત્વજ્ઞાનનું ઊંડાણ અનન્ય છે અને સવિસ્તર સરળ ભાષામાં પ્રસ્તુત થયેલ છે. તદ્ઉપરાંત પોતાના બ્રહ્મનિષ્ઠ સંતો ને ગૃહસ્થી મુક્તપુરુષો દ્વારા સર્વહિતાવહ સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં તૈયાર કરાવ્યું છે.

ઉપરોક્ત ગ્રંથોમાં સર્વગ્રાહ્ય ભારતીય સંસ્કૃતિ ને જીવન જીવવાની ખરી દિશા બતાવવામાં આવી છે. તેથી આ ગ્રંથશ્રેણીમાં સર્વજનો-પૂર્વના હોય કે પશ્ચિમના, સૌને દિવ્યતા તરફ દોરી જવામાં પથદર્શક નીવડે એવા એ આદર્શો તથા જ્ઞાનને અર્વાચીન જ્ઞાનના પ્રકાશમાં રજૂ કરવાનો ઉત્તમ પ્રયત્ન કરવામાં આવશે. અમને ખાતરી છે કે તેનાથી માનવજીવનમાં સંવાદિતા આવશે ને આધુનિક જીવનની વિષમતા ધીરે ધીરે ઓછી થતી જઇ દૂર થઇ જશે.

ભારત કે વિશ્વનું અન્ય સાહિત્ય કે જેમાં દર્શાવેલ વિચારો અમારા ઉદ્દેશો સાથે સુસંગત હશે તો તે પણ આ ગ્રંથશ્રેણીમાં આવરી લેવામાં આવશે.

અમારી ઇચ્છા એવી છે કે આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકો ફક્ત ગુજરાતી ભાષામાં જ નહિ બલ્કે હિન્દી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પણ પ્રકાશિત કરવાં, જેથી અન્યભાષી વાચકોને પણ આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકોનો લાભ મળે.

મિશનની આ પ્રવૃત્તિને સફળતા બક્ષવામાં સૌનો સાથ-સહકાર ઇચ્છીએ છીએ અને મિશનના સર્વ કાર્યમાં સદૈવ પ્રભુકૃપા ભળે એ જ અભ્યર્થના.

દાસાનુદાસ

**નારાયણભાઈ ગી. ઠક્કર**

સ્થાપક પ્રમુખ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

સં. ૨૦૪૨, શ્રીહરિજ્યંતી

એપ્રિલ ૧૮, ૧૯૮૬

અમદાવાદ

श्री स्वामिनारायण डिवाइन मिशन

सर्वजीवहितावह

।। श्री स्वामिनारायणो विजयतेतराम् ।।

# કીર્તન માધુરી

## ૩

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

૭૩

: સંસ્થાપક:

• અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર •

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન
અમદાવાદ - ૩૮૦ ૦૧૩

**શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**

**સર્વજીવહિતાવહ ગ્રંથમાળા**

❄ **પ્રકાશન સમિતિ** ❄

*: પ્રેરક - માર્ગદર્શક :*

❄ **અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર** ❄

©શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન, અમદાવાદ

(રજિ. નં. ઈ/૪૫૪૬/અમદાવાદ : ૧૯૮૧)
ઈન્કમટેક્ષ એક્ષેમ્પશન u/s 80(G)5

***પ્રથમ આવૃત્તિ***
પ્રત : ૨૦૦૦
૨૦૧૦, ૧૬, ફેબ્રુઆરી
સં. ૨૦૬૬, ફાગણ સુદ બીજ

***સેવા મૂલ્ય*** : રૂ. ૨૫/-

***પ્રકાશક***
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન
૮, સર્વમંગલ સોસાયટી, પૂજ્યશ્રી નારાયણભાઈ માર્ગ
નારણપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩ ✆ : ૨૭૬૮૨૧૨૦
Website : www.shriswaminarayandivinemission.org
E-mail : info@shriswaminarayandivinemission.com

***મુદ્રક***
ભગવતી ઓફસેટ
બારડોલપુરા, અમદાવાદ

# નિવેદન

એકવાર સભા પ્રસંગે શ્રીજીમહારાજે શુકમુનિને એક અત્યંત મહત્ત્વપૂર્ણ પ્રશ્ન પૂછતા કહ્યું : 'થોડાં સાધન કરવાથી સત્ત્વરે કલ્યાણ થાય એવો ક્યો ઉપાય છે ?'

સદ્‌ગુરુ શુકાનંદ સ્વામીએ એ પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું: 'મહારાજ, આપણાં શાસ્ત્રોના મત પ્રમાણે તો કળિયુગમાં કીર્તનભક્તિ કરવાથી જ સત્ત્વરે કલ્યાણ થાય છે.'

આના અનુસંધાનમાં શ્રીહરિએ બીજો પ્રશ્ન કર્યો: 'કીર્તનભક્તિનાં શા લક્ષણ છે ?' શુકમુનિએ એનો સવિસ્તાર જવાબ આપતા કહ્યું : 'કીર્તનભક્તિના ચાર લક્ષણ છે. અર્થાત્  ચાર પ્રકારે કીર્તનભક્તિ થાય છે.

(૧) ભગવાનના લીલાચરિત્રોની કથા કરવી અને સાંભળવી.
(૨) ભગવાનના માહાત્મ્યની ગાથા ગાવી ને સાંભળવી.
(૩) ભગવાનનું નામીએ સહિત નામ-સ્મરણ કરવું.
(૪) ભગવાનના લીલાચરિત્રો તેમ જ ગુણાનુવાદ ગાતા કીર્તનો ગાવા ને સાંભળવા.

આ ચાર પ્રકારની કીર્તનભક્તિ પૈકી ભગવાનના લીલાચરિત્રો તથા માહાત્મ્યની કથા સાંભળનારને આળસ પ્રમાદથી કથા દરમ્યાન નિદ્રા આવે અથવા કથા વખતે મનની વૃત્તિ અન્યત્ર જવાથી ઉપદેશના શબ્દો અંતઃકરણમાં

ઉતરતા નથી. ભગવાનનું નામીએ સહિત નામ-સ્મરણ એ સૌથી કઠણ સાધન છે. તેથી આ ચારેયમાં ભગવાનના લીલાચરિત્રોનું પ્રગલ્ભ ગાન કરતા કીર્તન ગાવા - સાંભળવા એ જ સૌથી શ્રેષ્ઠ કીર્તનભક્તિ છે.'

આ વાતના સમર્થનમાં શ્રીજીમહારાજે વચનામૃતમાં (ગ.મ.પ્ર.૩૫) શ્રીમુખે કહ્યું છેઃ 'તમે સર્વે મને ભગવાન જાણો છો ને અમે જ્યાં જ્યાં ઉત્સવ સમૈયા કર્યા હોય તથા પરમહંસ, બ્રહ્મચારી, હરિભક્ત સત્સંગી બાઈ ભાઈ સર્વે ભેળા થયા હોય ને અમે કીર્તન ગવરાવ્યાં હોય, વાર્તા કરી હોય ને અમારી પૂજા થઈ હોય એ આદિક અમારાં ચરિત્ર - લીલા તેને કહેવાં ને સાંભળવાં, ને તેનું મનમાં ચિંતવન કરવું. જેને એવું ચિંતવન અંતકાળે જો થઈ આવ્યું તો તેનો જીવ ભગવાનના ધામને જરૂર પામે, માટે એવાં જે અમારાં સર્વે ચરિત્ર-ક્રિયા તથા નામ-સ્મરણ કલ્યાણકારી છે.'

શ્રીજીમહારાજની ઉપરોક્ત આજ્ઞા અનુસાર મુમુક્ષુઓ જે તે સમયે અને સ્થળે શ્રીહરિએ કરેલા લીલા-ચરિત્રોનું કીર્તનગાન એના કાવ્યપ્રસંગ અને આસ્વાદ સાથે કરી શકે તેવા શુભાશયથી આજથી ૨૨ વરસ પહેલાં 'કીર્તનમાધુરી'નો પ્રથમ ભાગ પ્રકાશિત કરવામાં આવ્યો હતો. ગુજરાતી સાહિત્યના ઈતિહાસમાં પણ આ પ્રકારનું લેખન-પ્રકાશન સૌ પ્રથમવાર હાથ ધરવામાં આવ્યું હોવાથી સત્સંગ તેમ જ સાહિત્ય જગતમાં તેને જબરદસ્ત આવકાર મળ્યો હતો. લોક માંગણીને માન આપીને ૨૦૦૭માં કીર્તનમાધુરીના દ્વિતીય ભાગનું પ્રકાશન કરવામાં આવ્યું. એને પણ સમસ્ત

સ્વામિનારાયણ સંપ્રદાયમાંથી અજોડ આવકાર સાંપડ્યો હતો.

આજે શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશનના સંસ્થાપક અ.મુ.પ.પૂ. ગુરુવર્ય શ્રી નારાયણમામાના પ્રાગટ્યદિને એમની દિવ્ય સ્મૃતિમાં કીર્તનમાધુરીના તૃતિય ભાગનું પ્રકાશન કરતાં અમે અત્યંત કૃતજ્ઞતાની લાગણી અનુભવીએ છીએ.

સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ, અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રી, સદ્‌ગુરુઓ તથા વાત્સલ્યમૂર્તિ ગુરુવર્ય અ.મુ.પ.પૂ. નારાયણમામાની અપ્રતિમ કૃપાવર્ષા આ પુણ્યકાર્યમાં સહભાગી થનાર સૌ કોઈ ઉપર સદાય વરસતી રહે એ જ આ અણમોલ અવસરે અભ્યર્થના છે.

સં. ૨૦૬૬, ફાગણ સુદ બીજ<br>ઈ. સ. ૨૦૧૦, ૧૬ ફેબ્રુઆરી

**પ્રકાશન સમિતિ**<br>**શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન**

# કીર્તન માધુરી-૩

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના
મધ્યકાલીન નંદસંત કવિઓની
પ્રાસંગિક અમર કાવ્યરચનાઓનું
ઐતિહાસિક સંદર્ભ સાથે
આસ્વાદમૂલક વિવરણ

**'સંતો શ્રીજીના સાજ હતા ને શ્રીજી કીર્તન હતા.'**

**- મહાકવિ ન્હાનાલાલ**

# કાવ્યાનુક્રમ


| ક્રમ | કાવ્ય | કર્તા | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | નયનભર કબ દેખું કિરતાર... | સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી | ૧ |
| ૨. | મૈં બુબનમેં ક્યા રહું... | સદ્‌ગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામી | ૮ |
| ૩. | હાં રે તેરી સાંવરી સુરત છટાદાર... | સદ્‌ગુરુ શ્રી પ્રેમાનંદ સ્વામી | ૧૬ |
| ૪. | ક્યૂં પાયે ઘર દુર, બંદે ! ક્યૂં... | સદ્‌ગુરુ શ્રી નિષ્કુળાનંદ સ્વામી | ૨૪ |
| ૫. | ધર્મકુંવર ખેલે હોરી રે, રંગ ધૂમ મચાઈ... | સદ્‌ગુરુ શ્રી જ્ઞાનાનંદ સ્વામી | ૩૫ |
| ૬. | હરિ મિલે બોરસડી કી છૈયાં... | આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ | ૪૩ |
| ૭. | સબ ઋતુરાજ વસંત હૈ... | સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી | ૫૦ |
| ૮. | સખી હૈડે તે હરખ ન માય, આજ દિવાળી રે... | સદ્‌ગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામી | ૫૮ |
| ૯. | રચ્યો રાસ પિયા ઘનશ્યામરી... | સદ્‌ગુરુ શ્રી પ્રેમાનંદ સ્વામી | ૬૭ |
| ૧૦. | રંગ રસબસ હરિ સંગ, સખા સુર સંત... | સદ્‌ગુરુ શ્રી વૈષ્ણવાનંદ સ્વામી | ૭૩ |
| ૧૧. | શ્રીહરિ કો સદન મદન કહું કોટિ લજાવે... | સદ્‌ગુરુ શ્રી આધારાનંદ સ્વામી | ૭૮ |
| ૧૨. | જુઓ જુઓને સાહેલિઓ આજ... | આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ | ૮૪ |

૧૩. મારા વ્હાલાજી શું વ્હાલપ દીસે રે...
સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી ૯૩
૧૪. એક સમે શ્રીહરિ સ્વામી, તેડાવિયા નિજ જન...
સદ્‌ગુરુ શ્રી નિષ્કુળાનંદ સ્વામી ૯૯
૧૫. હરજી મારે હૈડે રહેજો, સહજાનંદ છો રૂડા વહાલા...
સદ્‌ગુરુ શ્રી માધવાનંદ સ્વામી ૧૦૪
૧૬. નવલ વસંત નવલ વૃત્તાલય, નવલ શ્રી ધર્મકુમાર...
સદ્‌ગુરુ શ્રી ધર્માનંદ સ્વામી ૧૦૮
૧૭. શ્રી સહજાનંદ સુખકારી, જાઉં મૂર્તિ પર બલિહારી...
સદ્‌ગુરુ શ્રી મહાપુરુષદાસજી ૧૧૨
૧૮. ધન્ય ધન્ય ગઢપુર ધામને જો...
કવિવર દલપતરામ ૧૧૯
૧૯. મને તમારો નેડો લાગ્યો, સ્વામી સહજાનંદ રે...
સદ્‌ગુરુ શ્રી ગોપાળદાસજી ૧૨૮
૨૦. પ્રગટ પુરુષોત્તમનો મહિમા, ધારો ને વિચારોજી...
ભક્તવર્ય કવિ નારાયણદાસ ૧૩૪
૨૧. મારી અવિચળ ચુંકને રાખજો...
સદ્‌ગુરુ શ્રી યુગલદાસ ૧૪૨
૨૨. આજ સો સો વર્ષોના વાણાં વાઈ ગયાં...
રાજકવિ માવદાનજી રત્નું ૧૪૮
૨૩. સજની શ્યામ બિના મૈં દિવાની...
સદ્‌ગુરુ શ્રી ત્યાગાનંદ સ્વામી ૧૫૪
૨૪. સુણ સાહેલી શ્રી ઘનશ્યામ વિના...
સદ્‌ગુરુ શ્રી ધ્યાનાનંદ સ્વામી ૧૫૯

સંદર્ભગ્રંથ સૂચિ ૧૬૬

# કીર્તન માધુરી-૩

# નયનભર કબ દેખું કિરતાર

## ૧

## સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી

સંવત ૧૮૬૦ની સાલમાં શ્રીજીમહારાજ પોતાના સમસ્ત સંતમંડળ સાથે સૌરાષ્ટ્રની ધીંગી ધરા ઉપર રમણ કરી રહ્યાં હતાં તે દરમ્યાન રાજા હઠીસિંહ જાડેજાના ઉષ્માભર્યા આમંત્રણને માન આપીને ગોંડળ પધાર્યા હતા. રાજાએ શ્રીહરિનું ભવ્યાતિભવ્ય સ્વાગત કર્યું.

ગોંડળી નદીના તીરે આવેલા ઉપવનમાં બાંધેલા બેનમૂન બંગલામાં સ્વામીશ્રી સહજાનંદજી મહારાજને ઉતારો આપવામાં આવ્યો. રાજાએ શ્રીજીમહારાજને સોનેમઢી અંબાડીમાં હાથી ઉપર બેસાડી ગોંડળ ગામમાં ભવ્ય શોભાયાત્રા કાઢી. આ ચિરસ્મરણિય શોભાયાત્રામાં ક્ષત્રિય ડોસાભાઈ, વિપ્ર જેઠાભાઈ, મીઠાભાઈ, શેઠ રૂડો અને રાઘવજી, સુથાર જીવરામ અને પ્રાગજી, મુસ્લિમ ભક્ત શેખજી અને જીવન ઇત્યાદિ ગોંડળના અગ્રગણ્ય હરિભક્તોએ અતિ ઉત્સાહભેર ભાગ લીધો. મહારાજની સવારી રંગેચંગે રાજમહેલ પહોંચી

રાજદરબારમાં રાજાએ પ્રભુને પ્રેમપૂર્વક સુવર્ણના સિંહાસન પર બેસાડી તેમની ષોડશોપચારે ભાવપૂર્વક પૂજા કરી. મધ્યાહ્ન થયો હોવાથી મહારાજ મૂળજી અને જેરામ બ્રહ્મચારીએ તૈયાર કરેલ દૂધપાક-પૂરીનો સ્વાદુ થાળ જમ્યા,

પછી સંતોને જમાડી રાજપરિવારને પોતાની પ્રસાદીનો થાળ મોકલાવ્યો. વામકુક્ષિ બાદ મહારાજ ફરી સિંહાસન પર આરૂઢ થયા. રાજા હઠીસિંહ પોતાના સમસ્ત પરિવાર સાથે શ્રીહરિની સમીપે બેઠા.

શ્રીજીમહારાજે રાજાને પૂછ્યું : 'રાજન્, બોલો આપની શી ઈચ્છા છે ? સંતો કીર્તન - ભક્તિ આદરે કે જ્ઞાનવાર્તા કરે?' રાજાએ કાંઈ જવાબ ન આપ્યો. હઠીસિંહ બાપુ હજી અસમંજસમાં હતા. પ્રભુજી પ્રત્યે પારાવાર પ્રેમ હોવા છતાં એમના અંતરમાં સંશયનો કીડો સતત સળવળ્યા કરતો કે આ કળિકાળમાં પ્રગટ પરમાત્માનું પ્રાગટ્ય હોય ખરું ? ખરેખર આ સહજાનંદ સ્વામી ભગવાન હશે ખરા ? હૈયે જે વાત હતી તે હોઠે આવતી નહોતી. મહારાજ એમની મનોવ્યથા પામી ગયા. તેમણે તરત જ સંતોને કીર્તન - આરાધના આરંભવાની આજ્ઞા આપી.

દુકડ, સરોદ અને સિતાર જેવા અનેકવિધ વાદ્યો લાવીને સંતોએ સંગીતની સૂરાવલિ છેડી. મુક્તાનંદ અને મોટા દેવાનંદ સ્વામીએ સરોદના તાર ખેંચ્યા. પ્રેમસખી પ્રેમાનંદ સ્વામીએ દુકડને ટકોરી તૈયાર કર્યા. જ્ઞાનાનંદ સ્વામીએ સિતારના તાર ઝણઝણાવ્યા. સુખાનંદ સ્વામીએ ફૂંક મારી બંસરીમાં પ્રાણ પૂર્યા. વાજિંત્રોના વાદ્ય સંગીતથી વાતાવરણ જામતાં જ મુક્તાનંદ સ્વામી રાગ યમન કલ્યાણનો આલાપ લઈ પોતાનું સ્વરચિત પદ **'નયનભર કબ દેખું કિરતાર'**નું મુખડું ગાવા લાગ્યા.

કીર્તનના શબ્દે શબ્દે સાંભળનારના અંતરમાં ભક્તિભાવમાંથી નૈસર્ગિક રીતે નિષ્પન્ન થતો પ્રભુપ્રેમ

પ્રગટવા લાગ્યો. સ્વામીની આંખોમાંથી એમનો શ્રીહરિ પ્રત્યેનો અદમ્ય અનુરાગ અનરાધાર આંસુરૂપે વહી રહ્યો હતો. અંતરાની કડી - **'સહજાનંદ ચરણ બિન મોકું, જગ સબ જરત અંગાર'** ગાતા સ્વામીની વિરહવ્યથાએ માઝા મૂકી. સુખાનંદે સ્વામીના ખભે હાથ મૂકી એમને ભાવનાની રસસમાધિમાંથી જાગૃત કર્યા. સ્વામીએ અંતિમ ચરણ ગાઈ કીર્તનની સમાપ્તિ કરી.

શ્રીજીમહારાજે અત્યંત પ્રસન્ન થઈને સ્વામીને કહ્યું : 'સ્વામી, તમારા આવા ભક્તિરસથી ભરપૂર પદો અમને અત્યંત ગમે છે. ભક્તના અંતરનો આવો પ્રેમભાવ જ તેને ભગવાનના સ્વરૂપમાં રસબસ કરે છે. તમે મેઘપુરમાં જે કાફી રાગના પદો રચેલા તે હવે રાજા હઠીસિંહને સંભળાવો.' મહારાજનો ઈશારો સ્વામી સમજી ગયા. તેમણે તરત જ કાફી રાગ છેડી **'પ્રગટકે ગુન હમ ગાવે...'** પદ ઉપાડ્યું. આખોય રાજદરબાર મુક્તમુનિના મનમોહક સંગીતની સુરમ્ય સૂરાવલિઓમાં ખોવાઈ ગયો. સ્વામી આજે મન મૂકીને ગાઈ રહ્યા હતા : **'પ્રગટ ભક્તિ અરૂ પ્રગટ પ્રાપ્તિ, પ્રગટ વિના મન નાવે'** રાજાના અંતરમાં આ સાંભળી સહેજ સહેજ અજવાળું થવા લાગ્યું. તેને થયું : 'આ તો બહુ મુદ્દાની વાત થઈ રહી છે. એને ઊંડાણથી સમજવી પડશે.' કીર્તનની સમાપ્તિ થતાં રાજાએ મહારાજને પ્રાર્થના કરતા કહ્યું : 'મહારાજ, આ કીર્તનમાં કવિ શું કહેવા માંગે છે એની જો સુચારુ સ્પષ્ટતા થાય તો અત્રે બેઠેલાં સહુને બહુ સમાસ થાય.' આ સાંભળી મહારાજે મુક્ત મુનિને સાન કરીને કીર્તનનું રસદર્શન કરાવવાની

આજ્ઞા આપી.

મુક્તાનંદ સ્વામી શ્રીજીમહારાજની ચરણવંદના કરી બોલ્યાઃ ‘રાજન્, પ્રગટની ઉપાસનાની વાત જ નોખી છે. સાંભળો... **પ્રગટ કે ગુન હમ ગાવે, પ્રગટ દર્શકું પાવે;**

**પ્રગટ બીના જે ભૂત ભવિષ્ય હૈ, સો સુપને મેં ન ભાવે.’**

અમે તો પ્રગટ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણના જ ગુણ ગાઈએ છીએ અને તેમનાં જ દર્શન કરીએ છીએ. ભગવાનના જે અવતારો ભૂતકાળમાં થઈ ગયા અને ભવિષ્યમાં જે થવાના છે એનો અમને સ્વપ્નમાં પણ સંકલ્પ થતો નથી. આ લોકમાં કેટલાય યોગીઓ અને તપસ્વીઓ પરોક્ષ ભગવાનના ગુણગાન ગાય છે, પરંતુ પ્રગટ પરમાત્માની ઓળખાણ વિના એ બધું કુશકા ખાંડવા બરાબર વ્યર્થ છે. જેમ પ્રગટ જળ વિના તરસ છિપાતી નથી, પ્રગટ સૂર્ય વિના સૂર્યના હજારો ચિત્રની મદદથી અંધકાર ટળતો નથી, સ્વપ્નમાં પંચામૃત ભોજન જમીને તૃપ્તિનો ઓડકાર આવતો નથી તેમ પ્રગટ પરમાત્માની ઉપાસના વિના મુમુક્ષુનું મન ક્યારેય પરોક્ષની ભક્તિથી શાંતિ પામતું નથી.

**‘પ્રગટ મોક્ષ કા પથ બતાવે, પ્રગટ ભાવ ઊર આવે;**

**પ્રગટ નવલ પ્રભુ પ્રગટ પ્રેમરસ, પ્રગટ સો ભરભર પાવે.’**

સાચા સદ્‌ગુરુ જ રાજન્ ! મોક્ષની રાહ બતાવે છે. પ્રગટની ઉપાસના જ કલ્યાણનો પરમ હેતુ છે.’

મુક્ત મુનિના મુખેથી પ્રગટની આવી અદ્‌ભુત જ્ઞાનવાર્તા સાંભળીને રાજા હઠીસિંહના અંતરના સર્વે સંશય ટળી ગયા. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી ઘણીવાર એમ કહેતા :

'મુક્તાનંદ સ્વામી જેવા સંત વાતો કરતા હોય તો બે હજાર માણસોની સભા બેઠી હોય તો પણ એ સર્વેના અંતરના સમાધાન થતા જાય.' સ્વામીના કીર્તનમાં, એમની વાતોમાં અને એમની વાણીમાં એવો પ્રભાવ હતો.*

**કાવ્યકૃતિ :**

**નયનભર કબ દેખું કિરતાર. ટેક.**
**શામરી સુરત માધુરી મૂરત,**
**અધમ જનકે ઉદ્ધાર. નયન.૧**
**દરશ બિના અતિ દુઃસહ વિરહ તન,**
**દુઃખ કો વાર ન પાર. નયન.૨**
**સહજાનંદ ચરન બિન મોકું.**
**જગ સબ જરત અંગાર. નયન.૩**
**મન કર્મ વચને મુકુંદ વચન પર,**
**વાર્યો મૈં વારંવાર. નયન. ૪**

**આસ્વાદ :**

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી જ્ઞાની કવિ છે. એમની વાણીને કવિશ્વર દલપતરામે 'ગંગાના પ્રવાહ' સાથે સરખાવી છે. પરંતુ પ્રસ્તુત પદ મુક્તમુનિને નરસિંહ અને મીરાની કક્ષાથી પણ મુઠી ઉંચેરા પ્રેમીભક્ત તરીકે પ્રસ્થાપિત કરે છે.

અહીં પ્રેમમગ્ન ભક્તહૃદયની મીઠી વિરહવેદનાને કવિએ કમનીય શબ્દોમાં કંડારી છે.

કાવ્યમાં લય તો સ્વાભાવિકપણે હોય છે, પરંતુ લય સ્વર સાથે ભળીને વિયોગવ્યંજનામાંથી વ્યક્ત થાય ત્યારે એમાંથી નીપજતું સંગીત અત્યંત મર્મસ્પર્શી અને ક્યારેક તો

*પ્રસંગ સંદર્ભઃ શ્રી હરિચરિત્રામૃતસાગર (પૂર ત્રીજું, તરંગ-૪૬,૪૭)

હૃદયવિદારક નીવડે છે.

એક સનાતન આધ્યાત્મિક રહસ્ય છે કે જ્યાં સુધી પરમાત્માના પ્રેમમાં પાગલ પ્રેમીભક્તના અંતરમાં પરમાત્માના દિવ્ય સ્વરૂપનો સાક્ષાત્કાર થતો નથી, ત્યાં સુધી એનું અંતર સતત વિરહની આગમાં સળગતું જ રહે છે. પછી ભલેને એ ભક્ત અહોનિશ ભગવાનની સમિપે જ રહેતો હોય ! સ્થૂળ જુદાઈ એ વિરહવ્યથાનું કોઈ કારણ નથી અને સ્થૂળ ભૂમિકા પર થતું મિલન એ વિરહવેદનાનું શમન નથી.

પરંતુ સાધનદશાનું એક સત્ય એ પણ છે કે પ્રિયતમના સંયોગે પાંગરતો પ્રેમ એના વિયોગે વૃદ્ધિ પામે છે. વિરહમાં મનની એક ભાવાત્મક સ્થિતિ બને છે. એ સ્થિતિમાં મન પ્રિયતમ પ્રભુના અંતરસ્થ સ્વરૂપમાં વધુ ને વધુ રસલીન બને છે. પરિણામે વિરહના વિષાદને સ્થાને અંતરમાં પરમાત્મા પ્રત્યેના પ્રગાઢ પ્રેમનો આનંદાત્મક અનુભવ થાય છે. આ આનંદની તન્મય અવસ્થામાં ભક્ત અને ભગવાન વચ્ચે અદમ્ય અનુસંધાન થાય છે.

કવિનો આર્તનાદ છે -

**'નયનભર કબ દેખું કિરતાર...'** નજરો ભરી ભરીને નિરખ્યા પછી પણ એમની આંખો સાંવરિયાની શામરી સુરત અને માધુરી મૂરતને જોવા માટે સતત તડપ્યા કરે છે. પ્રિયતમ પતિતપાવન છે, અધમ ઉધ્ધારક છે એવી કવિને પ્રતીતિ છે. પ્રેમ અને વિરહ એ એક જ સિક્કાની બે બાજુ જેવા છે ! પ્રેમ કરવો એ તો પોતાના પેટમાં જ કટારી મારવા બરાબર છે. વિયોગની વ્યથા અસહ્ય છે. એમાં માત્ર

મન જ નહીં, તન પણ તપ્યા કરે છે. અંતે કવિ કબૂલ કરે છે કે સહજાનંદ પિયુ વિના આ સમગ્ર સંસાર મને હોળીના હુતાશન જેવો ભાસે છે, કારણ કે મન, કર્મ અને વચનથી કવિ એ કામણગારા કિરતાર પર કુરબાન છે!

મુક્તાનંદ સ્વામીએ રાગ યમન કલ્યાણની બંદિશમાં ગાયેલી આ વિરહવિભાવનામાં વિપ્રલંભ વિયોગશૃંગારની વ્યાપક્તા અનુભવાય છે.

મુક્તાનંદ સ્વામી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના આદિ કવિ છે. તેમનું પૂર્વાશ્રમનું નામ મુકુંદદાસ હતું તેથી તેમણે ઘણી રચનાઓ દાસ મુકુંદના નામે કરેલી જોવા મળે છે.

# મૈં બુબનમેં ક્યા રહું...

## ૨

## સદ્ગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામી

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના અષ્ટછાપ કવિઓમાં અગ્રગણ્ય કવિ શ્રી બ્રહ્માનંદે પોતાની ભક્તિકવિતામાં બ્રહ્મબોલના પડછંદા ગજાવ્યા છે. એમનો જન્મ સં. ૧૮૨૮ના મહા સુદ વસંતપંચમીએ ગિરિરાજ આબુની તળેટીમાં આવેલા શિરોહી રાજ્યના ખાંણ ગામમાં થયો હતો. એમનું પૂર્વાશ્રમનું નામ લાડુદાન હતું. એમના પિતા શંભુદાન ગઢવી શિરોહીના મહારાવશ્રીના રાજકવિ હતા.

લાડુદાને બાલ્યકાળમાં ગામના પૂજારી શિવશંકર પાસે પ્રારંભિક વિદ્યાભ્યાસ કર્યો. એકવાર તેઓ પિતાશ્રી સાથે રાજદરબારમાં ગયા ત્યારે આ બાલકવિની કેટલીક શીઘ્ર રચનાઓ સાંભળી મહારાવશ્રી અત્યંત પ્રભાવિત થયા. એ સમયે આખાય ગુજરાત અને રાજસ્થાનમાં કચ્છના ભુજ ગામમાં ચાલતી 'શ્રી લખપતી વ્રજભાષા પાઠશાળા' અત્યંત ખ્યાતનામ હતી. તેમાં લાડુદાનને રાજના ખર્ચે ભણવા મોકલવાનું રાજાએ સૂચન કર્યું. રાજાની આજ્ઞા માની પિતા શંભુદાને ભારે હૈયે અઢાર વરસના લાડુદાનને ભુજની કાવ્યશાળામાં પિંગળશાસ્ત્રના વિશદ્ અભ્યાસ માટે મોકલ્યા. પાઠશાળાના આચાર્ય રાજકવિ શ્રી અભયદાનજી પાસે દશ વરસ રહી લાડુદાનજીએ પિંગળ અને ચારણી સાહિત્યનો

તલસ્પર્શી અભ્યાસ કર્યો. એટલું જ નહીં એમણે સાહિત્યના અનેક વિરલ ગ્રંથો વાંચી શતાવધાન અને સહસ્રાવધાન જેવી વિશિષ્ટ વિદ્યાઓમાં પણ પ્રાવિણ્ય પ્રાપ્ત કર્યું.

ભુજની કાવ્યશાળાનો અભ્યાસ પૂર્ણ કરી કવિરાજ લાડુદાન ભુજથી ધમડકા આવી ત્યાંના જગપ્રસિદ્ધ સંગીતાચાર્ય પંડિત શ્રી વિજયકુશળજી ભટ્ટાચાર્ય પાસે શાસ્ત્રીય સંગીત તથા સંસ્કૃત વાઙ્મય શીખ્યા. ધમડકામાં લાડુદાનજીને પોતાના પિતાશ્રી શંભુદાનજીના ગુરુ સદ્‌ગુરુ રામાનંદ સ્વામીનો અનાયાસે મેળાપ થઈ ગયો. સ્વામીશ્રીના અમોઘ આશીર્વાદ મેળવી કવિરાજ ધ્રાંગધ્રા, માળિયા અને મોરબી થઈ જૂનાગઢ આવ્યા. જૂનાગઢમાં લાડુદાનજીએ ત્યાંના નવાબ હામીદખાનજીને પોતાની કવિત્વશક્તિથી એટલા બધા પ્રભાવિત કરી નાંખ્યા કે નવાબે પોતાના શાહજાદા બહાદૂરખાનને એમની પાસે સંગીત અને ગઝલ - નઝમ શીખવા માટે મોકલ્યા. ત્યાંથી કવિ પાલીતાણા થઈને ભાવનગર આવ્યા.

ભાવનગરના મહારાજા વજેસિંહ બાપુએ એમનું ભવ્ય સન્માન કર્યું. મહારાજાએ કવિને શિરપાવ તરીકે સુવર્ણ આભૂષણો આપવાના આશયથી વેઢ, વીંટી, બાજુબંધ વગેરે દાગીનાનું માપ લેવા માટે રાજુલાવાળા નાગદાન સોનીને બોલાવ્યા. સોની મહાજન ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત સત્સંગી હોવાથી તેમણે લલાટે ઊર્ધ્વપુંડ્ર તિલક અને કુમકુમનો ચાંદલો કર્યો હતો. એ જોઈને કવિએ રમૂજ કરી : ‘મહાજન, આ ભેંશ ભડકામણું તિલક શેનું છે?’ નાગદાને નમ્રતાથી ખુલાસો કર્યો :

'કવિરાજ, હું ભગવાન સ્વામિનારાયણનો આશ્રિત સત્સંગી છું, આ એનું તિલક છે.'

ત્યારે વજેસિંહ બાપુએ વચમાં ટાપસી પૂરતા કહ્યું : 'કવિરાજ, અમારા રાજ્યમાં આવેલા ગઢડા ગામમાં એ સ્વામિનારાયણનો નિવાસ છે. એમને આ બધાં શ્રદ્ધાળુઓ ભગવાન માનીને પૂજે છે...'

કવિએ આ સાંભળીને પોતાની મુછે વળ દેતા કહ્યું : 'બાપુ, અમે ચારણ ખાત્રી કર્યા વિના એમ લોલેલોલ કોઈને ભગવાન ન માનીએ. તમે કહેતા હોવ તો હું જાતે અબઘડી ત્યાં જઈને ખાત્રી કરી આવું કે એ ભગવાન છે કે ધતિંગ ?'

વજેસિંહજીને તો એટલું જ જોઈતું હતું, તેથી તેમણે તો તરત જ હા ભણી, પરંતુ નાગદાન સોનીએ મર્મમાં એટલું કીધું: 'કવિરાજ, મીઠાની ભરેલી કોથળી ખારા સમુદ્રનો તાગ લેવા જાય તે પાછી આવે ખરી ?'

ભગવાન સ્વામિનારાયણની કસોટી કરવાનો આ પ્રયોગ જ કવિ લાડુદાનના જીવનમાં આમૂલ ક્રાંતિ સર્જક બન્યો.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની તવારીખ ગવાહ છે કે પછી લાડુદાનના જીવનમાં શું બન્યું ? સાગરનો તાગ લેવા નીકળેલી એ મીઠાની કોથળી ઓગળીને સાગરમાં સંપૂર્ણપણે સમાઈ ગઈ. રાજકવિ લાડુદાનજી અંતે ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય આશ્રિત બન્યા. થોડા દિવસ પછી એકવાર સાંજની સભામાં એભલખાચર અને જીવાખાચરે શ્રીજીમહારાજને પ્રાર્થના કરી: 'મહારાજ, અમે સાંભળ્યું છે કે કવિરાજ લાડુદાનજી શતાવધાની અને

સહસ્ત્રાવધાની છે. જો આપ આજ્ઞા આપો તો એક વિરાટ સભાનું આયોજન કરી આપણે સૌ એમની એ અદ્‌ભુત કળાનો લાભ લઈએ.'

શ્રીજીમહારાજની આજ્ઞા મળતાં લક્ષ્મીવાડીમાં વિશાળ શમિયાણો બાંધી લાડુદાનજીના શતાવધાન અને સહસ્ત્રાવધાનના જાહેર પ્રયોગનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. શ્રીજીમહારાજની અધ્યક્ષતામાં યોજાયેલી વિરાટ સભામાં ઉપસ્થિત કાઠી દરબારો, અમીર ઉમરાવો, સંત સમુદાય, વિદ્વાન શાસ્ત્રીઓ તથા ભાવનગર રાજ્યના હજારો નાગરિકો સમક્ષ શ્રીજીમહારાજની આજ્ઞાથી શતાવધાન પ્રયોગ પ્રારંભ કરતા કવિરાજ લાડુદાનજીએ જણાવ્યું: 'જેને જે જે વિષય ઉપર પ્રશ્નો પૂછવા હોય તેઓ મને ખુશીથી પૂછી શકે છે, દરેકને મારી સાથે સંવાદ કરવાની છૂટ છે.'

સૌ પ્રથમ કાઠી દરબારોએ કાઠીકળા રચી અનેક પ્રકારે કવિરાજની કસોટી કરી. ત્યારબાદ શતાવધાન પ્રયોગ દરમ્યાન જુદી જુદી કામગીરી કરવા એક સો માણસોને તેઓના સાધનો સહિત આસપાસ હાજર રાખેલા હતા, તે સૌ પોતપોતાનું સોંપેલું કાર્ય કરવા લાગ્યા. ગણિતના હિસાબો, ગ્રહો, નક્ષત્રો, સૂર્ય - ચંદ્ર વગેરેની ગતિઓના હિસાબો, અણઉકેલ્યા કોયડાઓ, ઉખાણાઓ, ગૂઢાર્થવાળાં કાવ્યો, ભજનો, પાદપૂર્તિઓ, ઘડિયાળના ડંકાઓ, ઘોડાના કાવાઓ, કાવ્યોના ભાષાન્તરો, અનેક બાબતોની ચર્ચાના સવાલ - જવાબો, ગુજરાતી, કચ્છી, મરાઠી, મારવાડી, વ્રજ, ઉર્દૂ અને સંસ્કૃત

એ સાત ભાષાઓના કાવ્યો, નવીન શીઘ્ર કાવ્યો, વશીકરણ પ્રયોગો ઈત્યાદિ એક સો કાર્યો એક પણ ભૂલ વિના માત્ર એક જ કલાકની અંદર એવી તો કુશળતા અને ચાલાકીથી કવિરાજે કરી બતાવ્યા કે જોનારાઓ અચંબો પામી ગયા.

અંતે અધ્યક્ષ સ્થાનેથી ઉપસંહાર સ્વરૂપે શ્રીજીમહારાજે કવિરાજને ત્રણ માર્મિક પ્રશ્નો પૂછ્યાઃ 'તમે કોણ છો? ક્યાંથી આવ્યા છો ? અને હવે તમે ક્યાં જવાના છો ?'

શ્રીહરિના ગૂઢ પ્રશ્નોના સરળ શબ્દોમાં જવાબ આપતા કવિએ મહારાજને પ્રણામ કરીને કહ્યુંઃ 'મહારાજ, હું બ્રહ્મ છું. બ્રહ્મધામમાંથી આવ્યો છું અને પાછા બ્રહ્મધામમાં જ જવું છે.' પોતાના આ આખરી જવાબને વધુ વિસ્તારથી સમજાવવા માટે કવિએ શીઘ્ર એક ઉર્દૂ ગઝલ રચીને સભામાં ગાઈ સંભળાવીઃ

**'મૈં બુબન મેં ક્યા રહું, મેરા દિલ લુભાના વે;**
**અંતર દીઠું દેખતાં, જાહીર જનાના વે.'**

કવિરાજ લાડુદાનજીનો મનમાન્યો જવાબ અનેરી પ્રભુ મહિમાની મસ્તીવાળી ગઝલરૂપે સાંભળી શ્રીજીમહારાજે અત્યંત પ્રસન્ન થઈને માથે બાંધેલી સોનેરી પાઘ સહિત પોતાનો જરિયાન પોષાક અને સુર્વણ અલંકારો મહાકવિને બક્ષિસરૂપે આપી તેમને પોતાની પ્રસાદીનો મોગરાના પુષ્પનો હાર પહેરાવી 'બોલો બ્રહ્મપુરુષની જય' એવો પ્રગલ્ભ શબ્દધ્વનિ કરી લાડુદાનજીનું અલૌકિક અભિવાદન કર્યું. ઉપસ્થિત વિરાટ માનવ મેદનીએ જયઘોષનો પ્રતિધ્વનિ કરી સમગ્ર વાતાવરણને સમુલ્લાસથી

ભરી દીધું.*

**કાવ્યકૃતિ :**

**મૈં બુબનમેં ક્યા રહું, મેરા દિલ લુભાના વે;**
**અંતર દીદું દેખતાં, જાહીર જનાના વે. ટેક.૧**
**મોજ કરી મુજ ઉપરે, અઢળક ઢળ્યા હૈ વે;**
**આસ લગીઆં ઉનસે, માશુક મિલા હૈ વે. મૈં. ૨**
**ગુંગેકું જબ ગુડ મિલ્યા, તબ ક્યા બખાને વે;**
**અંતરજામી અંતરે, સબ બાત જાને વે. મૈં. ૩**
**ગુલતાન ચડ્યા રંગ ગેબકા, અલમસ્ત અલ્લા હિ વે;**
**'લાડુ' કહે હરદમ સે, અબ લ્હે લગાડી વે. મૈં. ૪**

**આસ્વાદ :**

ભગવાન સ્વામિનારાયણે ભરી સભામાં જેમને 'બ્રહ્મપુરુષ' કહીને નવાજ્યા હતા તે લાડુદાન ગઢવી ઉર્ફે સદ્ગુરુ બ્રહ્માનંદ સ્વામી સંપ્રદાયના સંતકવિઓ રૂપી નક્ષત્રમંડળમાં સૂર્ય સમાન શોભે છે.

આત્મજાગૃતિ આવ્યા પછી પ્રભુનિષ્ઠ પ્રેમી ભક્તના અંતરમાં કેવા ભાવ પ્રગટે છે તેનું રોચક નિરુપણ કવિએ પ્રસ્તુત સૂફી છાંટવાળી ઉર્દૂ ગઝલમાં કર્યું છે.

રાજકવિ લાડુદાનજી એક વિચક્ષણ રાજપુરુષ હતા, ભાવનગર નરેશે સહજાનંદ સ્વામીની કસોટી કરવા માટે એમને ગઢપુર મોકલ્યા હતા. પરંતુ સહજાનંદ સ્વામીને મળ્યા પછી એમને સમજાઈ ગયું કે જે પરાત્પર પરબ્રહ્મની ખોજમાં પોતે જન્મોથી ભટકે છે એ જ આ પ્રગટ પરમાત્મા

*લાડુદાનજી (સદ્ગુરુ બ્રહ્માનંદ સ્વામી)ના જીવનનો આ અંતિમ શતાવધાન પ્રયોગ હતો. (પ્રસંગ સંદર્ભ : શ્રી બ્રહ્મ સંહિતા - પ્ર. ૩, અ.૪)

છે. જે ઘડીએ લાડુદાને સહજાનંદને પરાત્પર પરબ્રહ્મરૂપે ઓળખ્યા એ ઘડી પણ ધન્ય થઈ ગઈ. પરબ્રહ્મની પિછાણ થયા પછી બ્રહ્મ દેહ કે ઘર-સંસારમાં શા માટે આસક્ત રહે? તેથી કવિ કહે છે - **'મૈં બુબન મેં ક્યા રહું, મેરા દિલ લુભાના વે.'** બુબન ફારસી શબ્દ છે. અહીં તે ઘર યા સંસારના અર્થમાં પ્રયોજાયો છે.

અંતરમાં આત્મપ્રકાશનું અજવાળું થતાં કવિને જાહેરમાં પરબ્રહ્મનું માનુષી સ્વરૂપ ઓળખાયું અને એમનું દિલ એમાં લોભાઈ ગયું. હવે હું શા માટે દેહ અને દેહના સંબંધીઓથી ઘેરાયેલા આ તુચ્છ સંસારમાં બંધાઈ રહું ?

બીજા અંતરામાં સૂફીમતની છાંટ સ્પષ્ટ વર્તાય છે. પ્રિયતમાભાવે પ્રિયતમ પ્રભુને પ્રેમ કરવો એ પ્રેમલક્ષણા ભક્તિનું પ્રધાન લક્ષણ છે. જ્યારે સૂફીમતમાં આશક ભાવે પરવરદિગારને માશૂક (પ્રિયતમા) માનીને તેમની સાથે મહોબ્બત કરવાની હોય છે. કવિ કહે છે : મને જન્મોથી જેની લગની લાગેલી તે પરમાત્મા આજે મારી પ્રિયતમા બનીને મને ચાહે છે અને મારી ઉપર અઢળક ઢળીને પોતાની બેપનાહ મહોબ્બત મને આપે છે. હવે મારી હાલત તો એવી થઈ છે જેમ મુંગા માણસને કોઈ ગોળ ખવડાવી તેનો સ્વાદ પૂછે તેમ મને જે પ્રાપ્તિ થઈ છે તેનો મહિમા હું શબ્દોમાં વર્ણવી શકું તેમ નથી. પરંતુ મારા અંતરની સઘળી વાત અંતરયામી પ્રભુ તો જાણે જ છે ને?

છેલ્લા અંતરામાં પોતાના દિલની કેફિયત પેશ કરતા કવિ કહે છે : હવે તો મને મારી માશૂક પ્રત્યેની મહોબ્બતનો એવો ગેબી રંગ ચડ્યો છે કે એના પ્યારમાં

ગુલતાન થઈ હું અલમસ્ત દિવાનો બની ગયો છું. હવે તો હરદમ મને એના પ્રેમની લત લાગી ગઈ છે. માટે જ હું વારંવાર કહું છું કે હવે હું શા માટે આ તુચ્છ સંસારમાં રહું?

પદ હિન્દી - ઉર્દૂમાં હોવા છતાં એમાં તળ ગુજરાતીપણું મહેંકે છે. સહજ રીતે અને મધુરતાથી ભર્યો ભર્યો આ દ્વિભાષિક વિનિયોગ વિષયને તેમ જ કથ્યને વધુ જીવંત બનાવે છે.

# હાં રે તેરી સાંવરી સુરત છટાદાર

## ૩

## સદ્‌ગુરુ શ્રી પ્રેમાનંદ સ્વામી

ધરમપુરના રાજરાણી કુશળકુંવરબાએ તેમના દીવાન અને તેના પત્નીને અઢળક ભેટ સોગાદો અને મોટા રસાલા સાથે શ્રીજીમહારાજને શિરપાવ આપવા માટે ગુજરાતમાં મોકલ્યા હતા. એ વખતે શ્રીહરિ ઘોડાસરના રાજાના આમંત્રણને માન આપીને તેમના મહેલમાં મહેમાન બન્યા હતા. તેથી ધરમપુરનો રસાલો પણ મહારાજને મળવા માટે ઘોડાસર પહોંચ્યો.

દીવાન અને તેના પત્નીએ શ્રીજીમહારાજનું ષોડશોપચારે પૂજન કરી મહારાણીએ મોકલેલ કિંમતી નજરાણું ભેટ ધર્યું. મહારાજે મંદ મંદ મુસ્કાન સાથે પોતાની પ્રસન્નતા દર્શાવી. એ વખતે શ્રી સહજાનંદ સ્વામીની સાંવરી સુરત અને છટાદાર વ્યક્તિત્વ નિરખીને દીવાન પત્નીનું મન મહારાજમાં લુબ્ધ થઈ ગયું. ભીને વાન ભગવાનની મોહિની મૂરત એ કામિનીના કોમળ કાળજાને કોરી ગઈ. એને થયું: વાહ! આવું મોહક રૂપ, આવું વાક્ચાતુર્ય, આવી છટાદાર ચાલ... જિંદગીમાં ક્યારેય કોઈના જોયા નથી! રસાલાના ઉતારે પાછા આવ્યા પછી પણ એ વનિતાનું ચંચળ મન વારંવાર મહારાજને મળવા માટે ઝંખી રહ્યું. પોતાની ઈચ્છાપૂર્તિ માટે તેણે યુક્તિ કરીને દીવાન સાથે મહારાજને

પોતાના ઉતારે ભોજન માટે પધારવા નિમંત્રણ મોકલ્યું. દીવાન પત્નીને પોતાના રૂપ અને ચાતુર્યનો ગર્વ હતો, તેથી અજ્ઞાનવશ એને મહારાજને વશ કરવાના કોડ જાગ્યા. શ્રીજીમહારાજ તો અંતર્યામી હતા. દીવાન પત્નીનો પડકાર મનોમન ઝીલી લેતાં તેમણે તેના નિમંત્રણનો સહર્ષ સ્વીકાર કર્યો.

બીજે દિવસે ભોજન વેળાએ પાલખીમાં બિરાજીને મહારાજ દીવાનના ઉતારે પધાર્યા. દીવાન પત્નીએ જાતે જ શ્રીહરિ માટે છપ્પનભોગ તૈયાર કર્યા હતા. કલાત્મક બાજોઠ ઉપર મશરૂની ગાદી બિછાવી તેની ઉપર શ્રીજીમહારાજને બિરાજમાન કરી સોનાના થાળમાં વિવિધ વ્યંજનો પિરસી દીવાન પત્ની સોળે શણગાર સજીને સામે બેઠી. પોતાના નયન કટાક્ષ, ભાવ-ભંગિમા અને વાક્ચાતુર્ય દ્વારા મહારાજને પ્રભાવિત કરી તેમના ભગવાનપણાની એ કસોટી કરવા માગતી હતી. તેણે મનમાં ધારેલું કે જો આ સલુણા સહજાનંદ ભગવાન કહેવાય છે, તો એ જમવાની કળામાં પણ પારંગત હોવા જોઈએ.

દીવાન પત્નીએ અતિશય ચતુરાઈથી યુક્તિપૂર્વક થાળ પિરસ્યો હતો. શ્રીજીમહારાજ પણ એવી કુશળતાથી જમવા લાગ્યા કે નખથી ઉપરની આંગળીઓ બગડે નહીં અને એક પછી એક વાનગી ગ્રહણ કરી માપસરનો ગ્રાસ મુખમાં આરોગે. શ્રીજીમહારાજનું ભોજન કરવામાં આવું અદ્ભુત ચાતુર્ય નિહાળીને એ ચતુરા દિગ્મૂઢ થઈ ગઈ. જેને પોતે પ્રભાવિત કરવા નીકળી હતી તેનાથી જ પોતે પ્રભાવિત થઈ ગઈ. ચંચળ નયને તે મહારાજના મુખારવિંદની

લાવણ્યમયી કાંતિનું રસપાન કરતી રહી, પરંતુ ભગવાનની નિર્ગુણ રૂપમાધુરીથી નિષ્કામ થવાને બદલે તે દેહાભિમાની માનુની પ્રભુના રસિકરૂપથી મોહિત થવાથી કામદેવે તેના અંતરમાં પ્રવેશ કર્યો. અત્યારે તેને મન સહજાનંદ સ્વામી, પુરુષોત્તમ નારાયણ નહીં, પણ સર્વોત્તમ પુરુષ માત્ર જ હતા. પરિણામે તે મહારાજને પોતાના સૌંદર્ય પ્રતિ આકર્ષવા વિવિધ ભાવ ભંગિની દ્વારા પોતાનો રૂપવિલાસ પ્રગટ કરવા લાગી.

પરંતુ એ તુચ્છ બુદ્ધિની લલના ક્યાં જાણતી હતી કે આજે એની સામે માત્ર કોઈ પ્રભાવશાળી પુરુષ જ નહીં, મહારાજાધિરાજ અનંત કોટિ બ્રહ્માંડનાયક પરાત્પર પરબ્રહ્મ સ્વયં બિરાજમાન છે. શ્રીહરિએ તેના અંતરના મલિન ભાવોને પામી જઈને તરત જ ઊલટી કરીને એનું સઘળું અન્ન ઓકી કાઢ્યું. દીવાન પત્ની આ જોઈ એકદમ ડઘાઈ ગઈ. એની બધી આશાઓ, અરમાનો પત્તાના મહેલની જેમ તૂટી પડ્યા. છતાં પણ એના અંતરમાં જન્મેલો મોહજ્વર નિઃશેષપણે હજી નાબૂદ નહોતો થયો.

ઘોડાસરથી શ્રીજીમહારાજ ડભાણ પધાર્યા અને ડભાણમાં મહાયજ્ઞ સંપન્ન કરી ત્યાંથી અમદાવાદ સીધાવ્યા. ત્યારે દીવાન પત્ની પણ પોતાના પતિ સાથે અમદાવાદ પહોંચી. યોગાનુયોગે એ વેળા અમદાવાદમાં સાંખ્યયોગી બહેનોએ મહારાજ અને સંતોને રસોઈ આપી હતી. શ્રીજીમહારાજ થાળ જમ્યા પછી બહેનોની પંક્તિમાં પિરસવા પધાર્યા. એ વખતે મહારાજે સુંદર જરિયાન વસ્ત્રો પહેર્યાં હતાં. માથે જરકસી સોનેરી પાઘ અને કંઠે મોતીની માળાઓ ધારણ કરી

હતી. શ્રીહરિના કાનમાં કલાત્મક મકરાકાર કુંડળો શોભી રહ્યાં હતાં. મહારાજની મધુરી મુસ્કાનથી એમના ગાલે પડતા ખંજનમાં સૌનું ચિત્ત ચોંટી જતું હતું.

બહેનોની પંક્તિમાં જમવા માટે ધરમપુરના દીવાનની પત્ની પણ બેઠી હતી. મહારાજની મોહક અદાઓને એ રમણી રસિક નજરે નિરખી રહી હતી. એકાએક શ્રીજીમહારાજે તેના તરફ સહજ નજરે જોયું અને ચાર આંખો એક થતાં જ અદ્‌ભુત ચમત્કાર સર્જાયો. મહારાજના નેત્રોમાંથી વહેતી સહસ્ત્ર અમીધારાઓમાં દીવાન પત્નીની સર્વ વૃત્તિઓ તદાકાર થઈ ગઈ. જટાજૂટ શંકરના ત્રિનેત્રમાંથી નીકળેલી અગનવર્ષાએ જેમ અનંગને બાળીને ભસ્મીભૂત કરી નાંખ્યો હતો, તેમ આજે શ્રીહરિના પ્રેમાળ નયન કટાક્ષોમાંથી વર્ષેલા દિવ્ય પ્રેમે એ અબળાના અંતરને અજવાળી હરિરસમાં રસલીન કરી દીધું. સાથે સાથે સર્વ સાંખ્યયોગી બહેનોની વૃત્તિપણ મહારાજની મૂર્તિમાં એકાકાર થઈ ગઈ.

મહારાજે પંગતમાં પિરસી દીધું પણ કોઈની સૂરત ભોજનમાં રહી નહોતી. સલુણા સહજાનંદની સાંવરી સુરતની રસિક રૂપમાધુરીનો કિંચિત્ પણ રસાસ્વાદ કર્યા પછી હવે આ લોકના છપ્પનભોગ પણ એ અબળાઓ માટે અકારા થઈ પડ્યા, તેથી કોઈ કાંઈ જ જમી ન શક્યું. પ્રભુએ આજે એક અલ્પજીવના કલ્યાણ અર્થે અનેકને પોતાની અલૌકિક મૂર્તિનું મહાદાન દઈ દીધું.

આ મહાપર્વ પ્રસંગે પ્રેમસખી પ્રેમાનંદ સ્વામી હવેલીની ઊંચી અટારીએ ઊભા ઊભા મહારાજની આ દિવ્યલીલાનું

રસપાન કરી રહ્યા હતા. એમનું કવિહૃદય મહારાજનું મનભાવન રૂપમાધુર્ય નિરખીને તત્કાળ ગાઈ ઉઠ્યું:

**'હાં રે તેરી સાંવરી સુરત છટાદાર...**
**મન હરે પ્રાણ હરે...'**

આખું ય વાતાવરણ ભક્તિરસથી તરબોળ હતું. ભાવનાની રસસમાધિમાં આજે નારીભક્તોનો સમગ્ર સમુદાય પરાત્ર પરબ્રહ્મના દિવ્યાતિદિવ્ય સ્વરૂપસુખમાં રસલીન બન્યો હતો. આખો ય માહોલ અલૌકિક આનંદની પરાકાષ્ઠાએ પહોંચ્યો હતો, ત્યારે કોઈ પુરુષ નહોતું કે કોઈ સ્ત્રી નહોતું. બધાં જ પુરુષોત્તમ બનીને મહારાજની મૂર્તિમાં મગ્ન બન્યા હતા.

એજ દિવસે રાત્રિ સભામાં પ્રેમસખીએ ઠુમરી રાગમાં આલાપન કરીને આ પદ ગાયું ત્યારે શ્રીહરિએ અત્યંત પ્રસન્ન થઈને એમ વર દીધો કે આ પદનું શ્રદ્ધાપૂર્વક ગાન કરનારનું અંતર તત્કાળ નિર્વાસનિક થશે.

**કાવ્યકૃતિ :**

**હાં રે તેરી સાંવરી સુરત છટાદાર (૨)**
**મન હરે પ્રાન હરે — ટેક.**
**ચલત મેરો રે, હસી ચિત્ત ચોરે;**
**હાં રે બસ કર લીની સબ બ્રજનાર. — મન. ૧**
**શિર જરકસી ચીરા, પહેરે પટ પીરા;**
**હાં રે તેરે ઉર બીચ મોતીયુંદા હાર. — મન. ૨**
**ધર્મદે સલોના જાને કછુ ટોના,**
**હાં રે મેરો મન બસ કીનો મોરે યાર. — મન. ૩**

**પ્રેમાનંદ હરિકૃષ્ણ છબી તેરી,**
**હાં રે નિત રાખત ઉર બીચ ધાર. મન. ૪**

**આસ્વાદ :**

ભારોભાર ભક્તિશૃંગારથી ભરેલી આ કવિતા પ્રેમસખી પ્રેમાનંદની અનેક શ્રેષ્ઠ રસિક રચનાઓ પૈકીની એક છે. વ્રજભાષાના અષ્ટછાપ કવિઓની સીધી અસર અહીં વર્તાય છે.

પોતાના ઈષ્ટ આરાધ્યના નિત્ય નવીન સૌંદર્યના સુખદ અને મંદમંદ પરિવર્તનોમાં ચિત્તને પરોવી રાખવું, એની મધુસ્મૃતિ અને સુખાનુભાવોમાં મનને રસલીન રાખવું, મિલન-પ્રાપ્તિના સુખનો ધીરે ધીરે આસ્વાદ કરવો અને હૃદયમાં ઉદ્ભવતા સૂક્ષ્મ પ્રણય સંવેદનોને ભાવુકતાથી પ્રગટ કરવા એ જ ભક્તિશૃંગારરસ છે!

કાવ્યનો ટેક ચિત્તાકર્ષક છે. કવિ પોતાના સ્વેષ્ટ શ્રી સહજાનંદજીને ઉદ્દેશીને જ ઉપાલંભના સૂરમાં કહે છે - **'તેરી સાંવરી સુરત છટાદાર... મન હરે પ્રાન હરે...'** શું કરીએ? તારું આ અલૌકિક રૂપ અમારા માત્ર મન જ નહીં, પ્રાણ પણ હરી લે એવું અદ્ભુત છે. પ્રેમસખી ગોપીભાવે પ્રિયતમ પાતળિયા સાથે સ્વગત સંવાદ સાધે છે. સલુણા સહજાનંદની સાંવરી સુરત અને છટાદાર વ્યક્તિત્વ કવિના કોમળ કાળજાને કોરી જાય છે.

બીજા અંતરામાં કવિ કહે છે -

**'ચલત મેરો રે હસી ચિત્ત ચોરે,**
**હાં રે બસ કર લીની સબ બ્રજનાર.'**

પૂર્વાપર પ્રસંગના સંદર્ભમાં કવિ કહે છે કે પ્રભુ જ્યારે

પંગતમાં હસીને પીરસવા આવ્યા ત્યારે જમવા બેઠેલી બધી જ નારીઓના ચિત્તને મહારાજની એક મુસ્કાને પોતાના વશમાં કરી લીધાં.

આ કોઈ દંતકથા નથી, નક્કર હકીકતરૂપ ઐતિહાસિક ઘટના છે.

આ પ્રસંગને ઉલ્લેખીને સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી તેમની વાતોમાં કહે છે : 'એક જ સ્ત્રીની વાસનાનો નાશ કરવા વાસ્તે શ્રીજીમહારાજના સંબંધે બધી જ સ્ત્રીઓનો કામ બળી ગયો અને એ સર્વે પુરુષમાત્રના દેહની ગંધ આવે ત્યારે તરત જ ઊલટી થઈ જાય એવી અક્ષરધામના મુક્તોની પંક્તિના પદપર આરૂઢ થઈ ગઈ.'

ત્રીજા અંતરામાં રસરાજ શૃંગારનું રસિક નિરૂપણ રસેશ પરમાત્મા પ્રત્યે કરતાં કવિ ગાય છે :

**'શિર જરકસી ચીરા, પહેરે પટ પીરા.**
**હાં રે તેરે ઉર બીચ મોતીયુંદા હાર.'**

પિયુએ માથે જરકસી ફેંટો બાંધી કમર પર કસીને દુપટ્ટો પહેર્યો છે. એના ગળામાં મોતીઓની માળાઓ શોભે છે. કવિએ 'મોતીયુંદા' શબ્દમાં પંજાબી ષષ્ટી વિભક્તિનો 'દા' પ્રત્યય વાપરીને કમાલ કરી છે.

પ્રેમસખીમાં રહેલો ગોપીભાવ હવે વધુ પ્રગલ્ભપણે મુખરિત થાય છે. મધુર ઉપાલંભ આપતા પ્રેમાનંદ પ્રાણેશ્વર પ્રભુને કહે છે : ધર્મકુંવર! તમે જરૂર કોઈ જાદુટોના જાણતા લાગો છો! નહીં તો એક સાથે આટલી બધી લલનાઓ શી રીતે તમારી માધુરી મૂરતમાં મગ્ન થઈ જાય? અરે... બીજાની વાત તો છોડ... યાર, મારા મીત... તેં તો મારું

જ મન તારા સ્વરૂપમાં એવું તો વશ કરી રાખ્યું છે કે બસ રાતદિવસ તારા સિવાય મને કાંઈ સૂઝતું જ નથી. પ્રેમસખીનો પ્રેમાલાપ હવે એની પરાકાષ્ઠાએ પહોંચે છે.

અંતિમ અંતરામાં કવિ પોતાના પ્રેમનો પ્રામાણિક એકરાર કરતા કહે છે : હે હરિકૃષ્ણ! હું મારા અંતરમાં અખંડ તારી મૂર્તિને - તારા સ્વરૂપને ધારી રાખું છું, કારણ કે તારી છટાદાર મૂર્તિ મારા હૈયામાં સોંસરી ઊતરી ગઈ છે.

ભક્ત અને ભગવાન વચ્ચેનો ભાવાત્મક સંબંધ પ્રેમના મધુર માધ્યમ દ્વારા કવિએ અહીં સિધ્ધ કરી બતાવ્યો છે. રાગ ઠુમરીમાં એની બંદિશ કાવ્યના ભાવ અને કથ્યને વધુ સચોટ અને પ્રાસાદિક બનાવે છે.

## ક્યૂં પાયે ઘર દુર, બંદે! ક્યૂં પાયે ઘર દુર

## ૪

## સદ્‌ગુરુ શ્રી નિષ્કુળાનંદ સ્વામી

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી બહુમુખી પ્રતિભાસંપન્ન એક વિરલ વિભૂતી હતા. જન્મજાત કાષ્ઠકલા અને શિલ્પ સ્થાપત્યના આ કુશળ કલાકારે તીવ્ર વૈરાગ્ય પ્રાપ્ત થતાં સંસારનો ત્યાગ કર્યો, પરંતુ પછી પણ એમણે પોતાની આ ઈશ્વરદત્ત કલાના સર્વ કસબનો સુંદર વિનિયોગ શ્રીજીમહારાજની પ્રસન્નતાર્થે સંપ્રદાયના અનેક મંદિરોની દૃષ્ટાંતરૂપ સેવામાં કર્યો હતો.

ગઢડામાં કલાત્મક અક્ષર ઓરડી, ધોલેરા મંદિરના કમાડની બેનમૂન બારસાખ, વડતાલ મંદિરનો ભવ્ય દરવાજો તથા જ્ઞાનબાગમાં આવેલો બાર બારણાનો કાષ્ઠહિંડોળો એમની સર્જકતાના સીમાચિહ્નો છે!

શ્રીજીમહારાજે તો એમને ગઢડા મંદિરના મહંત બનાવવાનો પોતાનો મનસુબો પ્રગટ કર્યો હતો, પરંતુ વૈરાગ્યમૂર્તિ નિષ્કુળાનંદે તો એ ઉપાધિ પોતાના ત્યાગ-વૈરાગ્યમાં વિઘ્નરૂપ માની સૌરાષ્ટ્રના શુષ્ક પ્રદેશમાં આવેલા ધોલેરા મંદિરના મહંત બનવાનું સ્વીકાર્યું. ત્યાં જઈને પણ તેઓ પગ વાળીને મહંતની ગાદીએ બેસી ન રહ્યા, દિવસરાત કારીગરો સાથે મંદિરના સ્થાપત્યને સુશોભિત બનાવવા માટે મથ્યા કરતા. એમાંથી સમય મળે એટલે

સંપ્રદાયના સાહિત્યને સમૃદ્ધ કરવા માટે લેખન કરતા. વળી પ્રતિદિન સંધ્યા આરતી પછી મંદિરના સભા મંડપમાં યોજાતી ધર્મસભામાં મુમુક્ષુઓને જ્ઞાન - વૈરાગ્યની વાતો દ્વારા સમ્યક્ સમજણ આપતા.

ધોલેરોમાં સ્વામી અત્યંત સાદાઈથી પોતાનું વાર્ધક્ય વીતાવતા હતા. આહારમાં માત્ર બાજરીનો રોટલો અને છાશ જ જમે. એમાં વળી ધોલેરાની ખડકાળ જમીનનું સખત પાણી. પરિણામે સ્વામીને આખા શરીરે ગરમી ફૂટી નીકળી. છતાં પણ સ્વામી તો દેહની પીડાને સહેજ પણ ગણકાર્યા વિના પોતાના કર્મઠ જીવનની વ્યસ્ત દિનચર્યા, જૈસે થે... ચાલુ જ રાખતા. પરંતુ એમની આ કારમી દેહપીડા હેતવાળા સંત-હરિભક્તોના કોમળ હૈયાને કોરી ખાતી હતી.

એકવાર સ્વામી સંધ્યાકાળે મંદિરની વાડીએ સ્નાન કરવા ગયા હતા, ત્યારે મંદિરમાં સર્વે સંતો અને સત્સંગી હરિભક્તોએ ભેગા મળીને શ્રી મદનમોહનજી મહારાજને ગદ્‌ગદ્ કંઠે પ્રાર્થના કરી : ‘મહારાજ! નિષ્કુળાનંદ સ્વામીને શરીરે જે મહાકષ્ટદાયક વ્યાધિ થયો છે તે કૃપા કરીને મટાડો અથવા તો સ્વામીને સત્ત્વરે અક્ષરધામમાં તેડી જાઓ. એમની અસહ્ય દેહપીડા હવે અમારાથી જોવાતી નથી.’

પ્રાર્થનાની પૂર્ણાહૂતિ બાદ બધા શ્રી ઠાકોરજીના સાંનિધ્યમાં બેસીને શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન્ય કરવા લાગ્યા. એટલામાં તો સ્વામી વાડીએથી સ્નાન કરીને મંદિરમાં આવી પહોંચ્યા. દેવના દર્શને મંદિરના ગર્ભગૃહમાં ગયા ત્યારે સર્વે સંત-હરિભક્તોને ધૂન્ય કરતા જોઈને સ્વામીએ સહસા પૂછ્યું : ‘તમે બધા આજે કોઈ વિશેષ

પ્રયોજનથી આ ધૂન્ય કરી રહ્યા છો કે શું ?' સ્વામીનો આવો અણધાર્યો સવાલ સાંભળીને સૌ ચોંકી ઊઠ્યા. થોડીવાર મંદિરમાં સોપો પડી ગયો.

પછી એક સંતે સહેજ સાચવીને કહ્યું : 'સ્વામી, આજની આ વિશેષ પ્રાર્થનાસભા આપની આ દારૂણ દેહપીડાને ટાળવા માટે શ્રીહરિને ચરણે એક આર્ત યાચના સ્વરૂપે આયોજવામાં આવી છે.' આ સાંભળીને સ્વામીનો પુણ્યપ્રકોપ ભભૂકી ઊઠ્યો : 'મહાપુરુષો, મારા એક પ્રશ્નનો તમે મને સીધે સીધો જવાબ આપો. મેં તમારા બધાનું શું બગાડ્યું છે? હું મારી રીતે સત્સંગની સેવા અને ભજનભક્તિ કર્યા કરું છું અને યથાશક્તિ તમારી પાસે પણ કરાવું છું. હું ક્યારેય તમને કોઈને કનડું છું કે આજે તમે બધાં ભેગા મળીને મારું બગાડવા બેઠા છો ?' આ સાંભળીને સૌ સ્તબ્ધ થઈ ગયા. સર્વેની હાલત કાપો તો લોહી ના નીકળે એવી થઈ ગઈ.

એક ભલા ભક્તે સજળ નેત્રે બે હાથ જોડીને કહ્યું : 'દયાળુ, આપ તો બ્રહ્મસ્વરૂપ છો, મુક્ત છો, આપને દેહાધ્યાસ નથી એટલે આવી અસહ્ય દેહપીડામાં પણ હસતે મુખે ભગવાન ભજો છો. પરંતુ સ્વામી, અમે બધા હેતવાળા હરિભક્તોને આપની સાથે અત્યંત આત્મબુદ્ધિ બંધાઈ ગઈ છે, તેથી આપનું આ દુઃખ અમારાથી જોવાતું નથી.' આ સાંભળીને સ્વામી સહેજ હસ્યા ને પછી બોલ્યા : 'તમે મારું દુઃખ જોઈ શકતા નથી, પરંતુ તમારાથી મારું દુઃખ લઈ શકાય તેમ પણ નથી એ એક હકીકત છે. મારા પ્રારબ્ધનું દુઃખ તો મારે ભોગવ્યા વિના છૂટકો જ નથી. જો તમે બધા

મહારાજને પ્રાર્થના કરીને મારો રોગ મટાડી દો અથવા મને અક્ષરધામમાં મોકલાવો તો મારે મારા બાકી રહેલા પ્રારબ્ધ કર્મોને ભોગવવા માટે બીજો જન્મ ધારણ કરવો પડશે. વળી શ્રીજીમહારાજ મારા દ્વારા જે સત્સંગ સેવા અને સમાસ કરાવે છે તે લાભ પણ બંધ થઈ જશે. માટે ક્યારેય આવી પ્રાર્થના કોઈના માટે ન કરવી. શ્રીજીમહારાજ જે કરતા હોય તે હંમેશાં સહુના સારા માટે જ હોય છે એવી દૃઢ સમજણ રાખવી.'

એક સંતે વળી વિનંતીના સૂરમાં દલીલ કરતા પૂછ્યું : 'સ્વામી, આપ તો મહારાજના લાડીલા મુક્ત છો. આપને વળી આ પ્રારબ્ધનાં બંધન શેના ? એતો સામાન્ય બદ્ધ જીવો માટે છે.' આ સાંભળીને સ્વામી ફરી ગર્જ્યા : 'અરે... તમે ભૂલો છો ભક્તો, યાદ કરો શ્રીજીમહારાજે છેલ્લાના સત્તરમાં વચનામૃતમાં ભરતજીના દૃષ્ટાંતને ચમત્કારી કેમ કહ્યું છે ! ભરતજી જીવનમુક્ત હતા તો પણ પ્રારબ્ધવશ મૃગનો દેહ આવ્યો. જગતનો ઈતિહાસ તપાસો. સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર અને રાજા રંતિદેવ જેવાને પ્રારબ્ધવશ કેવા દુઃખ ભોગવવા પડ્યા ? આપણાં માટે તો શ્રીજીમહારાજની મરજી એ જ આપણું પ્રારબ્ધ છે. મહારાજની મરજીથી જીવનમાં જે સુખદુઃખ આવે તે ભોગવી લેવા, એને દુર કરવા માટે મહારાજને પ્રાર્થના ન કરવી. ભગત અને જગતમાં આ એક ઊડીને આંખે વળગે એવો ફરક છે. ભગત ભગવાનની ઈચ્છાથી જીવનમાં જે દુઃખો આવે તેને હસતા મોઢે સહન કરે છે, જ્યારે જગતના વાસનિક જીવો રડતા રડતા ક-મને દુઃખની પીડાને વેઠે છે. સહન તો

બધાએ જ કરવું પડે છે, પણ કોણ કેવી રીતે દુઃખનો સામનો કરે છે એ ઉપરથી એની યોગ્યતા સિદ્ધ થાય છે.'

થોડીવાર અટકીને સ્વામીએ ફરી પોતાનું વક્તવ્ય આગળ ચલાવ્યું : 'મારા વ્હાલાં હરિભક્તો, હવે મુખ્ય મુદ્દાની વાત કહું છું તેને ગણીને ગાંઠે બાંધો. જે ભક્તો જીવનમાં માત્ર પંચ વિષયના સુખો જ ઈચ્છે છે તેમના ઉપર ક્યારેય ભગવાનની પ્રસન્નતા થતી નથી. મહારાજની મરજીથી જીવનમાં જે તડકો - છાંયડો આવે તેને પ્રભુની પ્રસાદી માનીને ગ્રહણ કરો, આદરપૂર્વક એને અપનાવો. એનાથી ક્યારેય દુર ન ભાગો. દુઃખથી દુર ભાગવું એ તો કાયર ભક્તિ છે. આપણે તો સહજાનંદી સિંહ - શૂરવીર નરબંકા છીએ. અને સંતો, તમે પણ સાંભળો... માત્ર ભગવા વસ્ત્રો પહેરી કીર્તન કરવાથી આપણે મુક્ત નથી બની જતા. મને તો તમારા બધાની વાતો સાંભળીને અચંબો થાય છે ! ભગવાનના દુઃખરૂપી પ્રસાદનો અનાદર કરીને પોતાને ભગવાનના ભક્ત કહેવડાવવું એ તો ભગવાનને છેતરવા બરાબર છે.'

સ્વામીની આવી મર્મસ્પર્શી ચોટદાર વાતો સાંભળીને સર્વે સંત હરિભક્તો તેમના ચરણોમાં લોટી પડ્યા. સહુએ એકીસ્વરે સ્વામીને પ્રાર્થના કરી : 'સ્વામી, આજે આપે અમારી અંતરની આંખો (Insight) ખોલી નાંખી અમને સાચા અર્થમાં સત્સંગી બનાવ્યા છે. આપે આજે અમને જે જ્ઞાન આપ્યું તેને એક કીર્તનના, રૂપમાં જો ગુંથી આપો તો નિત્ય એ વાર્તાનું શ્રવણ - મનન થાય.'

હરિભક્તોની આગ્રહભરી વિનંતીને સ્વીકારીને સદ્‌ગુરુ

શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ શીઘ્ર એક હિન્દી કાવ્યની રચના કરી તેને આશાવરી રાગની બંદિશમાં ગાઈને સભામાં સંભળાવ્યું :

**'ક્યૂં પાયે ઘર દૂર, બંદે ! ક્યૂં પાયે ઘર દૂર,**
**કાયર ભક્તિ કામ ન આવે ! હો તું અબ નર સુર.'**

**કાવ્યકૃતિ :**

**ક્યૂં પાયે ઘર દૂર, બંદે ! ક્યૂં પાયે ઘર દૂર;**
**કાયર ભક્તિ કામ ન આવે ! હો તુ અબ નર સુર. બંદે. ટેક.**
**મીરાં મોરધ્વજ તજી મમતા, હરિસે રહે હજુર;**
**ભૂપતિ ગોપીચંદ ભરથરી, તન-ધન જાને ધુર. બંદે. (૧)**
**શેખ ફરિદ કૂવા બીચ લટકે, શૂલી ચડે મનસૂર;**
**શહેર બિલાખ સહિત બાજંદે, તજી સોલસે હુર. બંદે. (૨)**
**સમસ્ત તબરે જેને સિરકી ચમડી, ખેંચ દઈ જીન દૂર;**
**તનસુખ ચાહે રામ રીઝાયે, એતો બાત હૈં કુર. બંદે. (૩)**
**બહાના બનાયે સાખી પદ ગાયે, માનું ભક્તિ લઈ ભરપુર;**
**નિષ્કુળાનંદ એહી અચંબા, હરિકુ ધૂતત ભુર. બંદે. (૪)**

**આસ્વાદ :**

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીનું પ્રસ્તુત હિન્દીપદ વૈરાગ્યમૂલક ઉપદેશનું દ્યોતક છે.

સ્વામિનારાયણ સંપ્રદાયના મૂળભૂત સિધ્ધાંતોમાં વૈરાગ્યનું એક આગવું સ્થાન છે. ડૉ. યૂથી લખે છે : Vairagya is a very important and essential part of Swaminarayan's teachings.

**'ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના, કરીએ કોટિ ઉપાયજી'** એ અમર કવિતાના પ્રાણવાન પુરસ્કર્તા સદ્‌ગુરુ નિષ્કુળાનંદ

સ્વામીને સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણે વૈરાગ્યમૂર્તિનું બિરુદ આપ્યું હતું. નિષ્કુળાનંદ એમના પદોમાં દૃઢતા, શ્રદ્ધા અને ત્યાગને જ ભક્તિ કહે છે.

કાવ્યનો ઉપાડ આકર્ષક છે. ધ્રુવ પંક્તિમાં જ કવિ રૂપક રચીને તથા કથનનું પુનરાવર્તન કરીને એને વધુ ચોટદાર અને વેધક બનાવે છે. કવિએ મુમુક્ષુ ભક્તને બંદે ! તરીકે સંબોધી એને ટપાર્યો છે. સ્વામિનારાયણ સંપ્રદાયને અભિમત અક્ષરધામ એ જ આત્યંતિક કલ્યાણ પછી સર્વે મુક્તાત્માઓનું ઘર યાને આખરી વિરામસ્થાન (મંઝિલ) છે. પરંતુ જે શૂરવીર ભક્તોએ શિર સાટે ભગવાનને ભજ્યા હોય છે એને જ અક્ષરધામની પ્રાપ્તિ થાય છે. નિષ્કુળાનંદ ઉપાલંભના સૂરમાં મોક્ષાર્થી ભક્તની સામે એક ધ્રુવપ્રશ્ન મૂકે છે : હે ભક્ત! તેં તારી જાતને તારી મંઝિલથી - અક્ષરધામરૂપી તારા ઘરથી આટલી બધી દૂર - આટલી બધી અળગી કેમ કરી દીધી છે ?

સવાલની વેધકતા અને એના કથન પાછળનો કટાક્ષ હજી ઓસરે એ પહેલાં જ કવિ એનું સમાધાન આપતા કહે છે: **‘કાયર ભક્તિ કામ ન આવે, હો તુ અબ નર સુર.’** કવિના ધ્રુવપ્રશ્નનો જવાબ પણ આમાં છે અને સાથે સાથે પ્રેમાળ પ્રોત્સાહન પણ.

અહીં કવિ પ્રીતમદાસની ખ્યાતનામ કાવ્યપંક્તિ યાદ આવે છે :

**‘હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જો.**
**પરથમ પહેલાં મસ્તક મૂકી, વળતું લેવું નામ જો.’**

આત્યંતિક કલ્યાણનો માર્ગ એ વીરોનો માર્ગ છે. એમાં

કાચાપોચાનું કામ નથી. પરંતુ પ્રગટ પુરુષોત્તમનારાયણની પ્રાપ્તિ થયા પછી હવે તો તું સહજાનંદી સિંહ છે, તારી જાતને હવે તું નબળો ન માન. જગતના વાસનિક જીવોની સાથે રહીને તું તારી સાચી ઓળખ ભૂલી ગયો છે, માટે હવે અજ્ઞાનતાની એ ભ્રામક જાળને ભેદીને તું તારા આત્મબળને જાગૃત કર!

કવિએ પોતાના કથ્યને વધુ ઉજાગર કરવા માટે પુરાણ અને કુરાનમાંથી અનેક પ્રેરણાદાયી દૃષ્ટાંતો આપ્યા છે. મેવાડની મીરાંએ પોતાની કૃષ્ણભક્તિને કેટકેટલાં કષ્ટો વેઠીને પણ અખંડ પ્રજ્વલિત રાખી હતી. શ્રીકૃષ્ણના પરમ ભક્ત રાજા મોરધ્વજની કસોટી કરવા માટે સ્વયં શ્રીકૃષ્ણ અર્જુનની સાથે તેની પાસે ગયા હતા. શ્રીકૃષ્ણનો આદેશ થતાં મોરધ્વજ પોતાના મસ્તક ઉપર કરવત મૂકાવવા તૈયાર થઈ ગયો હતો.

આ જગતમાં જેણે જેણે પણ હરિનો મારગ લીધો છે તેણે માથે કફન બાંધીને હંમેશાં કેસરિયા કર્યા છે! એ શૂરવીર નરબંકાઓ ક્યારેય રણમેદાનમાંથી પીઠ દેખાડીને ભાગ્યા નથી.

ગોપીચંદ બંગાળમાં આવેલ રંગપુરનો રાજા હતો. તે ભર્તૃહરિની બહેન મેનાવતી અને રાજા ત્રિલોકચંદ્રનો પુત્ર હતો. તેણે પોતાની માતા મેનાવતીના ઉપદેશથી રાજપાટ છોડી સંન્યાસ લીધો હતો. તે જલંધરનાથનો શિષ્ય હતો અને ત્યાગી થયા પછી તેણે પોતાની પત્ની પાઠમદેવી પાસે મહેલમાં જઈ ભિક્ષા માગી હતી. ભર્તૃહરિ ઉજ્જયિનીનો સુપ્રસિદ્ધ રાજા હતો. પોતાની પ્રિય પત્ની પિંગળાને પોતાના અશ્વપાલ સાથે પ્રેમ કરતી જાણીને તેને

તીવ્ર વૈરાગ્ય પ્રગટ્યો હોવાથી તેણે રાજપાટ છોડીને ભેખ લીધો હતો.

જગતનો ઇતિહાસ તપાસતાં એમ જોવા મળે છે કે મોટા મોટા રાજા-મહારાજા અને બાદશાહો પણ વૈરાગ્યને લીધે ત્યાગી બનીને મોક્ષના માર્ગે ચાલ્યા છે. શેખ ફરિદ અને મનસૂર સૂફી સંતો હતા. પરવરદિગારના એ નેક બંદાઓએ ખુદાને માશૂક માનીને બેઈન્તહા મહોબ્બત કરતા કરતા મોતને વ્હાલું કર્યું હતું.

મનસૂર નવમી સદીમાં ઈરાકના બેજાનગરમાં હુસેનહલ્લાજ નામના મુસલમાનને ત્યાં જન્મ્યો હતો. બર્ફ નામના પહાડ ઉપર ખુદાએ મનસૂરને પોતાનો ગેબી પૈગામ આપ્યો હતો કે ખુદાતાલા પ્રત્યેની બેપનાહ મહોબ્બત એજ ખુદાની ખરી ઈબાદત છે. એ પછી અલ્લાહનો ઈલમી કરિશ્મા મનસૂરની રગેરગમાં એવો તો વ્યાપી ગયો કે તે અહોનિશ અનલહકનો પોકાર કરવા લાગ્યો. અનલહક એ ફારસી શબ્દ છે એનો અર્થ ‘અહં બ્રહ્માસ્મિ’ અર્થાત્ ‘હું ખુદા છું’ એવો થાય છે. ઈસ્લામના સિદ્ધાંત મુતાબિક અલ્લાહ એક જ છે અને બીજું કોઈ અલ્લાહ બની નથી શકતું. પરિણામે બગદાદના ખલીફા મક્તદિરે મનસૂરને ઈસ્લામ વિરોધી સમજીને કેદખાનામાં નાંખ્યો. જેલમાં ખલીફા મનસૂરને સમજાવવા જાય છે કે તું અનલહકની તારી જિદ્દ છોડી દે, નહીં તો તને ફાંસી આપવામાં આવશે.

ત્યારે મનસૂર ખલીફાને કહે છે:

**મુઝે ઉઠાને આયા હૈ વાઈઝ-એ-નાદાં?**

**જો ઉઠા સકે તો મેરા સાગર-એ-શરાબ ઉઠા ।**
**કહીં સે બર્ફ બિજલી ચમકતી હૈ દેખ વાઈજ,**
**મૈં મેરા જામ ઉઠાતા હૂઁ તૂં તેરી કિતાબ ઉઠા ॥**

મનસૂરનો આ મર્મી શેર સમજવા જેવો છે. 'હે નાદાન ધર્મ ઉપદેશક, તું મને સમજાવવા આવ્યો છે ? જો તું ખરેખર મને સમજવા માગતો હોય તો પહેલાં ખુદા પ્રત્યેની મારી મહોબતને સમજ, મારા ભક્તિના કેફને સમજ. બર્ફ નામના પહાડ ઉપર ખુદાએ જ્યારે મને આ પ્યાર-મહોબતનો પૈગામ આપ્યો, ત્યારે ખુદાઈ નૂરથી એ પહાડ ઉપર વિજળી પડી અને પહાડ ભસ્મીભૂત થઈ ગયો હતો. હે ધર્માંધ ખલીફા, એ પૈગામ તું યાદ કર. છતાં પણ મારી વાત તારા પલ્લે ન પડતી હોય તો મને મારા હાલ ઉપર છોડી દે. હું તો અનલહકના નાદ સાથે જ ભક્તિના નશામાં અલ્લાહનો પ્યારો થઈશ, તું તારા કિતાબી તથા કથિત જ્ઞાનનો ભાર લઈને ફર.'

મનસૂર પરમાત્માનું પરમસાધર્મ્ય પામેલો ફરિસ્તો હતો, એ ખુદાના નામે ખુશી ખુશી શૂળી ઉપર ચડી ગયો.

બલ્ખ બુખારાના બાદશાહ બાજંદની જાહોજલાલીનો પાર નહોતો. એના હરમમાં સોળસો રાણીઓ હતી. પરદેશ જવું હોય તો એના રસોડાનો સામાન ત્રણસો ઊંટો ઉપર જતો. આવા ભોગવિલાસી બાજંદનું માનીતું એક ઊંટ એકવાર અચાનક મરી જતા બાજંદને ગૌતમ બુદ્ધની જેમ વૈરાગ્ય સાંપડ્યો અને એ પોતાનો સઘળો વૈભવ છોડીને ફકીર બની ગયો.

આ બધા રજોગુણી રાજાઓ જે રાતદિવસ મોજશોખમાં

મગ્ન રહેતા એમના માટે એશોઆરામની જિંદગી છોડવી એ તો જીવતે જીવ ચામડી ઉતરડી નાંખવા જેવું કષ્ટદાયક હતું, પરંતુ જ્યારે વૈરાગ્યે એમનું ગળું ઝાલ્યું ત્યારે એ ત્યાગ શક્ય બન્યો. પંચ વિષયના દેહસુખ ભોગવવા અને ભગવાનની પ્રસન્નતા પણ પ્રાપ્ત કરવી આ બે વાત એકસાથે ક્યારેય શક્ય નથી. ભગવાનની કૃપા (Grace) જોઈતી હોય તો દેહના સુખોનો ત્યાગ કરી પરમાત્માની ઈચ્છાથી જીવનમાં જે દુઃખો આવે તેને સહર્ષ સ્વીકારવા.

કવિ બાલશંકરે ખૂબ જ સુંદર વાત કરી છે :

**'ગુજારે જે શિરે તારે, જગતનો નાથ તે સહેજે;**
**ગણ્યું જે પ્યારું પ્યારાએ, અતિ પ્યારું ગણી લેજે.'**

અંતિમ અંતરામાં કવિ આજના તથાકથિત સાધુઓ અને વિદ્વાનો તરફ લાલબત્તી ધરતા કહે છે : ભગવા વસ્ત્રોનું બહાનું બનાવી મુખેથી કાવ્ય-કીર્તનના પદો ગાવાથી કોઈ સંત નથી બની જતું. નિષ્કુળાનંદ અંતે આક્રોશપૂર્વક આલાપે છે કે મને તો આવા ધતિંગ જોઈને અચંબો થાય છે કે આજે ઠગ ભગતો ભક્તિના આડંબર નીચે ભગવાનને છેતરવાની ધૃષ્ટતા કરે છે.

આજથી લગભગ પોણા બસો વરસ પહેલાં સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ લખેલી આ હકીકત આજે પણ એટલી જ પ્રસ્તુત છે. તેથી જ એક આધુનિક શાયરે લખ્યું છે -

**'મને એ જોઈને હસવું હજારો વાર આવે છે,**
**પ્રભુ ! તારા બનાવેલા આજે તને બનાવે છે!'**

## ધર્મકુંવર ખેલે હોરી રે, રંગ ધૂમ મચાઈ

## ૫

## સદ્‌ગુરુ શ્રી જ્ઞાનાનંદ સ્વામી

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની તવારીખમાં જ્ઞાનાનંદ નામે ત્રણ સંતો નોંધાયા છે. સદ્‌ગુરુ મંજુકેશાનંદ સ્વામી 'નંદમાળા'માં નોંધે છે :

**'જ્ઞાનાનંદ સંત ધ્યાની બહુ મોટા,**
**જ્ઞાનાનંદ ભક્તિવાળા એક મોટા,**
**જ્ઞાનાનંદ ત્રીજા ગવૈયા સાર,**
**જેણે કીધા કીર્તન છંદ ઉદાર.'**

સંગીત રસજ્ઞ અને મર્મજ્ઞ કવિ જ્ઞાનાનંદનો જન્મ ઉત્તર પ્રદેશના લખનૌ પરગણાના નતીપનગર નામના નાનકડા ગામમાં વિપ્રજ્ઞાતિમાં થયો હતો. તેમનું પૂર્વાશ્રમનું નામ રામપ્રસાદ હતું. તેઓ ઠાકોરદીન, વેણીરામ ઈત્યાદિ ચાર ભાઈઓમાં સૌથી મોટા હતા.

રામપ્રસાદ બાલ્યકાળથી જ અતિ નિષ્કામી અને મુમુક્ષુ હતા. યૌવનમાં પ્રવેશતા જ તેમણે સંસ્કૃત અને હિન્દી વાઙ્મયનો તલસ્પર્શી અભ્યાસ કર્યો. સંગીત તો તેમને જન્મથી જ ઈશ્વરદત્ત બક્ષિસરૂપે મળ્યું હતું. તેથી અતિ અલ્પ સમયમાં જ તેઓ ઉચ્ચકોટિના શાસ્ત્રીય ગાયક બન્યા. સર્વ ગુણ સંપન્ન રામપ્રસાદનું અંતર હંમેશાં સંસાર પ્રત્યે ઉદાસીન રહેતું હતું. તેમના હૈયામાં હરિમિલનની તીવ્ર

ઝંખના હંમેશાં રહ્યા કરતી. પ્રભુપ્રાપ્તિની ઉત્કટ પ્યાસને લીધે એક દિવસ તેઓ ગૃહત્યાગ કરીને તીર્થાટન માટે નીકળી ગયા.

તીર્થયાત્રા દરમ્યાન રામપ્રસાદને ગ્વાલિયરમાં સ્વામિનારાયણી સંત સુખાનંદ સ્વામીનો અનાયાસે ભેટો થઈ ગયો. સુખાનંદ સ્વામી રામાયણના પ્રખર અભ્યાસી હતા અને રામચરિતમાનસની દિલડોલ કથા કરતા હતા. રામપ્રસાદે સ્વામીના ચરણોમાં વંદના કરી પૂછ્યું : 'મહાત્મન્' પ્રભુદર્શનની એકમાત્ર આશ લઈને હું ઘરેથી નીકળ્યો છું. આપ દયાળુ એ વિષયમાં મારું માર્ગદર્શન કરશો?' સુખાનંદ સ્વામીએ એ મુમુક્ષુ યુવાનના માથે પોતાનો વરદ હસ્ત મુકીને કહ્યું : 'ભક્તરાજ, ભગવાને જ અમને તમારા સારુ આટલે દૂર ભ્રમણ કરવાની પ્રેરણા આપી છે. પરાત્પર પરબ્રહ્મ પ્રગટ પુરુષોત્તમનારાયણ સાંપ્રત સમયમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ નામે પ્રગટ થયા છે અને હાલમાં ગુજરાત અને સૌરાષ્ટ્રની પુણ્યભૂમિ પર વિચરણ કરી રહ્યા છે. એમનું શરણ સ્વીકારીને તમારું જીવન ધન્ય કરો.'

સ્વામીના શબ્દોમાં દૈવત હતું, એમની વાણીમાં સત્યનો રણકાર હતો, એમની આંખોમાં ભક્તિની અનેરી ખુમારી હતી. પરિણામે એમના શબ્દો રામપ્રસાદના અંતરમાં સોંસરા ઊતરી ગયા.

થોડા દિવસ સુખાનંદ સ્વામી સાથે ગાળ્યા બાદ રામપ્રસાદ ભગવાન શ્રી સ્વામિનારાયણના દર્શને ગુજરાત ભણી આવ્યા. વડતાલમાં એમને શ્રીહરિના દર્શન થયા.

પ્રથમ દર્શને જ એમના અંતરમાં શ્રીજીમહારાજ માટે ભગવાનપણાનો નિશ્ચય થઈ ગયો. સં. ૧૮૬૯માં મહારાજે ગઢપુરમાં રામપ્રસાદને ભાગવતી દીક્ષા આપી તેમનું નામ જ્ઞાનાનંદ પાડ્યું. જ્ઞાને કરીને ગૃહત્યાગ કરનાર રામપ્રસાદ શર્મા હવે સાચા અર્થમાં જ્ઞાનાનંદ બન્યા. મહારાજે જ્ઞાનાનંદને સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીના શિષ્યમંડળમાં રહેવાની આજ્ઞા કરી.

એકવાર જ્ઞાનાનંદ સ્વામીને એમ સંકલ્પ થયો કે મને તો આ દેહે પ્રગટ પરમાત્માની પ્રાપ્તિ થઈ અને મારું જીવન તો ધન્ય થઈ ગયું, પરંતુ મારા ભાઈભાંડુઓ પણ અત્યંત મુમુક્ષુ છે અને જો તેમને ભગવાન સ્વામિનારાયણની ઓળખાણ થાય તો તેમનો બેડો પાર થઈ જાય. મહારાજની આજ્ઞા લઈ સ્વામી પોતાના વતન નતીપનગર ગયા અને પોતાના સઘળા પરિવારને પ્રગટ પરમાત્મા સ્વામી શ્રી સહજાનંદજી અંગે બધી વાતો કરી. સ્વામીના શબ્દે શબ્દે શ્રીહરિ પ્રત્યેની અડગ નિષ્ઠાનો ધ્વનિ ધબકતો હતો. ભાઈઓ, ભાભીઓ ઇત્યાદિ એમના સમગ્ર પરિવારે સ્વામીના શબ્દોને અદ્ધરથી ઝીલી લીધાં. વિદાય વેળાએ સ્વામીએ એમના ભાઈ ઠાકોરદીનને મહારાજની એક મૂર્તિ અને શિક્ષાપત્રીનું પ્રસાદીનું પુસ્તક આપતા કહ્યુંઃ ‘ભૈયા, પ્રતિદિન આ શિક્ષાપત્રીનો પાઠ કરજો અને શ્રીજીમહારાજની આ મૂર્તિનું એકાંતમાં બેસીને ધ્યાન કરજો. મહારાજ જરૂર મહેર કરશે.’

સ્વામીની સૂચના મુજબ ઠાકોરદીન દરરોજ એકાંતમાં શ્રીહરિનું ધ્યાન કરવા લાગ્યા. એકવાર શ્રીજીમહારાજે હિન્દુસ્તાની વેશમાં ઠાકોરદીનને દર્શન દઈ કહ્યું : ‘તમારા

મોટાભાઈ રામપ્રસાદ જે હવે જ્ઞાનાનંદ મુનિ તરીકે અમારી નિશ્રામાં રહે છે તેમણે તમને જે જ્ઞાન આપ્યું છે તેને તમારા અંતરમાં દૃઢ કરીને રાખજો અને આ રીતે અખંડ અમારા સ્વરૂપનું અનુસંધાન રાખશો તો તમારું અને તમારા સમગ્ર પરિવારનું અમે આત્યંતિક કલ્યાણ કરીશું.'

જ્ઞાનાનંદ મુનિના નતીપનગરથી ગુજરાત તરફના પ્રસ્થાન દરમ્યાન માર્ગમાં લખનૌ આવ્યું. સ્વામીએ તો જ્ઞાનનું સદાવ્રત ખોલ્યું હતું, તેથી જ્યાં જે મળી જાય તેને મહારાજનો મહિમા સમજાવી સત્સંગી બનાવી દેતા. લખનૌના નવાબના મુનીમ વેણીરામ શેઠને પણ સ્વામીએ મહારાજના મહિમાની વાતો કરી. વેણીરામ શેઠના અંતરમાં પણ સ્વામીની વાતો આરપાર ઉતરી ગઈ. શેઠ સ્વામીની સાથે જ મોટો સંઘ લઈ શ્રીજીમહારાજના દર્શન કરવા ગઢપુર આવ્યા. શેઠે શ્રીહરિની ષોડશોપચારે પૂજા કરી પોતાની સાથે લાવેલ મોગલાઈ પાઘ, અંગરખું અને ભારે ભારે જરિયાન વસ્ત્રો અને આભૂષણો ભેટ ધર્યાં.

જ્ઞાનાનંદ મુનિને મહારાજમાં અનન્ય નિષ્ઠા હોવા છતાં તેઓ સર્વોપરીપણાની ઉપાસના યથાયોગ્ય સમજ્યા નહોતા. શ્રીહરિની ઈચ્છાથી એક પ્રસંગ એવો બન્યો જે જ્ઞાનમુનિના જીવનમાં ટર્નીંગ પોઈન્ટ સાબિત થયો.

શ્રીજીમહારાજ સ્વધામ પધાર્યા પછી જ્ઞાનમુનિ મોટેભાગે અમદાવાદ દેશમાં જ રહેતા હતા. સં. ૧૯૦૭માં અમદાવાદથી ધ. ધુ. આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ સાધુસંતો સાથે પ્રબોધની એકાદશીના સમૈયા પ્રસંગે વડતાલ પધાર્યા હતા. તે વેળા આચાર્યશ્રીના સંતમંડળમાં જ્ઞાનાનંદ

સ્વામી પણ હતા. વડતાલમાં સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીના આસને મોટા મોટા નંદ સંતો અને સ્થિતિવાળા હરિભક્તોની રોજ રાત્રે સભા થતી. ત્યારે ગોપાળાનંદ સ્વામી શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસનાની અગમ્ય ને ગૂઢ વાતો ખૂબ સરળતાથી સમજાવતા. એકવાર ગોપાળાનંદ સ્વામીના અંતેવાસી સંત નિર્ગુણદાસ સ્વામીએ પૂછ્યું : 'સ્વામી, તમે જેવી રીતે સર્વોપરી ઉપાસનાની વાતો બેધડક કરો છો એ રીતે નિત્યાનંદ સ્વામી તો ક્યારેય કરતા નથી.' સ્વામી હસીને બોલ્યા : 'નિત્યમુનિ સમજે છે તો આવું જ પણ પાત્ર જોઈને જ વાતો કરે છે.' આ વાતનો તાગ મેળવવા માટે બીજે દિવસે સ્વામી નિર્ગુણદાસજીની સાથે જ્ઞાનમુનિ પણ નિત્યાનંદ સ્વામીના આસને થતી સાંધ્યસભામાં હાજર રહ્યા. સભાના અંતે જ્ઞાનાનંદ સ્વામીએ નિત્યમુનિને પૂછ્યું: 'ભાગવતના દશમસ્કંધના ઉતરાર્ધમાં ૮૯મા અધ્યાયના ૬૧માં શ્લોકની શુકમુનિએ જે ટીકા લખી છે તેમાં બાધ આવે છે. તો તેનું કેમ સમજવું?' ત્યારે નિત્યાનંદ સ્વામી બોલ્યા : 'શુકમુનિને જેમ સૂઝ્યું તેમ લખ્યું હશે. બાધમાં તમે સમજો એટલું શુકમુનિ નહીં સમજતા હોય? તમે તો બે અક્ષર ભણીને હમણાં પંડિત થયા છો, પણ જે દિવસે શ્રીજીમહારાજ દ્વારા સર્વોપરી ઉપાસનાની એ વાતો થતી હતી ત્યારે તમે ક્યાં હતા? તમારા ગુરુ બ્રહ્માનંદ સ્વામીની પાટ તળે પડ્યા પડ્યા ઊંઘતા હતા?' આટલું કહીને પછી નિત્યાનંદ સ્વામી મહાનુભાવાનંદ સ્વામીની સામે જોઈને બોલ્યા : 'સ્વામી, આપણને તો શ્રીજીમહારાજે પોતાનું સર્વોપરી સ્વરૂપ સમજાવતા જે વાતો કરી છે તેમ જ સમજવું. એ સમજણ

ફરવા ન દેવી. શાસ્ત્રમાં જે લખ્યું છે તે નવા આદરવાળા માટે છે. આંધળાને લાકડી જોઈએ, દેખતાને લાકડીનું શું પ્રયોજન છે? જેમ છે તેમ બધાંને કહેવાય નહીં. પાત્ર પ્રમાણે વાત કરવી પડે!'

સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામીની આ વાત સાંભળીને જ્ઞાનમુનિના અંતરમાં શ્રીજીમહારાજના સર્વોપરીપણાની નિષ્ઠા દૃઢ થઈ ગઈ. પછી તો તેઓ પ્રતિદિન સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીના આસને સમાસ અર્થે જવા લાગ્યા. જેમ જેમ સ્વામીશ્રીના અંતરંગ પરિચયમાં તેઓ આવતા ગયા, તેમ તેમ તેમનો વધુ ને વધુ મહિમા સમજાતો ગયો. પરિણામે ત્યારબાદ જ્ઞાનનંદ સ્વામી અમદાવાદ દેશ છોડીને પોતાના સંતમંડળ સાથે વડતાલ ગોપાળાનંદ સ્વામીની નિશ્રામાં જઈને વસ્યા.

સં. ૧૮૭૪માં શ્રીજીમહારાજે પોતાના સમસ્ત સંતમંડળ અને પ્રાણપ્યારા હરિભક્તો સાથે વડતાલના જ્ઞાનબાગમાં જે રંગોત્સવ ઉજવ્યો હતો તે રંગલીલાનું રોચક વર્ણન તે પ્રસંગના પ્રત્યક્ષ સાક્ષી (Eye witness) એવા સદ્‌ગુરુ જ્ઞાનાનંદ સ્વામીએ 'ધર્મકુંવર ખેલે હોરી રે, રંગ ધૂમ મચાઈ' એ કીર્તનમાં કર્યું છે.

સદ્‌ગુરુ આધારાનંદ સ્વામી શ્રીહરિચરિત્રામૃતસાગરમાં (પુર-૧૦, તરંગ-૧૪)માં સદ્‌ગુરુ જ્ઞાનાનંદ સ્વામી વિષે નોંધતા લખે છે : 'જ્ઞાનાનંદ મુનિને તુલસીદાસના ઘણા પદ કંઠે હતા. તે સાંભળીને શ્રીહરિ બહુવાર રીઝીને તેમને મોજ આપતા. જ્ઞાનાનંદ સ્વામી સિતાર વગાડવામાં નિપુણ હતા.'

**કાવ્યકૃતિ :**

**ધર્મકુંવર ખેલે હોરી રે,**
**રંગ ધૂમ મચાઈ. ટેક.**
**બ્રહ્મચારી મુનિવર ગ્રહી બહુ મિલી,**
**વ્રતપુરી કે માઈ રે. રંગ. ૧**
**રંગ કે હોજ દોઉ ભરાયે સુંદર,**
**શ્રીહરિ સુખદાઈ રે. રંગ. ૨**
**અબિર ગુલાલ રંગ વિવિધ ભારી,**
**ઉડાવત સબ ધાઈ રે. રંગ. ૩**
**અગણિત સખા સંગે ખેલે મોહન,**
**જ્ઞાનમુનિ બલ જાઈ રે. રંગ. ૪**

**આસ્વાદ :**

ભગવાન શ્રી સ્વામિનારાયણ મુમુક્ષુની રસવૃત્તિને કલ્યાણના સન્માર્ગે વાળી પોતાના સ્વરૂપમાં જોડવા માટે વસંતોત્સવ, રંગોત્સવ, રાસોત્સવ ઈત્યાદિ અનેકવિધ ઉત્સવોનું અવારનવાર આયોજન કરતા હતા. પ્રસ્તુત પદમાં કવિ જ્ઞાનાનંદ સ્વામીએ વડતાલમાં યોજાયેલ હુતાસનીના રંગોત્સવનું હૃદયંગમ નિરૂપણ કર્યું છે.

વડતાલના જ્ઞાનબાગમાં ઉજવાયેલો એ ફૂલદોલોત્સવ સંપ્રદાયના ઈતિહાસમાં અજોડ છે. જયઘોષ સાથે શ્રીહરિ જ્ઞાનબાગમાં પધાર્યા અને ઉત્સવનો પ્રારંભ થતાં રંગની રેલમછેલ થઈ ગઈ. રંગ ભરવા માટે બે હોજ બનાવ્યા હતા તેમાં કેસૂડાનું કેસરવર્ણુ જળ ભરવામાં આવ્યું હતું. મહારાજે પોતાનાં બન્ને ચરણારવિંદ હોજના રંગમાં બોળી એને પ્રસાદીભૂત કર્યો અને પછી પિચકારીઓની રંગીન ધારાઓ

ચારે દિશાઓમાંથી ઉડવા લાગી. સંતો, પાર્ષદો અને હરિભક્તો અબીલ - ગુલાલની છોળો ઉડાડી સમગ્ર વાતાવરણને રંગભીનું કરી રહ્યા હતા. ઉપર આકાશ અને નીચે ધરતી રંગથી રંગાઈને લાલ બની ગયા હતા. તેમાં પાતળિયો પ્રિયતમ પીળા વસ્ત્ર પહેરીને તથા હાથમાં સુવર્ણની પિચકારી લઈને ઘડીક સંતોના વૃંદમાં તો ઘડીક હરિભક્તો સાથે સુવર્ણમૃગની ચપળતાથી હોળી ખેલતા શોભતા હતા. શરણાઈ અને ઢોલના નાદથી વાતાવરણ રણસંગ્રામની જેમ વીરરસથી સભર બની ગયું હતું. અક્ષરધામના દિવ્ય આનંદનો અનુભવ શ્રીજીમહારાજે સૌને કરાવ્યો.

કવિ જ્ઞાનાનંદ પણ એ મધુર પળે સૌ સંતોની સાથે શ્રીહરિની હોળીખેલન લીલાનું રસપાન કરીને ધન્યભાગી બની રહ્યા હતા. શ્રીહરિની રંગોત્સવ લીલાનું ચિંતવન ત્રિવિધ તાપથી મુક્તિ અપાવનાર છે.

પદ સુગેય છે અને રાગ કાફીમાં એની બંદિશ ભાવને સુસંગત છે.

## ૬

# આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ

ધર્મ ધુરંધર આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજનો જન્મ સં. ૧૮૬૫માં જેઠ સુદ એકાદશીના સપરમા દિવસે ધર્મકુળમાં શ્રીજીમહારાજના જ્યેષ્ઠબંધુ શ્રી રામપ્રતાપભાઈના ધર્મપત્ની સુવાસિનીબાઈની કૂખે થયો હતો. તેઓ સ્વામિનારાયણ સંપ્રદાયના અમદાવાદ દેશના નરનારાયણ દેવની ગાદીના આચાર્યપદે આરૂઢ થયા ત્યારે તેમની ઉંમર માત્ર અઢાર વરસની હતી.

અમદાવાદ દેશના પીઠાધિપતિ બન્યા પછી આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજીએ શ્રીજીમહારાજની કૃપાપૂર્ણ નિશ્રામાં સતત દશ વરસ સુધી રહીને આચાર્યપદની ગરિમાને અનુરૂપ અંગત તેમ જ જાહેર જીવન અંગેની યથોચિત તાલીમ લીધી અને એ દરમ્યાન શિક્ષાપત્રી પ્રસ્થાપિત વ્યક્તિગત ધર્મો તેમ જ વચનામૃત પ્રબોધિત તત્ત્વજ્ઞાનને સાંગોપાંગ આત્મસાત કરી ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિ પ્રાપ્ત કરી.

આચાર્યપદે બેતાલીસ વરસ સુધી રહી તેઓએ સંપ્રદાયના પ્રાણરૂપ દેવમંદિરો, સત્શાસ્ત્રો અને ત્યાગીગૃહી સર્વે આશ્રિત સત્સંગીઓ - એ સર્વેના યોગક્ષેમનું યથાયોગ્ય વહન કરીને સત્સંગવાટિકાને નવપલ્લવિત રાખી હતી.

આચાર્યના અપાર વૈભવ અને બેસુમાર જાહોજલાલી વચ્ચે પણ તેઓએ શ્રીહરિની મૂર્તિમાં મગ્ન થઈને ધ્યાન કરવાનું પોતાનું આગવું અંગ કોઈ અવિચળ યોગીની જેમ આજીવન યથાવત્ રાખ્યું હતું. કહેવાય છે કે તેઓ જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણેય અવસ્થામાં મહારાજની મૂર્તિ અખંડ દેખતા હતા.

સંપ્રદાયના પ્રચાર અને પ્રસાર માટે મહારાજશ્રી સત્સંગમાં સતત વિચરણ કર્યા કરતા. એકવાર ફરતા ફરતા તેઓ ગામડી ગામે પધાર્યા હતા. ત્યાંના પ્રેમી હરિભક્તોએ મહારાજશ્રી અને સંતો માટે દૂધપાક અને માલપુડાની રસોઈ અત્યંત ભાવપૂર્વક તૈયાર કરાવી, ઠાકોરજીને થાળ ધરાવી આચાર્ય મહારાજને જમવા બેસાડ્યા. પરંતુ સંજોગવસાત્ એવું બનેલું કે રસોઈયાએ દૂધપાકમાં ભૂલથી સાકારને બદલે નમક નાંખી દીધેલું, પરિણામે દૂધપાક સ્વાદમાં ખારો ઝેર જેવો થઈ ગયેલો. પરંતુ આ વાતની કોઈને ખબર નહોતી. સ્થિતપ્રજ્ઞ મહારાજશ્રી તો ઠાકોરજીનો પ્રસાદ આદરપૂર્વક આરોગી ગયા. જમી લીધા પછી તેમણે રસોઈયાને એકાંતમાં બોલાવીને ભલામણ કરી કે દૂધપાક ખારો હોવાથી સંતોને ભોજનમાં એ ના પીરસશો. આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજની ઉત્કૃષ્ટ આત્મનિષ્ઠાનો પુનિત પરિચય આ પ્રસંગ ઉપરથી સમગ્ર સંપ્રદાયને સુપેરે થઈ ગયો. અનાદિ મુક્તરાજ અબજીબાપાશ્રી એમની વાતોમાં મુમુક્ષુમાં આત્મનિષ્ઠા કેવી હોવી જોઈએ તે સમજાવવા માટે આચાર્યશ્રીના આ પ્રસંગનું દૃષ્ટાંત હંમેશાં આપતા હતા.

આવો જ એક બીજો પ્રસંગ પણ એમની ઉચ્ચ સ્થિતપ્રજ્ઞ સ્થિતિનો દ્યોતક છે. એકવાર મહારાજશ્રી માનસીપૂજામાં ધ્યાનસ્થ હતા ત્યારે તેમણે ઓઢેલી શાલમાં એક વીંછી ઘૂસી જઈ તેમના બરડામાં બે ચાર જગ્યાએ કરડી ગયો. છતાં પણ મહારાજશ્રી તો જરા પણ વિચલિત થયા વિના સ્વસ્થ ચિત્તે ધ્યાનમાં લીન રહ્યા. પૂજામાંથી ઊઠ્યા પછી તેમણે પોતાના પાર્ષદને પૂછ્યું : 'જુઓ તો આ શાલમાં શું છે ?' હજુરી સેવકે જોયું તો શાલમાંથી વીંછી નીકળ્યો. વીંછીના ડંખની અસહ્ય વેદના વચ્ચે પણ સ્વસ્થ ચિત્તે એક આત્મનિષ્ઠ યોગી જ ધ્યાનમગ્ન રહી શકે છે.

શ્રીજીમહારાજની પ્રત્યક્ષ પ્રેરણાથી તેમણે શ્રીહરિના જન્મસ્થાન છપૈયામાં અઢળક દ્રવ્ય ખર્ચીને ત્રણ શિખરનું મનોહર મંદિર બંધાવ્યું હતું, તેમ જ નારાયણ સરોવરનો ઘાટ બંધાવ્યો હતો. ધર્મપિતાના વતન રૈકહટ ગામમાં અવધેશ્વર મહાદેવ પધરાવી તે પ્રસંગે ભૂદેવોને જમાડી તૃપ્ત કર્યા હતા. આ સિવાય શ્રીજીમહારાજના સંકલ્પ પ્રમાણે મૂળી, જેતપુર, સિદ્ધપુર, માણસા, ઈડર, પ્રાંતિજ, માંડવી અને ભુજમંદિરમાં શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રતિમા પધરાવી હતી.

આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ પોતે એક બહુમુખી પ્રતિભાસંપન્ન ધર્માચાર્ય હતા. તેઓએ સંસ્કૃત વાઙ્મયમાં સર્વ શાસ્ત્રોનો તલસ્પર્શી અભ્યાસ કર્યો હતો. છતાં પણ જ્ઞાનનો અણુમાત્ર ભાર પણ એમના વ્યક્તિત્વમાં વર્તાતો નહોતો. તેઓ વ્રજ અને અવધિ ભાષામાં કાવ્યશાસ્ત્ર શીખ્યા હતા. તેમણે હિન્દી, ગુજરાતી અને વ્રજ ભાષામાં

સેંકડો કીર્તનો રચ્યાં છે. શાસ્ત્રીય સંગીત અંગેનું તેમનું જ્ઞાન વિશેષ ઉલ્લેખનીય છે.

મહારાજશ્રી અને સદ્‌ગુરુ ભુમાનંદ સ્વામી એ બંનેને પરસ્પર અત્યંત આત્મબુદ્ધિ હતી. બંનેએ એકબીજાને એકસાથે અક્ષરધામ જવાના કોલ દીધા હતા. આચાર્યશ્રીની પ્રેરણાથી જ ભુમાનંદ સ્વામીએ શ્રીજીમહારાજની બાળલીલા વિષયક 'ઘનશ્યામ લીલામૃત' નામનો સુંદર ગ્રંથ પદ્યમાં રચ્યો છે.

એકવાર અલગારી ઓલિયા સમા આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ સતત બાવન દિવસ સુધી અન્નજળ લીધા વિના સમાધિમાં રહ્યા. હેતવાળા સંત હરિભક્તો મહારાજશ્રીના દર્શને દોડી આવ્યા. ત્યારે શુકમુનિ અને ગુણાતીતાનંદ સ્વામીએ પ્રાર્થનાપૂર્વક કહ્યું : 'મહારાજ, આપ અન્નજળ લેતા નથી તેથી સર્વે સંત હરિભક્તો અત્યંત ઉદાસ થઈ ગયા છે. માટે આપ થોડું જમો.' તત્કાળ આચાર્યશ્રીએ આંખો ખોલી કહ્યું : 'હું તો સદાય શ્રીજીમહારાજ સાથે જમું છું, માટે મારી ચિંતા ન કરશો.' આટલું કહીને વળી પાછા ઉપશમમાં ઉતરી ગયા. બાવન દિવસ પછી મહારાજશ્રી સમાધિમાંથી જાગ્યા ત્યારે ગામોગામથી સંત-હરિભક્તો એમના દર્શને ઉમટી આવ્યા હતા. બળદિયાથી અનાદિ મુક્તરાજ અબજીબાપાશ્રી પણ મહારાજશ્રીને મળવા માટે અમદાવાદ આવ્યા હતા. એ વખતે ગુણાનુરાગી મહારાજશ્રીએ અબજીબાપાશ્રીનો પરિચય આપતા સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું: 'સ્વામી, આ કચ્છના સમાધિવાળા અબજીભાઈ છે.'

બાપાશ્રી ગુણાતીતાનંદ સ્વામી પાસે ચરણવંદના કરવા ગયા ત્યારે સ્વામીએ બાપાશ્રીના બે હાથ પકડી લીધા અને એમને બાથમાં લઈને ગાઢ આલિંગન આપ્યું. બે વિરલ વિભૂતિઓનું આ અભૂતપૂર્વ મિલન સંપ્રદાયની તવારીખમાં એક યાદગાર ઘટના તરીકે સદાકાળ સજીવન રહેશે.

એકવાર પ્રબોધિની એકાદશીના સમૈયા પ્રસંગે મહારાજશ્રી હાથી પર બેસી હજારો હરિભક્તો સાથે શોભાયાત્રા કાઢી અમદાવાદમાં સાબરમતી નદીના કાંઠે આવેલા નારાયણ ઘાટે પધાર્યા હતા. શોભાયાત્રા દરમ્યાન અમદાવાદ શહેરની ભરચક મેદનીના કાન ફાડી નાંખે એવા કોલાહલ વચ્ચે પણ અંતર્વૃત્તિ કરીને હાથી ઉપર બેઠેલા મહારાજશ્રીએ શ્રીજીમહારાજની જેતલપુર લીલાના ભક્તિશૃંગારમય ચાર કીર્તન મનોમન રચી કાઢ્યા. સવારી જ્યારે ઘરે પહોંચી ત્યારે તેમણે હજૂરી પાર્ષદ પાસે એ પદો કાગળ ઉપર ઉતરાવી લીધાં. શ્રીજીમહારાજ જેતલપુરની વાડી ફૂલબાગમાં પધાર્યા અને બોરડીના વૃક્ષ નીચે સભા કરીને બિરાજ્યા તે પ્રસંગની લીલાનું રસિક નિરુપણ આચાર્યશ્રીએ એમના કીર્તન - **'હરિ મિલે બોરસડી કી છૈયાં...'** એમાં કર્યું છે.

શ્રીજીએ વારસામાં આપેલા સત્સંગને દેદિપ્યમાન કરી અમદાવાદ દેશની ગાદીના પીઠાધિપતિ તરીકે પોતાના પુત્ર શ્રી કેશવપ્રસાદજી મહારાજને પ્રતિષ્ઠિત કરી આચાર્યપ્રવર શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ સં. ૧૯૨૪ના ફાગણ સુદ આઠમના દિવસે અક્ષરધામમાં પધાર્યા.

**કાવ્યકૃતિ :**

**હરિ મિલે બોરસડી કી છૈયાં... હરિ.**
**મૈં જ્યું ગઈતી જલ ભરનેકું, હસી બોલાઈ મોરે સૈયાં. હ. ૧**
**શ્વેત પાઘ શિર સુંદર સોહત, ફૂલતોરા લટકૈયા. હ. ૨**
**કેસર તિલક ભાલ બિચ નીરખી, લપકી લપકી પરી પૈયાં. હ. ૩**
**અવધપ્રસાદ કે' મન હર લીનો, સહજાનંદ સુખદૈયાં. હ. ૪**

**આસ્વાદ :**

કવિ અવધપ્રસાદ આત્મલક્ષ્મી ઊર્મિપ્રધાન પદકવિ છે. તેથી જ એમના કવનમાં સ્વેષ્ટ સ્વામી શ્રી સહજાનંદજી પ્રત્યેની માહાત્મ્યજ્ઞાનેયુક્ત મધુર પ્રેમભક્તિની ભાવાત્મક અભિવ્યક્તિના ઉજ્જવલ ક્લાઉન્મેષો સહેજે ઝીલાયા છે.

અગમ્યને ગમ્ય બનાવી અવ્યક્તને કાવ્ય દ્વારા વ્યક્ત કરવું એ કવિક્રમ છે. કવિએ આવી જ કંઈક ચેષ્ટા આ રૂપક કાવ્ય દ્વારા કરી છે.

પહેલી નજરે એમ લાગે છે કે બોરડીના ઝાડ નીચે બેઠેલા મહાપ્રભુ શ્રી સહજાનંદ સ્વામીને જોઈને કવિને એમનામાં પરાત્પર પરબ્રહ્મ પરમેશ્વરની પ્રતીતિ થાય છે. તેથી તરત જ કવિના અંતરમાંથી ઉદ્‌ગાર સરી પડે છે-

**'હરિ મિલે બોરસડી કી છૈયાં...'**

હવે કવિ સ્વેષ્ટ પ્રભુ પ્રત્યેના પોતાનાં ભાવ - સંવેદનો ગોપાંગનાઓની પ્રેમ ચેષ્ટાઓ દ્વારા અભિવ્યક્ત કરે છે.

પ્રેમઘેલી ગોપી ગાગર લઈને જળ ભરવા ગઈ ત્યાં બોરડી નીચે બેઠેલા પિયુએ તેને પ્રેમપૂર્વક હસીને બોલાવી! પછી શું બાકી રહે?

પરમાત્માને વેદોમાં **રસો વૈ સઃ ।** કહેવામાં આવ્યા

છે. પરમાત્મા રસરૂપ છે - આનંદરૂપ છે. પરમાત્માનું સ્વરૂપ પરમ દર્શનીય છે. તેથી જ કવિએ શ્રીહરિની શ્વેત પાઘમાં લટકતા ફૂલતોરા અને તેમના ભાલમાં શોભતા કેસર તિલકનું ગોપીભાવે ગીત ગાયું છે. અંતમાં કવિ કબૂલ કરે છે કે સુખપ્રદાતા સલૂણા સહજાનંદે મારા હૈયાને હરી લીધું છે.

આખુંય કાવ્ય એક રૂપક (Metaphor) છે. બોરડી એ એક એવું કાંટાળું ઝાડ છે જેમાં હંમેશાં મીઠાં બોર બેસે છે. એના રૂપક દ્વારા કવિને કહેવાનું તાત્પર્ય એ છે કે પરમાત્માની પ્રાપ્તિ સખત સાધનાના પરિપાકરૂપે પ્રભુની પ્રસન્નતાના મીઠાં ફળરૂપે જ થાય છે. ગોપી એ ભક્તની આધ્યાત્મિક અભિપ્સાનું પ્રતિક છે. ભક્ત જ્યારે ભક્તિભાવ રૂપી જળ ભરવા સત્સંગરૂપી સરોવર પાસે આવે છે, ત્યારે એને અનાયાસે પ્રભુ પ્રસન્નતાનો પ્રસાદ મળી જાય છે. રસરૂપ પરમાત્મા સદાય સાકાર સ્વરૂપે જ પોતાના ભક્તના અંતરમાં તથા પોતાના ધામમાં બિરાજે છે. એ તથ્યને સમજાવવા માટે જ કવિએ શ્રીહરિની શ્વેતપાઘ અને એમાં લટકતા ફૂલતોરાનું માર્મિક વર્ણન કર્યું છે. એ રસાત્મક સાકાર સ્વરૂપની શુદ્ધ ઉપાસના દ્વારા જ ભક્ત પરમાત્માના પરમ સાધર્મ્યને પામે છે!

કાવ્યમાં પ્રાસાદિકતા નખશિખ મહોરે છે. પદ સુગેય છે. રાગ ઠુમરીમાં એની બંદિશ કાવ્યના ભાવને સુસંગત છે.

# સબ ઋતુરાજ વસંત હૈ...

## ૭

## સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી

મનુષ્યજીવનમાં વસંતનો વિલાસ પ્રગટતા જ યૌવનનો અનેરો થનગનાટ ક્ષણે ક્ષણને આનંદ અને ઉલ્લાસથી ભરી દે છે! યા પિંડે સા બ્રહ્માંડે એ ન્યાયે પ્રકૃતિમાં પણ જ્યારે વાસંતી વાયરા વાય છે ત્યારે સકળ સૃષ્ટિ સમુલ્લાસભેર વસંતના વધામણાં ગાય છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં કવિઓએ વસંતને મન મૂકીને ગાયો છે. સ્વામિનારાયણ સંપ્રદાયના નંદ સંતકવિઓએ પણ વસંતગાનને એક ભક્તિભાવન ઉદ્દીપક તરીકે સ્વીકારીને એનો યથોચિત ઉપયોગ પોતાની ભક્તિઆરાધનામાં પ્રગલ્ભપણે કર્યો છે.

વસંતનો ઉત્સવ એ તો આનંદનો ઉત્સવ છે! પ્રત્યેક મુમુક્ષુ શાશ્વત આનંદનો ઉપાસક છે, તેથી જ ભગવાન શ્રી સ્વામિનારાયણ વસંતને વધાવવા વસંતપંચમીનો મહોત્સવ હંમેશાં ભારે ભવ્યતાથી રંગેચંગે ઉજવતા હતા.

આ. સં. ૧૮૬૨માં શ્રીજીમહારાજ લોયાના દરબાર સુરાખાચરના આગ્રહભર્યા આમંત્રણનો સહર્ષ સ્વીકાર કરીને વસંતોત્સવ ઉજવવા માટે સર્વે સંત હરિભક્તો સાથે લોયા પધાર્યા હતા. મહારાજની સાથે આ ટાણે સંતમંડળમાં મોવડી તરીકે સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી હતા. ગઢપુરથી

હરિભક્તોનો બહુ મોટો કાફલો વસંતોત્સવ ઉજવવા માટે લોયા આવ્યો હતો.

લોયા દરબાર સુરા ખાચર ભારે ઉત્સાહી ભાવુક ભક્ત હતા. તેમણે આ મહોત્સવ માટે દિલથી તૈયારીઓ કરી હતી. આખું લોયા ગામ આ પ્રસંગે ધજા-પતાકા તથા આસોપાલવના તોરણોથી શણગારવામાં આવ્યું હતું. ધૂળિયા રસ્તાઓને વાળી ઝૂડીને સ્વચ્છ કરી પાણીનો છંટકાવ કરી નંદનવન સમું રમણિય વાતાવરણ સર્જવામાં કોઈ કસર રાખવામાં નહોતી આવી. જાણે દિવાળીનું દેદિપ્યમાન પર્વ હોય તેમ ગામના પ્રત્યેક ઘર રંગોળી, સાથિયા અને તોરણોથી શોભતા હતા.

સુરાખાચરનો શ્રીજીમહારાજ પ્રત્યેનો અનન્ય સખાભાવ અર્જુનના શ્રીકૃષ્ણ સાથેનો સખાભાવથી સહેજ પણ ન્યૂન નહોતો. એટલું જ નહીં, એમનો સ્વભાવ એટલો બધો રમૂજી હતો કે સત્સંગમાં સુરાખાચર અને હાસ્ય બંને એકબીજાના પર્યાય બની ગયા હતા. સુરા ખાચરની રમૂજવૃત્તિ અદ્‌ભુત હતી. એમનો દેખાવ પણ એટલો જ રમૂજ પ્રેરક હતો. મહારાજ એમને જોઈને જ અનાયાસે હસી પડતા, એમની વાત સાંભળીને મોંઢે આડો રૂમાલ રાખીને ખડખડાટ હસતા, તેમના માથે બાંધેલા મોટા પ્રચંડ પાઘડાને જોઈને હસતા અને એમની મોટી માટલા જેવી ફાંદને બંને હાથે હલાવીને હસતા! સુરાખાચર ઘણીવાર મહારાજને કહેતા : ‘પ્રભુ, અમને જ્યારે અંતરમાં અજંપો થાય છે, ત્યારે આપને સંભારીએ છીએ એટલે અંતરમાં એકદમ ટાઢું થઈ જાય છે! તેમ તમે જ્યારે ઉદાસ થાઓ

ત્યારે મને સંભારજો, મારા મોટા પાઘડાને યાદ કરજો અથવા છેવટે મારી આ ગોળી જેવી ફાંદને! પછી જો જો તમારી ઉદાસિનતા કેવી ભાગી જાય છે!!' મહારાજ આ સાંભળીને ખૂબ હસતા.

વસંતપંચમીના આગળના દિવસે મહારાજે સુરાખાચરને બોલાવીને કહ્યુંઃ 'દરબાર, આવતી કાલે વસંતપંચમી છે માટે કેસૂડાનો રંગ બનાવડાવો. દેશદેશાંતરથી આવેલા હરિભક્તો પોતાની સાથે અબિલ-ગુલાલ લાવ્યા છે. સુરાખાચર કહે, 'મહારાજ, બધી તૈયારી થઈ ગઈ છે. વસંતનું પૂજન કરવા શી સામગ્રી જોઈશે તે કહો.' શ્રીહરિએ સૂચન આપતા કહ્યું : 'તમારા દરબાર ગઢમાં મંડપ બંધાવી તેની વચ્ચે વેદિકા બનાવો. તેમાં રંગોળી રચી અષ્ટદળ કમળ ચીતરાવી તેની ઉપર જળ ભરેલો સુવર્ણ કળશ તેમાં આંબાનો મોર, દુર્વાના પાન વગેરે નાંખી ઉપર શ્રીફળ ગોઠવી પધરાવજો. તે કળશનું પૂજન કરી આપણે વસંતોત્સવનો પ્રારંભ કરીશું.'

શ્રીજીમહારાજની સૂચના અનુસાર વસંતપંચમીના શુભપર્વે સઘળી તૈયારીઓ થઈ ગઈ. શ્રીહરિ સંતો સાથે મંડપમાં પધાર્યા અને કળશનું પૂજન કર્યું. ત્યાં તો સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીએ વસંતને વધાવતા દોહા લલકાર્યા : **'સબ ઋતુરાજ વસંત હૈ, મોર્યો શ્રીહરિ અંબઃ બિરહી કોકિલ સ્વર કરે, ફૂલે સંત કદંબ.'** આ પ્રસંગે હાજર રહેલા સૌના અંતર વસંતના આગમને પ્રફૂલ્લિત થઈને પૂર્ણપણે પાંગરી ઊઠ્યા. શ્રીહરિએ સુવર્ણ પિચકારી લઈ કેસૂડાના રંગ છાંટી સર્વેને કેસરભીના કર્યા. ફગવા અને ગુલાલથી આખું ય

વાતાવરણ રંગભીનું અને ઉલ્લાસમય બની ગયું. સંતોએ રાસની રમઝટ બોલાવી. મુક્ત મુનિ નૃત્ય સાથે વસંત રાગમાં ગાઈ રહ્યા હતાઃ **'આજ અનુપમ દિવસ સખી રી, વસંતપંચમી આઈ...'**

આનંદ, ઉલ્લાસ અને નૃત્યસંગીત એ ત્રણેયનો જ્યાં સંગમ થાય છે, ત્યાં વસંતનો વિલાસ એની સોળે કળાએ ખીલી ઊઠે છે. ભક્તોના અંતરતમ ભક્તિભાવને મુક્તમને મુખરિત કરતું વસંતગાન વાજિંત્રોના સૂર તાલ સાથે વાતાવરણને અનેરા આહ્‌લાદથી ભરી દેતું હતું !

**કાવ્યકૃતિ : (દોહા)**

**સબ ઋતુરાજ વસંત હૈ, મોર્યો શ્રીહરિ અંબ;**
**બિરહી કોકિલ સ્વર કરે, ફૂલે સંત કદંબ. ૧.**
**પુરુષોત્તમ પ્રગટ જબે, તબ ઋતુરાજ વસંત;**
**જૂઈ ચમેલી માલતી, કેસુ ફૂલે સંત. ૨**
**શ્યામ સુંદરવર નિરખિકે, કિયો કુમતિ કો અંત;**
**પુરુષોત્તમ પદરત ભયો, તા ઘર સદા વસંત. ૩**
**આજ પંચમી સુભગ દિન, આજ લગ્યો ઋતુરાજ;**
**મુક્તાનંદ કે નાથસોં, ખેલન સજો સમાજ. ૪**
**તબ ઋતુરાજત વસંત હૈ, જબ ભઈ હરિસોં ભેટ;**
**પ્રેમ મગન ગુન ગાઈએ, લોકલાજ સબ મેટ. ૫**

**(રાગ - વસંત)**

**આજ અનુપમ દિવસ સખી રી, વસંતપંચમી આઈ;**
**પ્રેમમગન હોઈ પ્રભુસંગ ખેલે, બહુવિધ રંગ બનાઈ. આજ. ૧**
**ચુવા ચંદન અબીર અરગજા, કેસર ગાગર ઘોરી;**
**સબ હિ સંગ લેહુ વ્રજવનિતા, ભર ગુલાલકી ઝોરી. આજ. ૨**

**ભૂષન વસન સુરંગી પહિરો, પ્રેમસેં લયો પિચકારી;**
**શ્વેત વસ્ત્ર સબ ધરી શ્યામ રો, ખેલન હુ ભયે ત્યારી. આજ. ૩**
**રસિકરાય સંગ ફાગ ખેલિ કે, તન-મન અર્પણ કીજે;**
**મુક્તાનંદ કે નાથ કુ ઉર ધરી, જનમ સુફલ કરી લીજે. આજ. ૪**

**આસ્વાદ :**

વસંતપંચમી એ ભગવાન સ્વામિનારાયણના ઉપાસક મુમુક્ષુઓ માટે અત્યંત મહત્વપૂર્ણ દિવસ છે. આ પર્વાધિરાજે પરાત્પર પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમનારાયણે વડતાલમાં પોતાની વાણીસ્વરૂપા 'શિક્ષાપત્રી'નું સર્જન કર્યું હતું.

વનમાં, જનમાં અને તન-મનમાં વસંતની ખુમારી નવું જોમ પ્રગટાવે છે. તેથી જ એ વિકાસની સૂચક માનવામાં આવે છે. એટલું જ નહીં, એ ઉલ્લાસ અને ઉમંગની દ્યોતક બની રહે છે. જીવનમાં અને ભક્તિમાં વસંતની મહત્તા બેશક સ્વીકારાઈ છે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના આદિ કવિ સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી આ ઐતિહાસિક વસંતગાનનો આરંભ **'સબ ઋતુરાજ વસંત હૈ...'** એ દોહા દ્વારા કરે છે.

દોહાબંધ આ કાવ્યની પંક્તિએ પંક્તિએ સંત કવિ મુક્તાનંદ મન મૂકીને મહોરે છે. એમ કહેવાય છે કે જ્યારે વિરહાકુળ કોકિલ પોતાની પ્રિયતમાના વિયોગમાં કેલી કૂજન કરે છે ત્યારે એના આર્તનાદના પડઘારૂપે વન ઉપવનમાં વસંતનું આગમન થાય છે. પરિણામે આંબા ઉપર મહોર આવે છે અને જૂઈ, ચમેલી, અને માલતીની લતાઓ સુંદર સુવાસિત પુષ્પોથી પલ્લવિત થઈ જાય છે.

પ્રકૃતિના આ વસંતવિલાસને કવિ તાત્ત્વિક દૃષ્ટિએ મૂલવતા કહે છે : આ બ્રહ્માંડના વૈરાજ નારાયણે દીર્ઘકાળ પર્યંત કઠોર તપશ્ચર્યા કરી ત્યારે પ્રગટ પુરુષોત્તમ નારાયણ આ લોકમાં પ્રગટ થયા અને એમના પ્રાગટ્યના પગલે જ આ સકલ સૃષ્ટિમાં કલ્યાણની વસંતનું આગમન થઈ ચૂક્યું છે. જે જીવાત્માઓએ શ્રીહરિના શ્યામ સુંદર સ્વરૂપને ઓળખીને પોતાની અજ્ઞાનવશ અશ્રદ્ધાનો ત્યાગ કરી એમને પોતાના અંતરમાં પધરાવ્યા તેના હૃદય મંદિરમાં સદાકાળ માટે વસંતે વાસ કર્યો છે.

વસંતપંચમીના સુભગ દિનથી ઋતુરાજ વસંતનો પ્રારંભ થાય છે. એ દિવસે સકળ સૃષ્ટિ સમુલ્લાસથી આનંદ મંગલના ગીતો ગાય છે. પરંતુ કવિને મતે તો જીવને જ્યારે પ્રગટ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણમાં પરાત્પર પરબ્રહ્મની પ્રતીતિ થાય છે એ દિવસે જ એના જીવનમાં વસંતનું પદાર્પણ થાય છે. માટે પ્રેમમગ્ન થઈને લોકલાજ છોડી નિરંતર હરિગુણ ગાવા જોઈએ.

હવે કવિનું વસંતગાન રાગ વસંતની સ્વર રચના દ્વારા સંગીતની સુરમ્ય સૂરાવલિ અને ભાવમનોહર શબ્દ રંગોથી વાતાવરણને રસતરબોળ કરી દે છે.

**આજ અનુપમ દિવસ સખી રી વસંતપંચમી આઈ,**
**પ્રેમમગન હોઈ પ્રભુસંગ ખેલે, બહુવિધ રંગ બનાઈ.**

જીવ જ્યારે અજ્ઞાનનો અંચળો છોડીને શિવત્વને પામે છે, ભક્ત જ્યારે પરમાત્માનું પરમ સાધર્મ્ય પામીને પરમાત્મરૂપ થાય છે ત્યારે એના જીવનમાં આનંદના આવિષ્કારરૂપ વસંતનું આગમન થાય છે. ચુવા, ચંદન,

અબીલ, અરગજા, કેસર, ગુલાલ આ બધાં સુગંધયુક્ત વિવિધ રંગો એ પરમાત્માના દિવ્ય સ્વરૂપદર્શન દ્વારા અનુભવાતા વિવિધ ભાવસંવેદનોના પ્રતિકો છે.

મહામુક્તરાજ અબજીબાપાશ્રી હંમેશાં કહેતા કે મહારાજની મૂર્તિમાંથી આનંદના ઓઘ ઊતરે છે, ખુશ્બુની છોળો ઉડે છે, વિવિધ સુખાનુભવોની લ્હાણી થાય છે. અક્ષરધામમાં સદાય વસંતોત્સવ ઉમંગભેર મહારાજ અને મુક્તો વચ્ચે ઉજવાયા કરે છે!

અંતિમ ચરણમાં મુક્ત મુનિ મુમુક્ષુને મહામૂલી શિખામણ આપતા કહે છે -

**રસિકરાય સંગ ફાગ ખેલિ કે, તન-મન અર્પણ કીજે;**
**મુક્તાનંદ કે નાથ કુ ઉર ધરી, જનમ સુફલ કરી લીજે.**

તન અને મનથી સંપૂર્ણપણે સમર્પિત થયા વિના કેવળ બાહ્ય આડંબર દ્વારા પ્રભુ ભક્તિ કરવાથી જીવનમાં ક્યારેય વસંત નથી પાંગતી. માટે જો પરમાત્માના રસાત્મક સ્વરૂપનો રંગ લાગ્યો હોય તો તન અને મનથી એ સ્વરૂપને સમર્પિત થવું અત્યંત આવશ્યક છે.

‘પરથમ પહેલાં મસ્તક મૂકી, વળતું લેવું નામ જો’ આ કાવ્યપંક્તિમાં સમર્પણને જ ભક્તિમાર્ગનું પ્રથમ પગથિયું બતાવ્યું છે.

બીજી શિખામણ કવિ એ આપે છે કે મુમુક્ષુને ભક્તિનો રંગ લાગ્યા પછી સંપૂર્ણતઃ સમર્પિત થયા બાદ પ્રગટ પુરુષોત્તમના સાકાર સ્વરૂપનું અંતરમાં ધ્યાન ધરીને આત્યંતિક કલ્યાણના અધિકારી બની પોતાનો જન્મ સફળ કરી લેવો જોઈએ.

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીની પ્રસ્તુત વ્રજભાષા કવિતા પ્રાસાદિકતા, શબ્દસૌષ્ઠવ, અર્થવૈભવ તેમ જ પદલાલિત્યથી ભરપૂર છે.

# સખી હૈડે તે હરખ ન માય, આજ દિવાળી રે

## ૮

## સદ્‌ગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામી

સંસ્કૃતમાં એક વિખ્યાત ઉક્તિ છે : मानवाः उत्सवप्रियाः। મનુષ્ય મૂળભૂત રીતે ઉત્સવપ્રિય છે, કારણ કે આનંદ એ આત્માનો સ્વભાવ છે. ભારતવર્ષનો ઇતિહાસ તપાસીએ તો જાણવા મળે છે કે વિક્રમ સંવત પ્રમાણે આપણે છેલ્લા ૨૦૬૬ વરસથી દિવાળી ઉજવતા આવ્યા છીએ. જો કે આપણા ધર્મશાસ્ત્રો તો એમ કહે છે કે દ્વાપર યુગમાં અવતરેલા ભગવાન શ્રી રામચંદ્રજી લંકાવિજય પછી સીતાજી સાથે અયોધ્યા પરત આવ્યા ત્યારે તેમના ભવ્ય સ્વાગત સ્વરૂપે જે મહોત્સવ ઉજવાયો તેને 'દિવાળી' એવું દેદિપ્યમાન નામ મળ્યું!

દિવાળી એટલે દીવાઓનો ઉત્સવ - પ્રકાશનું પર્વ. આ એનો સામાન્ય શબ્દાર્થ છે. પરંતુ ગહન ચિંતન કરતા એના અનેક ગૂઢાર્થો અંતરમાં સ્ફૂરે છે. જે 'દી' વાળે યાને 'દી' અજવાળે તે દિવાળી. સામાન્યતઃ બધા એમ માને છે કે ભૌતિક સુખ, સંપત્તિ અને સમૃદ્ધિથી માણસનો દી વળે છે અને ઉજળો થાય છે, પરંતુ ઇતિહાસ એમ કહે છે કે ભૌતિક સુખ-સંપત્તિથી ક્યારેય કોઈનો દી વળ્યો નથી અને વળતો નથી. ભૌતિક સુખસમૃદ્ધિ દ્વારા જે સુખ મળે છે તે હકીકતમાં તો સુખના આભાસવાળું દુઃખ જ હોય છે.

પરિણામે એવી સુખસંપત્તિની પ્રાપ્તિથી કોઈનો પણ દી વસ્તુતઃ વળતો નથી. દિવાળીના દિવસે ઘર આંગણે દીવા પ્રગટાવવાથી શું એ ઘરમાં રહેનારા માણસોના અંતરમાં અજવાળું થાય છે? શું એમના જીવનમાં સત્ય અને પ્રેમનો પુનિત પ્રકાશ રેલાય છે?

દિવાળી દ્વારા દી ત્યારે જ વળે જ્યારે મનુષ્યને સ્વસ્વરૂપનું સમ્યક્ જ્ઞાન થાય, એને સ્વસ્વરૂપનો અનુભવ થાય, અને એના આત્મામાં અંતર્યામીરૂપે બિરાજમાન પરમાત્માના દિવ્ય વ્યતિરેક સ્વરૂપનો સાક્ષાત્કાર થાય. આવા અનુભવ જ્ઞાન પછી અંતરમાંથી અજ્ઞાનનો અંધકાર ટળી જતાં અહોનિશ પ્રકાશ અને પ્રેમપૂર્ણ આનંદનો જે આવિષ્કાર થાય છે તે જ સાચા અર્થમાં દિવાળી છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વભક્તજનોના શિક્ષણ અને માર્ગદર્શન માટે વરસ દરમ્યાન ઉજવવા યોગ્ય બધાજ તહેવારો પોતે ઉજવી બતાવ્યા છે. તેમાં પણ દિવાળીનો ઉત્સવ કેવી રીતે ઉજવવો જોઈએ એની રીત શ્રીજીમહારાજે સં. ૧૮૭૨ના દીપોત્સવ દ્વારા જણાવી છે. ‘સત્સંગિજીવન’ના ત્રીજા પ્રકરણના દશથી ચૌદ સુધીના પાંચ અધ્યાયોમાં તેનું વિગતવાર રસમધુર વર્ણન આપવામાં આવ્યું છે. આજથી લગભગ એકસો ચોરાણું વરસ પહેલાં ઉજવાયેલી એ દિવાળી આજે પણ એટલી જ પ્રસ્તુત છે!

શ્રીજીમહારાજે સં. ૧૮૭૨માં જન્માષ્ટમીનો મહોત્સવ ગઢપુરમાં ખૂબ જ રંગેચંગે ઉજવ્યો હતો. ત્યારબાદ આસો માસ બેસતાં જ દાદાખાચર એમની બંને બહેનો લાડુબા અને જીવુબાના આગ્રહને વશ વર્તીને ગઢપુરમાં જ દિપોત્સવી

અને અન્નકૂટોત્સવ ઉજવવાની રજા લેવા માટે મહારાજ પાસે અક્ષરઓરડીએ ગયા. મહારાજે કહ્યું : ‘દાદા, તમારી ભક્તિ અપરિમીત છે, પરંતુ ધન પરિમીત છે. ગૃહસ્થોએ આવક કરતા વધારે ખરચ ન કરવું જોઈએ. દેવું કરીને ધર્મકાર્ય કરવું હિતાવહ નથી. દેવાદાર માણસ ક્યારેય સુખી થતો નથી. એને કદી ભજનનું સુખ આવતું નથી. અત્યારે તો હું પ્રત્યક્ષ બિરાજમાન છું એટલે તમને વાંધો આવતો નથી, પરંતુ મારી આ વાત હંમેશાં ધ્યાનમાં રાખજો. હું તો ભાવનો ભૂખ્યો છું, નિષ્કંચન દ્રવ્ય વગરના સંતપુરુષો મારી ષોડશોપચારે માનસી પૂજા કરે છે ત્યારે હું તેમના ભાવ પ્રમાણે તેમના ઉપર પ્રસન્ન થઈ અનુગ્રહ કરું છું.’ પરંતુ ત્યારબાદ દાદાખાચરના અતિ આગ્રહને કારણે મહારાજે ગઢપુરમાં દિપોત્સવી મહોત્સવ ઉજવવા માટે અનુમતિ આપી દીધી.

શ્રીજીમહારાજની આજ્ઞા થતાં જ જન્માષ્ટમી અને વિજ્યાદશમી ઉપર દેશદેશાંતરથી જે હરિભક્તો ગઢપુર દર્શનાર્થે આવ્યાં હતાં તે બધાંને દિવાળીના અન્નકૂટોત્સવની તૈયારી માટે રોકી રાખવામાં આવ્યાં. ધર્મપ્રચારાર્થે દેશાંતરમાં વિચરી રહેલા સંતોને દિપોત્સવમાં ભાગ લેવા માટે ધનતેરસના દિવસે ગઢપુર આવી જવાની મૌખિક સૂચના મોકલવામાં આવી.

ધનતેરસના દિવસે વહેલી સવારે જ્યારે ભગવાન સ્વામિનારાયણને ખબર આપવામાં આવ્યા કે દેશદેશાંતરથી હરિભક્તો અને સંતો ગઢપુરની સીમમાં આવી પહોંચ્યા છે ત્યારે ભક્તવત્સલ પ્રભુ એકદમ ઊભા થઈ ગયા,

ભક્તજનોને મળવાના પ્રેમાતિરેકમાં ઉતાવળમાં એ અંગરખું પહેરવાનું પણ ભૂલી ગયા અને ઉત્તરીય વસ્ત્રથી કમરને બાંધીને તથા માથે પુષ્પના તોરાવાળી પાઘ મૂકીને તરત જ ઘોડા ઉપર બેસીને સંતહરિભક્તોને આવકારવા સામા ગયા. શ્રીહરિને અશ્વારૂઢ બનીને આવતા જોઈને સર્વે સંતો ને હરિભક્તો કમાનમાંથી જેમ સનનન કરતું તીર છૂટે, તેમ એકદમ સામે દોડી જઈને ભાવાવેશમાં ભૂમિ ઉપર લાકડીની જેમ લાંબા થઈને (દંડવત્) પ્રણામ કરવા લાગ્યા. ભક્તો અને ભગવાનનું આવું અદ્‌ભુત મિલન અન્યત્ર ક્યાંય જોવા મળે તેમ નથી.

સત્સંગિજીવનમાં મહામુનિ શતાનંદ સ્વામીને અન્નકૂટોત્સવની તૈયારી કરતાં નરનારી ભક્તજનોની સ્થિતિનું જે માર્મિક વર્ણન કર્યું છે તે અત્યંત પ્રેરણાદાયક અને નિત્યસ્મરણીય છે.

ઉત્સવની તૈયારીનો આરંભ બહેનો દ્વારા ડાંગર ખાંડવાના, વડી પાપડ અને સેવો બનાવવાના અને ઘઉંનો લોટ દળાવવાના કાર્યથી કરવામાં આવ્યો. આ મંગળકાર્ય કરનારાઓની જિહ્‌વા સતત શ્રીહરિના નામનું સંકીર્તન કરતી રહેતી, એમની આંખો અને હાથ સ્થૂળ રીતે અન્નકૂટના કામમાં રોકાયેલા રહેતા, પરંતુ એમના અંતરમાં મહારાજની રસાત્મક મૂર્તિ અખંડ તેલધારાવત્ દેખાયા કરતી. કાંસાની મોટી થાળી ઉપર પાપડ વણતી બહેનો પૂર્ણિમાના પૂર્ણ ચંદ્ર સમાન ગોળ અને મોટા પાપડ વણતાં, પાપડ ઉપર શ્રીહરિની શાંત મૂર્તિ રમતી જોતી ત્યારે વેલણવાળા એમના હાથ હવામાં અધ્ધર ઊંચા રહી જતા અને એમના મુખ ઉપર મધુર આનંદના ઉજ્જવળ તરંગો

વિલસી રહેતા. પુરુષ આશ્રિતોના રસોડામાં, કેટલાક ભક્તોના ચૂલે જલેબી અને ખાજાં તો સુરતના સત્સંગીઓના ચૂલે ધારી ને ઘેબર, ખંભાતના હરિભક્તોના રસોડે સુતરફેણી અને હલવાસન અને ભાતભાતના પકવાન બનતા હતાં. રાતદિવસ આ રસોડા ચાલ્યા કરતા પરંતુ કોઈના પણ ચહેરા પર થાક કે કંટાળાનો અણસાર સુધ્ધા વર્તાતો નહોતો. એટલું જ નહીં એ સેવાભાવી ભક્તજનોના મુખ ઉપર પૂર્ણકામત્વભરી પ્રસન્નતા પ્રગલ્ભપણે પ્રકાશિત હતી. પ્રત્યેક ભક્તોના સેવાકાર્યનું મધ્યબિંદુ મહારાજ હતા. તેથી અન્નકૂટની વિવિધ વાનગીઓ તૈયાર કરતા સેવાભાવી ભક્તો સેવાકાર્યમાં એટલાં બધાં ઓતપ્રોત થઈ ગયા હતાં કે સહજ ભાવે એકાગ્ર થયેલા એમના અંતરમાં મહારાજની મૂર્તિના દર્શન એમને અનાયાસે થવા લાગ્યા. પરમાત્માની પૂર્ણ કૃપાથી પ્રાપ્ત થયેલી આ વિરલ સ્થિતિ હતી! જીવનમાં આ પ્રકારની અનુભૂતિ માટે જ્ઞાની, ધ્યાની, યોગી રાતદિવસ ભગીરથ પ્રયત્ન કરતા હોય છે, છતાં પણ એમને પરમાત્માની એક ઝલક સુધ્ધા સાંપડતી નથી.

દિવાળીના પરમ મંગળ દિને શ્રીજીમહારાજ બ્રાહ્મમુહૂર્તમાં ઊઠી સ્નાન-સંધ્યાદિ નિત્યકર્મ પતાવી દાદાખાચરના દરબારમાં પધાર્યા. વાસુદેવનારાયણના મંદિરમાં અન્નકૂટનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ભારતના વિવિધ ભાગોમાંથી આવેલા હજારો હરિભક્તોથી આજે આખુંય ગઢપુર ઉભરાઈ ગયું હતું. દાદાખાચરના દરબારમાં ત્યારે નાંખી નજર ન પહોંચે એટલો માનવ મહેરામણ

ઉમટેલો હતો. ચાતક જેમ પ્રેમાતુર નજરે ચંદ્ર સામે જોઈ રહે તેમ એ સર્વે ભક્તજનો ભક્તવત્સલ ભગવાન સ્વામિનારાયણ સામે અનિમેષ નેત્રે જોઈ રહ્યાં હતાં. મહારાજે પોતાની તર્જનીના ઈશારાથી સહુને નીચે બેસી જવાનો સંકેત કર્યો એટલે તરત જ સર્વે ભક્તજનો સહેજ પણ અવાજ કે ઉતાવળ કર્યા વિના મોકળાશથી વ્યવસ્થિત બેસી ગયા. અન્નકૂટની આરતી કર્યા પછી શ્રીજીમહારાજ સભામાં સુંદર સિંહાસન ઉપર બિરાજમાન થયા.

ત્યારબાદ ઉપસ્થિત સર્વે સંતો અને હરિભક્તોએ ક્રમવાર શ્રીજીમહારાજની પૂજા કરી. અદ્‌ભુત આશ્ચર્યની વાત તો એ બની કે અપૂર્વ શાંતિ અને ધીરજથી ચાલેલું પૂજાવિધિનું એ મહાકાર્ય મધ્યાહન સુધીમાં તો ખૂબ જ સરળતાથી સાંગોપાંગ સંપન્ન થયું. ભગવાન શ્રીહરિ ભક્તજનોને એ પછી થોડી વિશ્રાંતિ લેવાનું સૂચવે છે.

વિશ્રાંતિ પછી મળેલી સભામાં શ્રીજીમહારાજ દેશ પરદેશથી આવેલા સર્વે હરિભક્તોને એક અણચિંતવ્યો પ્રશ્ન પૂછે છે : 'હે ભક્તજનો! તમારા દેશમાં અમારા માટે, અમારા ત્યાગીઓ માટે, અમારા ગૃહસ્થ આશ્રિતો માટે, અમારા નારી ભક્તો માટે તથા અમે પ્રવર્તાવેલા ધર્મ માટે, ત્યાંની જનતા શું કહે છે?' શ્રીહરિના આ પ્રશ્નના ઉત્તરમાં સઘળા ભક્તજનોએ આપેલા વિસ્તૃત જવાબની ધ્રુવપંક્તિ એક જ હતી : 'धन्यो नारायणमुनिः सांप्रतं धरणीतले।' અર્થાત્ ભારતની ભૂમિ ઉપર વર્તમાન સમયે વિચરી રહેલા ભગવાન શ્રી નારાયણમુનિને અનેકાનેક ધન્યવાદ હો!

આશ્રિતોએ કહેલી આ વાત સાંભળીને શ્રીહરિ અત્યંત પ્રસન્ન થાય છે અને કહે છે : 'ત્યાગી અને ગૃહસ્થ સર્વ આશ્રિતોએ અમારું, સંપ્રદાયનું અને પોતાનું નામ અને મુખ હંમેશાં ઉજળું અને ગૌરવભર્યું રહે એવું જીવન જીવવાનો ભીષ્મ નિર્ધાર કરવો જોઈએ.'

ભગવાન સ્વામિનારાયણ ત્યારબાદ સભામાં પ્રાગજી દવે પાસે શ્રીમદ્ ભાગવતના પંચમસ્કંધની કથા વંચાવે છે. કથાની સમાપ્તિ પછી બ્રહ્માનંદ સ્વામી આદિ પરમહંસોએ કીર્તન - આરાધના આરંભી. આજના સપરમા પર્વે બ્રહ્મમુનિએ સરોદાના સૂરમાં રાગ સામેરીનો આલાપ લઈને તાર સ્વરે ગાવા માંડ્યું : **'સખી હૈડે તે હરખ ન માય, આજ દિવાળી રે...'** મહારાજની મનોરમ્ય મૂર્તિના અંગે અંગનું રસમય નિરૂપણ કરી અંતે કવિએ **'બ્રહ્માનંદના નાથનું થઈ, રૂપ જોઈ ગુલતાન'** એ પંક્તિ ગાઈ ત્યારે મહારાજ અત્યંત પ્રસન્નપણે ઊભા થઈને પોતાના પ્રાણપ્યારા સખા બ્રહ્માનંદને ભેટી પડ્યા!

**કાવ્યકૃતિ :**

**સખી હૈડે તે હરખ ન માય, આજ દિવાળી રે;**
**હું તો મગન થઈ મનમાંય, ભુધર ભાળી રે. આજ. ૧**
**સુંદર શ્યામ સોહામણો રે, સુંદર ગજગતિ ચાલ;**
**સુંદર શોભા અંગની હું તો, નીરખીને થઈ છું નિહાલ. આજ. ૨**
**નેણ મનોહર નાથનાં રે, હૈડે મનોહર હાર;**
**સુભગ મનોહર શ્યામળો વહાલો, નટવર ધર્મકુમાર. આજ. ૩**
**બાજુ નૌતમ બેરખા રે, બેહદ નૌતમ બાન;**
**બ્રહ્માનંદના નાથનું થઈ, રૂપ જોઈ ગુલતાન. આજ. ૪**

**આસ્વાદ :**

સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીની કવિતામાં બ્રહ્મબોલના પડછંદા અને પ્રેમભક્તિની મધુરતા એ બંને એની સોળે કળાએ મહોરે છે.

કવિને મન અંતરમાં આનંદ અને ઉલ્લાસના ઓઘ ઉતરે એ જ દિવાળી છે! આજે તિથિ પ્રમાણે આસો મહિનાની અમાવાસ્યા અર્થાત્ દિવાળીનું મહાપર્વ છે એટલે અંતરમાં આનંદ ઉભરાય છે એવું નથી. પરંતુ એ હૈડે ન સમાતા હરખના મૂળમાં માણિગર છે!

પદરચનાના પ્રવાહમાં પોતાનું કથન વ્યક્ત કરવું એ કવિને માટે સાહજિક છે. જે ઘડીએ કવિએ સલૂણા સહજાનંદને નીરખ્યા છે એ ક્ષણથી જ બ્રહ્માનંદ એમના સોહામણા સ્વરૂપમાં અને એમની લાક્ષણિક ગજગતિ ચાલમાં લોભાઈ ગયા છે. તેથી જ કવિને કબૂલ કરવું પડે છે : **'સુંદર શોભા અંગની હું તો નીરખીને થઈ છું નિહાલ.'** પરાત્પર પરબ્રહ્મ પ્રગટ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રત્યેક અંગ, તેમના પ્રત્યેક શૃંગાર તથા તેમની પ્રત્યેક ચેષ્ટા સુંદરતમ્ છે. શ્રી વલ્લભાચાર્ય રચિત મધુરાષ્ટક જેવો જ ભાવ કવિને અહીં અભિપ્રેત છે. અખિલમ્‌મધુરમ્ - પરમાત્માનું બધું જ મધુર મધુર છે, પરમાત્મા રસરૂપ છે.

**'નેણ મનોહર નાથનાં રે, હૈડે મનોહર હાર;**
**સુભગ મનોહર શ્યામળો વહાલો, નટવર ધર્મકુમાર.'**

નંદ સંતોના દસ્તાવેજી લખાણોમાં એવા ઉલ્લેખો ઘણીવાર આવે છે કે શ્રીજીમહારાજની આંખો અત્યંત

આકર્ષક હતી. તેથી કવિને શ્રીહરિના નેણ મનોહર ભાસે છે તે માત્ર ભાવઉન્માદ નથી, એક નરી વાસ્તવિકતાનું સમ્યક્ દર્શન છે. પ્રભુએ ગળામાં મનોરમ્ય હાર અને બંને હાથે બેરખા પહેર્યા છે. શ્રીહરિ શૃંગારથી સુશોભિત નથી પરંતુ એમના સૌંદર્યથી શૃંગાર શોભે છે. કવિ શ્રીજીમહારાજના રસિક રૂપમાધુર્યમાં એવા તો ગુલતાન થઈ ગયા છે કે એમના હૈયામાં આનંદ અને ઉલ્લાસના કોટાનુકોટિ દીવડાં એવા તો પ્રજ્વલિત થઈ ગયા છે જાણે આજે દિવાળી ના હોય!

લાલિત્ય અને માધુર્યથી છલકાતી બ્રહ્માનંદ સ્વામીની પ્રસ્તુત રચના એક શૃંગારરસિક રચના છે. કાવ્ય સરળ, સુગેય અને આસ્વાદ્ય છે.

# રચ્યો રાસ પિયા ઘનશ્યામરી...

## ૯

## સદ્‌ગુરુ શ્રી પ્રેમાનંદ સ્વામી

એકવાર ગઢપુરમાં શ્રીજીમહારાજ પાસે પોતાનું બેનમૂન સંગીત સંભળાવીને મોટો શિરપાવ મેળવવાની મહેચ્છાએ ભાવનગરથી ભારતભરના ખ્યાતનામ ગવૈયાઓ આવ્યા હતા. એમનું સંગીત સાંભળી એમની મનમાની મોજ આપ્યા પછી મહારાજે સંતોને કીર્તનઆરાધના આરંભવાની આજ્ઞા આપી.

શ્રીહરિની આજ્ઞા થતાં જ સંતોએ પોતાના વિવિધ વાજિંત્રોને હસ્તગત કર્યા. વૃદ્ધ સુખાનંદ સ્વામીએ બંસરીમાં પ્રાણ પૂર્યા, જ્ઞાનાનંદે સિતારના તાર છેડ્યા. બ્રહ્માનંદ સ્વામીએ મૃદંગને થાપ મારી અને પ્રેમસખી પ્રેમાનંદે પોતાની સારંગી હાથમાં લીધી. વાદ્ય સંગીતની મીઠી ગત બજવા લાગી ત્યારે મુક્તાનંદ સ્વામી પોતાના પગમાં નૂપુર બાંધી હાથમાં કરતાલ લઈને મધુર સ્વરે ગાન કરતા નૃત્ય કરવા લાગ્યા. સંગીત અને નૃત્યનું અદ્‌ભુત સમ્મિલન માણીને ગુણાનુરાગી ગવૈયાઓ દિગ્મૂઢ થઈ ગયા. એમના આશ્ચર્યની પરાકાષ્ઠા તો ત્યારે આવી જ્યારે એમણે જોયું કે એ નયનરમ્ય નૃત્યને અંતે તે ભૂમિ ઉપર મુક્તમુનિના નૃત્ય દરમ્યાન થિરકતા પગના વિવિધ હલનચલન દ્વારા હાથીનું આબેહૂબ ચિત્ર અંકાઈ ગયું હતું. આ પ્રસંગે શ્રીહરિએ પ્રસન્ન

થઈ મુક્તાનંદ સ્વામીને પોતાનો સોનેરી રેંટો આપી એમનું બહુમાન કર્યું.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં એ તો સુવિદિત છે કે સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી એક મર્મજ્ઞ કવિ અને સંગીતકાર હોવા ઉપરાંત એક કુશળ નૃત્યકાર હતા. પરંતુ બહુ ઓછા સત્સંગીજનોને એ જાણ હશે કે પ્રેમાનંદ સ્વામી પણ એક સંગીતજ્ઞ કવિ હોવા ઉપરાંત ભરતનાટ્યમ્ શૈલીના એક સમર્થ નૃત્યકાર હતા. આ વાતનું લેખિત સમર્થન મુક્તાનંદ સ્વામીના એક પ્રસિદ્ધ કીર્તનમાંથી સાંપડે છેઃ

**'નિરત્ય સુરત્ય પકરે પિયાકું,**
**પ્રેમસખી તહાં નાચ નચીરી,**
**લાડીલે લાલ કી ધૂમ મચીરી.'**

શ્રીહરિચરિત્રામૃત સાગરમાં (પુ. ૧૫, તરંગ-૬૪) સદ્‌ગુરુ આધારાનંદ સ્વામી નોંધે છે : એક સમયે વડતાલમાં અન્નકૂટોત્સવ પ્રસંગે શ્રીહરિએ સંતોને નૃત્યગાન કરવાનું કહ્યું ત્યારે પ્રથમ પ્રેમાનંદ સ્વામીએ પગે ઘૂઘરા બાંધીને નૃત્યસહ સંગીતગાન કર્યું, ત્યારબાદ મુક્તમુનિએ પણ નૃત્યગાન કર્યું હતું.

'શ્રીહરિચરિત્ર' (પૂર્વાર્ધ - પરિચ્છેદ-૨, અધ્યાય-૩૯)માં સદ્‌ગુરુ શ્રી અખંડાનંદવર્ણી આવા જ એક પ્રસંગનો ઉલ્લેખ કરતા લખે છે : એકવાર વડતાલમાં શ્રાવણ વદ અગિયારસના રાત્રિ જાગરણની સભા જોબનપગીના ઘરના પ્રાંગણમાં ભરાઈ હતી. ત્યારે શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને કહ્યું : 'સ્વામી, આજે એકાદશીનો સપરમો દિવસ છે, તેથી તમે નૃત્ય સહિત સંગીતગાન કરીને ઓચ્છવ કરો.'

સ્વામીએ મહારાજની આજ્ઞા થતાં જ પગમાં પાયલ પહેરી તથા હાથમાં ઘૂઘરીઓવાળી કરતાલ ધારણ કરી નૃત્ય સાથે સંગીતગાન શરૂ કર્યું. એ નૃત્યસંગીતમાં તાલ પુરાવા માટે પ્રેમાનંદ સ્વામીએ વીણાવાદન આરંભ્યું. નૃત્ય કરતા કરતા મુક્તમુનિ જે રીતે શારીરિક અભિનય કરતા તે અભિનય અને સંગીતસ્વર અનુસાર પ્રેમસખી નૃત્યઅભિનયમાં સ્વરતાલ પૂરાવતા હતા. મુક્તમુનિ અને પ્રેમસખીનું આવું અદ્ભુત સંગીતનૃત્ય - પ્રાવિણ્ય માણીને મહારાજે અત્યંત પ્રસન્ન થઈને આ બંને સંતોનું સભા અંતે સન્માન કર્યું.

એકવાર શ્રીજીમહારાજે ગઢપુરમાં દાદાખાચરના દરબારમાં કપિલા ષષ્ઠીનો મહોત્સવ રાખ્યો હતો. શ્રી વાસુદેવનારાયણની સંધ્યા આરતી પછી ત્યાં મળેલી સભામાં સદ્ગુરુ નિત્યાનંદ સ્વામીએ વ્યાસપીઠેથી શ્રીમદ્ ભગવદ્ગીતા ભાષ્યની કથા વાંચી. કથાની સમાપ્તિ પછી શ્રીહરિએ સંત હરિભક્તોને અલૌકિક આનંદની અનુભૂતિ કરાવવા માટે સહુની સાથે રાસક્રીડાનો પ્રારંભ કર્યો. શ્રીજીમહારાજની સાથે સૌ સંતો ને અગ્રગણ્ય હરિભક્તો દીપમાળાથી ઝળહળી રહેલા નિંબવૃક્ષની ચારે બાજુ રાસમાં ફરવા લાગ્યા. શ્રીહરિએ સોનેરી પાઘ અને જરકસી જામો તથા ગળામાં મોતીના તોરા પહેર્યા હતા, તેમ જ પ્રત્યેક અંગમાં રત્નજડિત સુવર્ણ અલંકારો ધારણ કર્યા હતાં. સૌ સંત હરિભક્તો શ્રીહરિની રસિક રૂપમાધુરીને અનિમેષ નેત્રે નીરખી રહ્યા હતા. એ વખતે શ્રીહરિ અનેકરૂપ ધારણ કરીને પ્રત્યેક સંત હરિભક્ત સાથે રાસની રમઝટમાં રસલીન બન્યા હતા, ત્યાં તો પ્રેમાનંદ સ્વામીએ રાગ

કલ્યાણના આલાપ સાથે ભરતનાટ્યમ્ નૃત્યશૈલીના બોલે તાર સ્વરે ગાઈને રાસના નૃત્યોત્સવને એકદમ જીવંત બનાવી દીધો.

**‘રચ્યો રામ પિયા ઘનશ્યામરી**
**બાજત મૃદંગ દ્રગડદા દ્રગડદા દ્રગડદા થોંગ થોંગ દ્રૌંકટતક્’**

આખું ય વાતાવરણ દિવ્યતા સભર રસમસ્તીમાં ગરકાવ થઈ ગયું હતું. મુક્તાનંદ સ્વામી પગે નૂપુર પહેરી નૃત્યાનંદમાં એવા તો ખોવાઈ ગયા હતા કે એમને અત્ર તત્ર સર્વત્ર શ્રીજીમહારાજની માધુરી મૂરત સિવાય કાંઈજ નજરે નહોતું પડતું. મૃદંગવાદનમાં પારંગત બ્રહ્મમુનિ પ્રેમસખીને આ નૃત્યગાનમાં મૃદંગ પર સંગત આપતા હતા. સૂર, શબ્દ અને નૃત્યનો અદ્ભુત સંગમ આજે આ રાસોત્સવમાં સૌને માણવા મળ્યો.*

**કાવ્યકૃતિ :**

**રચ્યો રાસ પિયા ઘનશ્યામરી રચ્યો. ટેક.**
**બાજત મૃદંગ દ્રગડદા દ્રગડદા દ્રગડદા થોંગ થોંગ, દ્રૌંકટતક્**
**દ્રોમી દ્રોમી દ્રોમી વર પરન બાજેરી.**
**ધરત ચરન, ધરન કરન, હરન માન મનમથકર, છુમ છુમ**
**છુમ છનનન, નુપૂર ગાજેરી;**
**હાવ ભાવ, કર ઉછાવ, નેન સેન, કર બનાવ, અરસ પરસ**
**સરસ સુધર પૂરણકામરી. રચ્યો. ૧**
**દેત ગ્વાલ બાલ તાલ, બોલત તત થેઈ થેઈ, દેહી દેહી**
**નાથ, અધર પીક પાનકે;**
**ગાવત સારીગમ મગારી નિધપમ, ધમ મગરી સગરી**

*પ્રસંગ સંદર્ભઃ શ્રીહરિચરિત્ર (પૂર્વાર્ધ, પરિચ્છેદ-૨, અધ્યાય-૨૭)

**ઉઠત ઉલટ પુલટ કુલટ તરંગ તાનકે,**
**નાચત થનગન થનગન ઝાંઝરી બજે ઝનનન;**
**પ્રેમાનંદ પરત ચરન કર પ્રનામરી. રચ્યો.૨**

**આસ્વાદ :**

પ્રેમસખી પ્રેમાનંદ મુખ્યત્વે આત્મલક્ષી ઉર્મિપ્રધાન કવિ છે. તેથી એમની કવિતામાં માહાત્મ્યજ્ઞાનેયુક્ત માધુરીસભર પ્રેમભક્તિની પ્રોજ્જવલતા સહેજે ઝિલાઈ છે!

પ્રસ્તુત રાસમાં રસરાજ શૃંગારનું નિરૂપણ રસેશ એવા પરમાત્મા પ્રત્યે થયેલું છે એ કેટલું સૂચિત છે! એમાં સંગીતના વિવિધ વાદ્યોના ધ્વનિ સાથે નૂપુર, ઝાંઝરી આદિ આભૂષણોના રણકારને લયાશ્રિત બનાવી રાસક્રિડાની ગતિ સાથે એને સમન્વિત કરી નૃત્ય સંગીત અને ઉત્કટ ભાવોની એકતાનતામાં કવિએ કમાલની સજીવતા આણી છે. પરિણામે પદ સાંભળતા એવું લાગે છે જાણે ઓગણીસમી સદીની ગોપી પ્રેમસખીરૂપે આપણી સમક્ષ નર્તન કરી રહી હોય! નાદ સૌંદર્ય સાધતી નર્તનક્ષમ ગરબીમાં ગતિશીલ બનતું આ ચિત્રાંકન કેટલું કમનીય અને કેવું મનોહારી લાગે છે! આમ થવાનું કારણ એ છે કે રાસમાં વ્યક્ત થયેલ અનુભૂતભાવ ચિત્રાંકનમાં નાદસૌંદર્યની છટા અને નૃત્યાત્મક અંગસંચાલન ગતિ એ ઉભય તત્ત્વો પરસ્પરનાં પૂરક બન્યાં છે. આથી જ એમ કહી શકાય કે શૃંગારરસ પણ વીરોચિત પદપ્રૌઢિમાં પ્રગટાવી ડિંગળનો નાદવૈભવ વૈખરીમાં વ્યક્ત કરતી પ્રૌઢિને સજીવ અને નર્તનક્ષમ બનાવે છે.

**ગાવત સારીગમ મગારી નિધપમ ધમ મગરી સગરી,**

**ઊઠત ઊલટ પુલટ કુલટ તરંગ તાનકે,**
**નાચત થનગન થનગન ઝાંઝરી બજે ઝનનન,**
**પ્રેમાનંદ પરત ચરન કર પ્રનામરી.**

આમાં ડિંગળના નાદવૈભવની પ્રોઢિના મરોડો ઓજસભર્યા, પ્રમત્ત અને જોશીલા બન્યા છે.

ભારતીય નૃત્યશૈલીઓમાંથી પ્રેમસખીએ બહુધા ભરતનાટ્યમ્ પદ્ધતિ અપનાવેલી હોવાથી એ શૈલીની અલ્લારિપું જતી સ્વરમ્ અને તિલ્લાના જેવા વિભાગો દ્વારા પ્રેરક ભાવોની અભિવ્યક્તિ કરી છે.

પ્રેમસખીની પ્રસ્તુત રચના શબ્દ, સંગીત અને સંસ્પંદિત મનોભાવોનો સમન્વય સાધીને ચારુ લયમાધુર્ય રેલાવે છે, અને ઘનીભૂત અભિવ્યંજક બની કાવ્ય સાગરમાં સ્વૈરવિહાર કરતાં રસસિધ્ધિ સાધે છે.

## ૧૦

# સદ્‌ગુરુ શ્રી વૈષ્ણવાનંદ સ્વામી

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં શ્રીહરિ સમકાલિન નંદસંતોમાં એક જ નામધારી અનેક સંતો થઈ ગયા હોવાથી અલગ અલગ ગ્રંથોમાં આવતા કથા પ્રસંગો ચોક્કસ ક્યા સંતના સંદર્ભમાં લખાયા છે તેનું સંશોધન અતિ કપરું બની જાય છે.

વૈષ્ણવાનંદ નામના ચાર સંતો સંપ્રદાયના ઈતિહાસમાં નોંધાયા છે. સદ્‌ગુરુ મંજુકેશાનંદ સ્વામી 'નામમાળા'માં લખે છે :

**'મોટા વૈષ્ણવાનંદ ઉદાર રે**
**જેણે સેવ્યા પ્રગટ સુખકાર રે**
**બીજા વૈષ્ણવાનંદ છે બેઉ રે**
**રૂડા સંત ત્યાગી ઘણા તેઉ રે.'**

મોટા વૈષ્ણવાનંદ સ્વામી સદ્‌ગુરુ રામાનંદ સ્વામીના શિષ્ય હતા. તેમણે પ્રભાનંદ સ્વામીને શ્રીહરિનો પ્રથમ પરિચય કરાવેલો. બીજા વૈષ્ણવાનંદ ગુજરાતના બામણવા ગામના હતા અને તેમણે ધોરાજીમાં શ્રીજીમહારાજ પાસે સાધુની દીક્ષા લઈ વૈષ્ણવાનંદ નામ ધારણ કર્યું હતું. તેઓ આત્માનંદ સ્વામીના મંડળમાં રહેતા હતા.

ત્રીજા વૈષ્ણવાનંદ સ્વામી સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીના

શિષ્ય હતા. તેઓ કવિ અને શતાવધાની હતા. કવિવર દલપતરામ આ વૈષ્ણવાનંદ સ્વામીને મૂળી મંદિરમાં રૂબરૂ મળ્યા હતા. 'બ્રહ્મસંહિતા'માં એક પ્રસંગ આવે છે. એકવાર મારવાડના જોધપુરથી દેવદાસ નામનો એક અષ્ટાવધાની કવિ મૂળી મંદિરમાં આવ્યો હતો. મૂળીના પિંગળશી કવિ તેને બ્રહ્મમુનિ પાસે લઈ આવ્યા. વાતવાતમાં દેવદાસે પૂછ્યું : 'સ્વામી, તમે અષ્ટાવધાન કરો છો?' સ્વામી કહે, 'અષ્ટાવધાન તો આ અમારો નાનકડો સાધુ વૈષ્ણવાનંદ પણ કરે છે, અમે તો શતાવધાન અને સહસ્રાવધાન કરીએ છીએ.' પછી સાધુ વૈષ્ણવાનંદને બેસાડી અષ્ટાવધાન કરાવતા મારવાડી કવિ દેવદાસ દિગ્મૂઢ થઈ ગયો.

આ વૈષ્ણવાનંદ સ્વામીને શ્રીજીમહારાજે નિર્લોભાનંદ સ્વામી સાથે કચ્છ-ભુજનું મંદિર કરવા માટે મોકલ્યા હતા. હરિલીલામૃત (કળશ-૮, વિશ્રામ-૧૦)માં આ વાતને સમર્થન મળે છે. સંવત ૧૮૮૮ના અષાઢ સુદ ૧૨ના દિવસે ભુજથી સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી ઉપર જે પત્ર લખવામાં આવ્યો હતો તેના પરથી એ સ્પષ્ટ થાય છે કે કચ્છ-ભુજનું મંદિર બ્રહ્મમુનિના શિષ્ય આ વૈષ્ણવાનંદ સ્વામીએ જ કરાવ્યું હતું અને ભુજ મંદિરના આદિ મહંત પણ આ જ વૈષ્ણવાનંદ સ્વામી હતા.

સદ્‌ગુરુ કૃષ્ણાનંદ સ્વામી શ્રીહરિચરિત્રામૃતમાં લખે છેઃ **'વૈષ્ણવાનંદ સ્વામી વિદીત, પ્રભુ ભજે કરી અતિ પ્રીત.'** સ્વામિનારાયણ સંપ્રદાયના સંત સાહિત્યમાં 'હરિલીલાસિંધુ' નામની ખડી હિન્દી ભાષામાં તુલસીકૃત રામચરિતમાનસની

શૈલીમાં શ્રીજીમહારાજની અદ્‌ભુત લીલાઓનું રોચક વર્ણન કરતી સુંદર રચના છે. આ ગ્રંથના રચયિતા પણ વૈષ્ણવાનંદ સ્વામી છે. પરંતુ એ ક્યા વૈષ્ણવાનંદ છે એ અંગે સંપ્રદાયમાં થોડાક મતભેદો પ્રવર્તે છે.

સાંપ્રત વિદ્વાનોનું એમ માનવું છે કે આ ત્રણ વૈષ્ણવાનંદ સિવાય સંપ્રદાયમાં વૈષ્ણવાનંદ બ્રહ્મચારી નામે એક વિદ્વાન કવિ થઈ ગયા, તેમણે શ્રીહરિલીલાસિંધુ અને પુરુષોત્તમવિવાહ જેવા ગ્રંથોની રચના કરી છે. તેઓ ઝાલાવાડના હળવદ તાલુકાના ધનાળા ગામના વતની હતા. તેમના પૂર્વાશ્રમનું નામ અંબારામ ત્રવાડી હતું. બાલ્યકાળથી જ સત્સંગના રંગે રંગાયેલા અંબારામ જન્મજાત સિદ્ધપુરુષ હતા. શ્રીજીમહારાજે તેમને બ્રહ્મચારીની દીક્ષા આપી તેમનું નામ વૈષ્ણવાનંદ વર્ણી પાડ્યું હતું. સં. ૧૮૭૪માં શ્રીજીમહારાજ રોજકા, બરોળ, કણભા, કરિયાણા વગેરે ગામોમાં વિચરેલા ત્યારે આ વૈષ્ણાવાનંદ બ્રહ્મચારીએ મહારાજની સાથે રહીને તેમને થાળ બનાવીને જમાડવાની સેવા કરી હતી. શ્રી લક્ષ્મીરામ શાસ્ત્રીએ ‘લીલા ચિંતામણી’માં આ હકીકત નોંધી છે.

સદ્‌ગુરુ વૈષ્ણવાનંદ સ્વામી એક સિધ્ધહસ્ત કવિ હતા. એ તો તેમના કીર્તનો અને ગ્રંથો વાંચીને સહેજે સમજી શકાય તેમ છે, અમદાવાદમાં શ્રીજીમહારાજે રંગોત્સવ ઉજવીને નારાયણઘાટે સાબરમતી નદીમાં જે જળક્રીડા કરી તેનું મનોરમ્ય વર્ણન નજરે નિહાળીને કવિએ પોતાના કીર્તનમાં ઉતાર્યું છે. એના શબ્દો છે -

**‘રંગ રસબસ હરિસંગ, સખા સુર સંત સમાજા...’**

**કાવ્યકૃતિ :**

**રંગ રસબસ હરિસંગ,**
**સખા સુર સંત સમાજા.**
**ખેલેઉ હોરી ખેલ,**
**બજાઈ કે વિવિધ સુ બાજા.**
**સબહી વ્રત મિલિસાથ,**
**સભર જલ ઝિલત સાજા.**
**અશ્વ ભયી અસવાર,**
**રસિક મુનિવર મહારાજા.**
**નારાયણ શુભ ઘાટ નવીન,**
**ગરક કિયે જલ રંગ સે.**
**વૈષ્ણવાનંદ સાભરવદે,**
**ગુણ સાગર ભઈ ગંગસે.**

**આસ્વાદ :**

પ્રસ્તુત પદમાં કવિ વૈષ્ણવાનંદ સ્વામીએ ખડી હિન્દી શૈલીમાં શ્રીહરિએ અમદાવાદમાં જે રંગોત્સવ ઉલ્લાસભેર ઉજવ્યો હતો તેનું અત્યંત રસમય બાનીમાં બયાન કર્યું છે.

સંપ્રદાયમાં શ્રીજીમહારાજ સાથે સખાભાવે બે મહાનુભાવોએ જ સંબંધ કેળવ્યો હતો. તેમાં એક હતા લોયાના દરબાર સુરાખાચર અને બીજા હતા સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી. કવિએ અહીં 'સખા સુર સંત સમાજા' દ્વારા શ્રીહરિના અંતરંગ સંત હરિભક્તોને દર્શાવ્યા છે. ભગવાન અને એમના કાળજાના કટકા જેવા પ્રાણપ્યારા ભક્તો વચ્ચે રંગની રેલમછેલ થઈ રહી છે. 'રંગ રસબસ હરિસંગ' કાવ્યનો આ ઉપાડ અત્યંત અર્થગંભીર છે. રંગ એ

દિવ્ય આનંદનું પ્રતિક છે. પરમાત્માના સ્વરૂપમાંથી દિવ્ય તેજ અને આનંદની છોળો ઉડે છે, એને બ્રહ્મરૂપ થયેલા ભક્તો ઝીલીને એ સ્વરૂપમાં રસબસ થઈ અહોનિશ એ આનંદને માણે છે. અવરભાવમાં જે રંગોત્સવ રમાઈ રહ્યો છે તેના દૂરગામી પ્રત્યાઘાતો પરભાવમાં પડી રહ્યા છે. રંગોત્સવ દરમ્યાન વાગતા વિવિધ વાદ્યોના ધ્વનિતરંગો અંતરને આહ્‌લાદથી ભરી દે છે.

શ્રીજીમહારાજ સંત હરિભક્તોને મનભરીને હોળી રમાડ્યા પછી અશ્વારૂઢ થઈને સાબરમતી નદીમાં જળક્રીડા કરવા માટે નારાયણ ઘાટે આવ્યા. સાબરમતીના જળને પણ શ્રીહરિએ આજે રંગભીનું કરીને કૃતાર્થ કર્યું છે.

બ્રહ્મ અને પરબ્રહ્મ વચ્ચે સતત રમાઈ રહેલી આનંદના આદાનપ્રદાનની રંગલીલા એક સનાતન સત્ય છે ! કવિ વૈષ્ણવાનંદની આ રચના સરળ, આસ્વાદ્ય અને સુગેય છે.

# શ્રીહરિ કો સદન મદન કહું કોટિ લજાવે

## ૧૧

## સદ્‌ગુરુ શ્રી આધારાનંદ સ્વામી

મૂળ વઢવાણ પાસેના મેમકા ગામના વતની પણ પાછળથી શ્રીહરિના આદેશ અનુસાર મેમકા છોડી ખોલડિયાદ જઈ વસેલા હંસરાજ સુતાર શ્રીજીમહારાજના અનન્ય આશ્રિત ભક્ત હતા. એમના જ્યેષ્ઠ પુત્ર વીરજીને બાળપણથી જ સત્સંગનું તાન ચડેલું. બાપ-બેટા બંનેને વૈરાગ્યની એવી ચટકી લાગી કે બેઉએ એકી સાથે ગઢપુર જઈ શ્રીહરિને પ્રાર્થના કરી : 'મહારાજ, અમારે બંનેએ સાધુ થવું છે.' મહારાજ એ બંનેનો વિતરાગ જોઈ રાજી થયા. મહારાજે વિતરાગી બાપ - દીકરાને મુક્તાનંદ સ્વામી પાસે મોકલ્યા. મુક્તમુનિ ભારે વ્યવહારકુશળ હતા. એમણે વાતચીત દ્વારા એમની વિરક્તિ ને વ્યવહાર સંબંધી સઘળી હકીકત જાણી હતી. પછી એમણે હંસરાજભાઈને કહ્યું : 'તમે ઘરે જઈ વ્યવહાર સંભાળી પ્રભુ ભજો ને આ તમારા સેવક વીરજી અહીં રહી સત્સંગ સેવા કરશે.'

હંસરાજભાઈએ સ્વામીની આજ્ઞા શિરોમાન્ય ગણી. મુક્તાનંદ સ્વામી વીરજીને શ્રીહરિ પાસે લઈ ગયા, મહારાજે તેને દીક્ષા દઈ આધારાનંદ નામ આપ્યું. આધારાનંદ એક કુશળ કસબી હતા. મહારાજની મૂર્તિ સૌથી પહેલી એમણે દોરી. આધારાનંદે સંપ્રદાયમાં ચિત્ર

પરંપરા ચાલુ કરી. કાષ્ઠ કળામાં પણ તેઓ કુશળ હતા. તેમણે શ્રીજીમહારાજની પ્રત્યક્ષ પ્રેરણાથી નરનારાયણ, લક્ષ્મીનારાયણ, સહજાનંદ સ્વામી ઈત્યાદિની કાષ્ઠ પર છાપો બનાવી તેને કાગળ ઉપર છાપી નિત્યપૂજામાં રાખવા માટેની અસંખ્ય મૂર્તિઓ તૈયાર કરી હતી. ચિત્રકારની સાથે સાથે તેઓ એક સિદ્ધહસ્ત શીઘ્રકવિ પણ હતા. જો કે તેમણે પોતાની કાવ્યકૃતિઓમાં પોતાનું તખલ્લુસ ‘સિધ્ધાનંદ’ રાખ્યું હતું. એમની અજોડ કાવ્યસિધ્ધિએ એમને સંપ્રદાયના સંતકવિઓમાં અનોખું સ્થાન અપાવ્યું છે.

પ્રસાદાનંદ સ્વામીની વાતોમાં એક પ્રેરણાદાયી પ્રસંગ આવે છે. ભાવનગરના રાજા વજેસિંહ બાપુની પ્રશસ્તિનું કવિત રચવા માટે એક ગઢવીને બાપુ તરફથી ઘોડાનું ઈનામ મળ્યું. એ પછી એ કવિ શ્રીજીમહારાજ પાસે ગઢપુર આવ્યો. ગઢવીને એવો ગર્વ હતો કે મારા જેવી કવિત્વશક્તિ તો આ સાધુબાવાઓમાં ક્યાંથી હોય! ગઢવીએ મહારાજ પાસે કેટલાક શીઘ્ર કવિત રચીને સંભળાવ્યા, મહારાજે પ્રસન્ન થઈ કવિને શિરપાવ આપ્યો. પછી મહારાજે કરીમભાઈને કહ્યું : ‘અત્યારે આપણાં કોઈ સંતકવિઓ હાજર છે?’ કરીમભાઈ કહે, ‘મહારાજ, એકલા આધારાનંદ સ્વામી એમના આસને છે.’ મહારાજે એમને બોલાવી લાવવાની આજ્ઞા આપી. આધારાનંદ સ્વામી આવીને શ્રીહરિને દંડવત્ કરી પાસે બેઠા ત્યારે મહારાજે કહ્યુંઃ ‘સ્વામી, જુઓ આ ગઢવીએ અમારા વિષે શીઘ્ર કવિત રચ્યું છે.’ સ્વામીએ કવિની રચના વાંચી એના ઉત્તરમાં તત્કાળ શ્રીજીમહારાજના નિવાસસ્થાન

અક્ષરઓરડીના સંદર્ભમાં એક કવિત રચી મહારાજને ધર્યું. મહારાજે એ કવિત ગઢવીને વંચાવ્યું. એ વાંચી ગઢવી દિગ્મૂઢ થઈ ગયો. એનો ગર્વ પળવારમાં ઓસરી ગયો. એ કવિતના શબ્દો હતા*-

**'શ્રીહરિ કો સદન મદન કહું કોટિ લજાવે,**
**શારદ નારદ શેષ મહેશ કોઉ પાર ન પાવે.**

આધારાનંદ સ્વામીએ એકવાર શ્રીજીમહારાજને એકાંતમાં પૂછ્યુંઃ 'મહારાજ, અક્ષરધામમાં કોટાનુકોટિ સૂર્ય ચંદ્રને પણ ઝાંખા પાડે એવું દેદિપ્યમાન જે આપનું વ્યતિરેક સ્વરૂપ છે તેના દર્શન આપ આપના ભક્તોને કેમ નથી કરાવતા?' શ્રીજીમહારાજ કહે : 'જો એવા દર્શન કરાવીએ તો એ સર્વેને સુખકારી ન થાય. તમારે જો એ દર્શનની અભિલાષા હોય તો તમને કરાવીએ.' આધારાનંદ સ્વામીએ તરત જ હા પાડી. શ્રીજીમહારાજનું દિવ્ય તેજસ્વી સ્વરૂપ નીરખીને સ્વામી તો દિગ્મૂઢ થઈ ગયા. બે મહિના સુધી તો તેઓ રાતદિવસ એ દર્શનના કેફમાં 'અહો... અહો... આહાહાહા...' એમ બોલ્યા કરતા.

આધારાનંદ બહુમુખી પ્રતિભાસંપન્ન સંત હતા. તેઓ માત્ર એક શીઘ્ર કવિ જ નહોતા, બહુ સારા લહિયા પણ હતા. મહારાજ સ્વધામ સિધાવ્યા પછી આધારાનંદે પોતાના ગુરુ મુક્તાનંદ સ્વામીની સંમતિ લઈ શ્રીજીમહારાજના લીલા ચરિત્રોનું બહુ જ સૂક્ષ્મ ને માર્મિક વર્ણન કરતો હિન્દી ભાષામાં એક મહાગ્રંથ : 'શ્રીહરિચરિત્રામૃતસાગર' રચ્યો. મહાગ્રંથ સતત બાર વરસ સુધી ભારે જહેમત લઈને

*કાવ્ય પ્રસંગ સંદર્ભઃ પ્રસાદાનંદ સ્વામીની વાતો

સ્વામીએ ૯૭૩૮૯ કડીઓની રચના કરી પણ છતાં ય ગ્રંથ અપૂર્ણ રહ્યો. શ્રીહરિના જન્મથી માંડીને અંતર્ધ્યાન સુધીની સમગ્ર લીલાનું સવિસ્તર વર્ણન સ્વામીને એમાં કરવું હતું, પરંતુ સ્વામીના શરીરે સાથ ન આપ્યો એટલે સં. ૧૮૮૨થી સં. ૧૮૮૬ સુધીના પ્રસંગો લખવાના બાકી રહી ગયા. છતાં પણ આ ગ્રંથ સ્વામિનારાયણ સંપ્રદાયનો એક મહામૂલો અભ્યાસગ્રંથ છે.

**કાવ્યકૃતિ :**

**શ્રીહરિ કો સદન મદન કહું કોટિ લજાવે,**
**શારદ નારદ શેષ મહેશ કોઉ પાર ન પાવે.**
**અક્ષરરૂપ અનૂપ ઓરડી અજબ અનોખી;**
**પાવે દર્શન દાસ હરિજન સંત સંતોષી.**
**સિધ્ધાનંદ સત્ય કહત હૈ જ્યાં નહિ માયા આડ હૈ,**
**શ્રીહરિ કે સદન પર ઝૂક્યો જાંબુકો ઝાડ હૈ.**

**આસ્વાદ :**

સદ્‌ગુરુ આધારાનંદ સ્વામીએ પ્રસ્તુત હિન્દી કવિતમાં ગઢપુરમાં શ્રીજીમહારાજ જ્યાં રહેતા હતા તે અક્ષરઓરડીનો મહિમા પ્રગલ્ભસ્વરે ગાયો છે.

પરાત્પર પરબ્રહ્મ આ લોકમાં મનુષ્ય સ્વરૂપે પ્રગટ થઈને જે સ્થાનમાં વસતા હોય તેનો પણ મહિમા અક્ષરધામ તુલ્ય મનાય છે. તેથી જ કવિ કહે છે કે આ અક્ષરઓરડીની ચૈતસિક ભૂમિકા પર જે શોભા છે તેની સામે કરોડો કામદેવના રૂપ પણ ફીક્કા લાગે છે, અને એના મહિમાને તો શેષ, શારદા, નારદ, મહેશ ઈત્યાદિ મોટા મોટા દેવ-દેવીઓ પણ પાર પામી શકે તેમ નથી.

પરભાવમાં શ્રીજીમહારાજની મૂર્તિના તેજને અક્ષર કહેવામાં આવે છે. અવરભાવમાં જ્યાં શ્રીહરિ લગભગ કાયમી ધોરણે રહેતા હતા તે ઓરડીને કવિ અક્ષરરૂપ માને છે. તે અજબ અને અનોખી કવિને એટલે લાગે છે કે અનંતકોટિ બ્રહ્માંડોના અધિપતિ રાજાધિરાજ પૂર્ણ પુરુષોત્તમનારાયણ મોટા મહેલોમાં રહેવાને બદલે આવી નાનકડી પર્ણકૂટિમાં રહે છે, તેથી નક્કી આ ભૂમિ ભારે પુણ્યશાળી હોવી જોઈએ. સર્વે સંતો અને હરિભક્તો અક્ષરઓરડીમાં મહારાજના દર્શન કરીને પોતાને કૃતાર્થ માનતા હતા.

હવે કવિ અક્ષરઓરડી અને અક્ષરધામ એ બંનેને અભેદ કલ્પીને એક ઐતિહાસિક તથ્યને રૂપક બનાવીને ખૂબ જ માર્મિક વાત કરે છે.

સ્વામિનારાયણ સંપ્રદાયના શાસ્ત્રોમાં એવો ઉલ્લેખ છે કે અક્ષરઓરડી પાસે એક મોટું જાંબુડાનું ઝાડ હતું અને એની મોટી મોટી ડાળીઓ અક્ષરઓરડી ઉપર ઝૂકેલી રહેતી હતી. આ ઝાડ ક્યારે અને કેવી રીતે ઊગ્યું એનો રસપ્રદ ઈતિહાસ શ્રી સહજાનંદસ્વામી ચરિત્ર (પ્રકાશકઃ વૈદ્ય શાસ્ત્રી કૃષ્ણપ્રસાદ દવે) વાર્તાઃ૨૪૧માં વિગતવાર આપવામાં આવ્યો છે.

આધારાનંદ સ્વામી આ જાંબુના ઝાડને રૂપક બનાવી સ્પષ્ટતા કરે છે કે જાંબુ એ માયાનું પ્રતિક છે. અક્ષરઓરડી ઉપર જાંબુડાની છાયા છે પરંતુ અક્ષરધામ એ માયાથી પર છે. આધ્યાત્મિક જગતમાં માયાથી પરની જે ભૂમિકાઓ છે તેમાં અક્ષરધામ સર્વોચ્ચ સ્થિતિએ આવેલું છે.

લઘુતમ અર્થસભર આ કવિતમાં કવિ આધારાનંદે પોતાની કાવ્યકલાનો કસબ કુશળતાપૂર્વક ઉતારી કમાલ કરી નાંખી છે.

# ૧૨

# આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સંસ્થાપક સ્વામી શ્રી સહજાનંદજી મહારાજે સત્સંગની સુવ્યવસ્થા અને સુસંચાલન માટે સમસ્ત સંપ્રદાયને બે વિભાગમાં વહેંચી દક્ષિણ વિભાગના વડતાલ સંસ્થાનની ગાદી ઉપર પોતાના લઘુબંધુ શ્રી ઈચ્છારામજી મહારાજના ચોથા પુત્ર શ્રી રઘુવીરજી મહારાજને આચાર્યપદે આરૂઢ કર્યા હતા.

આદિ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ સં. ૧૯૫૯માં નિઃસંતાન ધામમાં પધારતા તેમના ઉત્તરાધિકારી તરીકે તેમના મોટાભાઈ શ્રી બદ્રીનાથજીના ઔરસપુત્ર શ્રી ભગવત્પ્રસાદજીને વડતાલ ગાદીના દ્વિતીય આચાર્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યા.

શ્રી ઈચ્છારામભાઈના સૌથી મોટા પુત્ર શ્રી ગોપાળજી પાંડેના પુત્ર શ્રી કૃષ્ણપ્રસાદજી અત્યંત વિદ્વાન અને ભગવદીય હતા. આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજ અપુત્ર હોવાથી તેમણે પોતાના પિતરાઈ ભાઈ શ્રી કૃષ્ણપ્રસાદજીના પુત્ર શ્રી વિહારીલાલજી મહારાજને સં. ૧૯૩૫ના શ્રાવણ વદ આઠમે વડતાલ સંસ્થાનના તૃતીય

આચાર્યપદે સ્થાપ્યા.

પ.પૂ.ધ.ધુ શ્રી વિહારીલાલજી મહારાજનો જન્મ સં. ૧૯૦૮ના ચૈત્ર વદિ અમાસના દિવસે તેમના મોસાળ ઉત્તર પ્રદેશના ગૌંડા જિલ્લાના દુબોલી ગામમાં થયો હતો. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ બાલ્યકાળમાં જ તેમને સત્સંગના વર્તમાન ધરાવીને કંઠી બાંધી હતી. સં. ૧૯૧૬ વસંતપંચમીના દિવસે તેમનો યજ્ઞોપવીત સંસ્કાર થયો, પછી પંડિત વિષ્ણુરામ, પંડિત ભોળાનાથ અને શાસ્ત્રી શ્રી માધવદાસજી જેવા વિદ્વાનો પાસે તેમણે વેદ, વ્યાકરણ તથા કાવ્ય-કોશાદિ અને વેદાંતનો સઘન અભ્યાસ કર્યો. તેમનો ઉછેર તથા શિક્ષણ આચાર્યશ્રી ભગવત્‌પ્રસાદજી મહારાજની સીધી દેખરેખ નીચે વડતાલમાં જ થયો હતો.

ધ.ધુ. આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજનો વીશ વરસનો કાર્યકાળ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો સુવર્ણયુગ કહી શકાય. આચાર્ય પદે આવીને પ્રથમ તેમણે વડતાલ, ગઢપુર અને જૂનાગઢના મંદિરોની સંસ્કૃત પાઠશાળાઓને સક્રિયપણે કાર્યરત કરી. તેમાં વિદ્વાન અધ્યાપકોની વ્યવસ્થા કરીને સંતો અને બ્રહ્મચારીઓને વધુ ને વધુ ઉન્નત ધર્મજ્ઞાન મેળવવા માટે પ્રોત્સાહિત કર્યા. એ સિવાય સારા ગુણિયલ સંતો તથા ગૃહસ્થ વિદ્વાનોને પોતાની સાથે રાખી સત્સંગ સાહિત્યનું સર્જન કરાવ્યું. જેમ કે કવિશ્વર દલપતરામ પાસે તેમણે ઘણાં શાસ્ત્રોની રચના કરાવી હતી. પોતે પણ સંસ્કૃતના પ્રકાંડ પંડિત હોવાથી સંપ્રદાય શુદ્ધિ, દીક્ષાવિધિ પદ્ધતિ અને ઉન્મતગંગા માહાત્મ્ય જેવા સંસ્કૃત ગ્રંથોનું

લેખન-પ્રકાશન કર્યું તથા ગુજરાતી પદ્યમાં શ્રી હરિલીલામૃત તથા આચાર્યોદય નામે બે ઐતિહાસિક દૃષ્ટિએ મહામૂલ્યવાન દસ્તાવેજી ગ્રંથોની રચના કરી.

શ્રી વિહારીલાલજી મહારાજ સત્સંગના પ્રત્યેક સમૈયામાં સ્વયં હાજર રહેતા. વ્યક્તિને પારખવાની તેમની શક્તિ અદ્ભુત હતી. તેમણે શ્રી સત્સંગિજીવન આદિ સદ્ગ્રંથોના અનેક પારાયણ પ્રસંગો ઉજવ્યા હતા. એટલું જ નહીં અનેક નવા મંદિરો કરાવીને તેમાં પ્રતિષ્ઠોત્સવ કરાવ્યા. તેઓ સત્સંગની જાહેર સભામાં એકાંતિક ધર્મ અને શ્રીહરિના મહિમાપૂર્ણ લીલા ચરિત્રો અંગે મનનીય પ્રવચનો આપતા હતા. તેમના સમયમાં સત્સંગરૂપી વાટિકા પૂરબહારમાં ખીલી હતી.

મહારાજશ્રીએ સંપ્રદાયમાં જ્યાં જ્યાં પ્રસાદીની ચીજ-વસ્તુઓ ફેલાયેલી હતી તેને માહાત્મ્ય સહિત એકત્ર કરી વડતાલમાં હરિમંડપની બાજુમાં અક્ષરભુવન નામે સ્મૃતિમંદિર બનાવી તેમાં સત્સંગીઓને માટે દર્શનાર્થે મૂકી. શ્રીજીમહારાજ વડતાલમાં જેમાં વારંવાર નાહ્યા હતા તે ગોમતીજીનો ઘાટ બંધાવી તેને અત્યંત મનોરમ્ય તીર્થસ્થાન તરીકે પ્રસ્થાપિત કર્યું.

આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ દ્વારા થયેલા મહત્ત્વપૂર્ણ કાર્યો પૈકીનું સૌથી ઉલ્લેખનીય કાર્ય છે તેમણે ગઢપુરમાં શ્રીજીમહારાજના ઔર્ધ્વદૈહિક સંસ્કારના સ્થાનભૂત પવિત્ર લક્ષ્મીવાડીમાં ભગવાનના અંતર્ધાન મહોત્સવની સ્મૃતિરૂપે રમણીય મંદિર બંધાવી તેમાં શ્રી હરિકૃષ્ણમહારાજ, શ્રી ઇચ્છારામભાઈ તથા શ્રી રઘુવીરજી

મહારાજની મૂર્તિઓ પધરાવી હતી.

મહારાજશ્રી એક સમર્થ કવિ હતા. તેમણે ભિન્ન ભિન્ન રાગોમાં ગાઈ શકાય તેવા ભાવવાહી પદોની રચના કરી ‘શ્રી કીર્તન કૌસ્તુભમાળા’ રૂપે પ્રકાશિત કર્યા છે. તેઓશ્રીએ શ્રીજીમહારાજની લીલાઓને હૃદયની કમનીય ભાવોર્મિઓ દ્વારા કાવ્યરૂપે કથિત કરી છે. શ્રીજીમહારાજે પંચાળામાં સાંબલીને તીરે ચાંદની રાતે જે રાસોત્સવ કર્યો હતો તેનું ભાવપૂર્ણ નિરૂપણ મહારાજશ્રીએ ‘જુઓ જુઓને સાહેલિઓ આજ રસિયો રાસ રમે...’ એ કીર્તનમાં કર્યું છે.

શ્રી વિહારીલાલજી મહારાજે ‘વિશ્વવિહારી’ અને ‘ભગવતસુત’ એ બે ઉપનામથી કીર્તનો રચ્યા છે. એમનું કીર્તન ‘શ્રીજીમહારાજ માગું શરણ તમારું’ સંપ્રદાયના બંને દેશોમાં અત્યંત લોકપ્રિય છે.

મહારાજશ્રીને સંતાનમાં એક માત્ર દીકરી જડાવ કુંવરબા જ હતાં. તેમને પરણાવીને સાસરે વળાવ્યા હતાં. પોતાને કોઈ પુત્ર ન હોવાથી શ્રીજીમહારાજના મોટાભાઈ રામપ્રતાપભાઈના વંશજ નારાયણદત્ત પાંડેના પુત્ર શ્રી લક્ષ્મીપ્રસાદજી મહારાજને પોતાના દત્તકપુત્ર તરીકે પોતાના ઉત્તરાધિકારી બનાવ્યા હતા.

સં. ૧૯૫૫ના ભાદરવા સુદ અષ્ટમીના દિવસે પંચભૌતિક દેહનો ત્યાગ કરીને તેઓ અક્ષરધામમાં પધાર્યા.

**કાવ્યકૃતિ : (ગરબી)**

**જુઓ જુઓને... હાં હાં રે... જુઓ જુઓને સાહેલિઓ**
**આજ રસિયો રાસ રમે... ટેક.**

પંચાળામાં હાં હાં રે... પંચાળામાં શ્રીજીમહારાજ.
રસિયો. ૧

નિર્મળ રજની છે અજવાળી, નિર્મળ વેલી વન રે;
નિર્મળ મનના નીજ સખામાં નિર્મળ પ્રાણજીવન.
રસિયો. ૨

દિવાની માંડવડી વચ્ચે, જાણે દીપક ઝાડ રે;
ફરફર જનમાં ફેરા ફરતાં, કરતા રસની રાડ.
રસિયો. ૩

તાળી પાડે શ્રી વનમાળી, મુનિ સાથે મુનિનાથ રે;
ઈંદ્રાદિક જોવાને આવ્યા, શિવ બ્રહ્મા સંગાથ.
રસિયો. ૪

શ્યામ વર્ણ ને નીજ શરીરે, સોનેરી શણગાર રે;
ગગન વિષે જેમ વિજળી ઝબકે, શોભે એમ અપાર.
રસિયો. ૫

પાઘ વિષે છોગાં છેલાને, કમર કસી કરી જોર રે;
ઉલટ સુલટ નટવર નાચે છે, શ્રીધર ધર્મકુમાર.
રસિયો. ૬

ઉંચા સ્વરથી તાન ઉપાડે, જનસંઘ જીવનપ્રાણ રે;
સારો સ્વર કોઈ સુણી સખાનો, વ્હાલો કરે વખાણ.
રસિયો ૭

ધીમ ધીમ ધીમ ધીમ દુકડ વાગે, તનનન તનનન સિતાર રે;
ઝાંઝ વગાડે ઝણણણ ઝણણણ, ભેરીના ભણકાર.
રસિયો. ૮

ધન્ય ધન્ય પંચાળાની ધરતી, ધન્ય ધન્ય ઝીણાભાઈ રે;
ધન્ય ધન્ય ધન્ય છે ધર્મકુંવરને, રાસ રચ્યા સુખદાઈ.

**રસિયો. ૯**

**પંચાળામાં એવા જનને, આપ્યાં સુખ અપાર છે**
**વિશ્વવિહારી લાલજી કેરો, ધન્ય ધન્ય આ અવતાર.**
**રસિયો. ૧૦**

**આસ્વાદ :**

લોકસાહિત્યમાં ઘણાં પ્રાચીન સમયથી ગરબી એ નર્તનક્ષમ કાવ્યપ્રકાર હતો અને આજે ય એ સંઘનૃત્યનો એક કાવ્ય પ્રકાર ગણાય છે.

કવિ વિહારીલાલજી મહારાજ પંચાળામાં શ્રીજીમહારાજે સંતો અને સમર્પિત હરિભક્તો સાથે જે રાસ ખેલ્યો તેનું તાદૃશ્ય વર્ણન પ્રસ્તુત ગરબીમાં કરે છે.

લૌકિક રાસ-ગરબાઓ લોકજીવનને હિલોળે ચડાવે છે. તેમાં દેહના ભાવ ઊછળે છે, અવ્યક્ત વાસનાઓ ઊભરી આવે છે, રંગ-રાગ-વિલાસનું વિચિત્ર વાતાવરણ જામે છે. શ્રીજીમહારાજે આવા રાસોનો નિષેધ કર્યો છે. જેમાં દેહનું ભાન ભૂલાઈ જાય, ત્રણ ગુણ અને ત્રણ અવસ્થાથી પર થઈ જવાય એવા ગુણાતીત રાસ શ્રીહરિ સ્વયં ઘણે સ્થળે સંતો ને હરિભક્તો સાથે રમ્યા છે.

તેથી જ મહાકવિ ન્હાનાલાલ લખે છે : ‘રસિકમાર્ગનું શ્રીહરિએ ખંડન નથી કર્યું પણ તેમાં વિશુદ્ધિ આણી છે.’

પરમહંસોએ શ્રીહરિ સાથે ઘણાં રાસોત્સવો કરેલા તેમાં પંચાળા ગામમાં ભક્તવર્ય ઝીણાભાઈના પ્રેમાગ્રહથી કરેલો રાસોત્સવ અત્યંત પ્રસિદ્ધ છે.

પંચાળા ગામ બહાર એક વિશાળ ટેકરી ઉપર શરદ

પૂર્ણિમાની રાતે શ્રીજીમહારાજે સંતો સાથે મહારાસ ખેલ્યો હતો. સંતોના સાત સાત મંડળો ચક્રાકારે ગોઠવાયેલાં હતાં. મુક્તાનંદ, બ્રહ્માનંદ, ગોપાળાનંદ, પ્રેમાનંદ, નિષ્કુળાનંદ ઈત્યાદિ સર્વે સંતો પગમાં પાયલ અને હાથમાં કરતાલો લઈને રાસમંડળમાં ઊતરી પડ્યા હતા. શ્રીહરિના પ્રિય સખા બ્રહ્માનંદ નવા નવા પદો બનાવીને ગાતા ગવડાવતા હતા અને મહારાજ બ્રહ્મમુનિ સાથે તાન તોડતા, તાળી દઈ સામસામા હાથ મીલાવીને ફેરફુદરડી ફરતાં, કરનાં લટકાં કરતા ઈત્યાદિક અનેક પ્રકારે ભક્તોના મનનું આકર્ષણ કરતા હતા. શ્રીહરિની આવી દિવ્ય લીલાઓ નજરે નિહાળવા માટે ઈંદ્રાદિક સ્વર્ગના દેવો તથા શિવ બ્રહ્માદિક અંતરિક્ષમાં દોડી આવ્યા હતા.

હવે કવિ શ્રીજીમહારાજના રસાત્મક સ્વરૂપનું રસમય નિરૂપણ કરતા ગાય છે :

**શ્યામ વર્ણ ને નીજ શરીરે, સોનેરી શણગાર રે;**
**ગગન વિષે જેમ વિજળી ઝબકે, શોભે એમ અપાર.**

શ્રીજીમહારાજની સાંવરી સૂરત હતી. કવિ કહે છે - શ્રીહરિએ શ્યામ શરીર ઉપર ધારણ કરેલા સોનેરી શણગાર અંધારી રાતે આકાશમાં અચાનક ચમકતી વિજળીની જેમ શોભે છે ! રસરાજ શૃંગારનું નિરૂપણ રસેશ એવા પરમાત્મા પ્રત્યે કરતા કવિ મહારાજની પાઘમાં શોભતા છોગાંની શોભા ઉપર વારી જાય છે. શ્રીહરિ કમર બરાબર કસીને બાંધીને રાસમાં ઊલટ સુલટ નાચે છે.

કવિએ અહીં મહારાજની એકોએક લાક્ષણિકતાઓનું અત્યંત બારીકાઈથી બયાન કર્યું છે.

**ઉંચા સ્વરથી તાન ઉપાડે, જન સંઘ જીવનપ્રાણ રે;**
**સારો સ્વર કોઈ સુણી સખાનો, વ્હાલો કરે વખાણ.**

મહારાજને સંગીત અતિ પ્રિય હતું. જ્યારે કોઈ ગાતું ત્યારે શ્રીહરિ એની સાથે ઊંચા સ્વરે તાન ઉપાડીને ગાતા અને કોઈ સંત કે ગવૈયા બહુ સારી રીતે ગાતા ત્યારે મહારાજ હંમેશાં તેના વખાણ કરી તેને મોજ આપતા.

રાસનો મસ્ત માહોલ જામ્યો હતો. દુકડ, સિતાર અને ઝાંઝ - ભેરી જેવા વિવિધ વાદ્યોની સુરમ્ય સુરાવલિઓ વાતાવરણમાં અનોખા રંગની જમાવટ કરી રહી હતી. કવિ હવે ભાવાવેશમાં આવીને કહે છે - આ પંચાળાની ધરતી અને દરબાર ઝીણાભાઈ ધન્ય છે! સૌથી અધિક ધન્યવાદ તો ધર્મકુંવરને છે જેમણે આવો સુખદાયી રાસ રચ્યો. જેણે જેણે પણ પંચાળામાં આ રાસ નીરખ્યો એ સર્વે જનો પણ મહાધન્યભાગી જ ગણાય.

રાસનું તાત્ત્વિક રહસ્ય સમજવા જેવું છે. નૃત્ય એકલા કરી શકાય પરંતુ રાસ એકલા રમી શકાતો નથી. નૃત્યમાં આપણી ઊર્જા ઊર્ધ્વગામી બની બ્રહ્મરંધ્ર તરફ ગતિ કરે છે, જ્યારે રાસમાં રમનારા સર્વેની ઊર્જા ઊર્ધ્વગામી પણ બને છે અને તેનું પરસ્પર આદાનપ્રદાન પણ થાય છે. ભગવાન સાથે ભક્તો જ્યારે રાસ રમે છે, ત્યારે સર્વે ભક્તોની ઊર્જા ભગવાનના તાલ સાથે તાલ મિલાવીને ઊર્ધ્વગામી બની પરમાત્માના સાધર્મ્યને પામે છે.

કવિએ પ્રસ્તુત ગરબીનાં નૃત્યાનુસારી વર્ણો, પ્રાસાનુપ્રાસ,

ઝડઝમક આદિ શબ્દાલંકારો, લય, ટેકપંક્તિની વિભિન્ન યોજના, હાં હાં રે જેવા તાલપ્રેરક ને ગીતપોષક શબ્દાવર્તનો દ્વારા ભગવદ્ ભાવનું તીવ્ર સ્પંદન પ્રગટાવ્યું છે.

# ૧૩

# સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીની જ્ઞાનવિશારદતા, વાણીમાધુર્ય અને અત્યંત મૃદુ સંવેદનશીલ સ્વભાવ સંપ્રદાયની તવારીખમાં અજોડ છે. શ્રીજીમહારાજ હંમેશાં તેમને ગુરુતુલ્ય આદર આપતા હતા. વડોદરાની વિદ્વત્સભામાં એમનો જ્વલંત વિજય એ એમના સંતજીવનનું ઉજવળ પાસું છે.

આવા પ્રેમાળ સંતવર્યના જીવનની એક વિરલ ઘટના મુમુક્ષુને અનોખો સંદેશ આપી જાય છે. એકવાર એવું બન્યું કે મુક્તાનંદ સ્વામીના મંડળમાં શ્રીજીમહારાજે કેટલાક પૂર્વ હિન્દુસ્તાની સંતોનો સમાવેશ કરાવ્યો. આ સંતોની કેટલીક વિચિત્ર ટેવો મૃદુહૃદયી મુક્તમુનિને કઠવા લાગી. સ્વામીએ આ સાધુઓને સુધારવા માટે ઘણાં પ્રયત્નો કર્યા, પરંતુ કાંઈ ફરક ન પડ્યો. ગીતામાં શ્રીકૃષ્ણે પણ કહ્યું છે કે જ્ઞાની પુરુષ પણ પોતાની પ્રકૃતિ વિરુદ્ધ આચરણ નથી કરી શકતો. એ પૂર્વ હિન્દુસ્તાની સાધુઓ સાચા મુમુક્ષુ અને શ્રીજીમહારાજના અનન્ય ઉપાસક હતા, પરંતુ પ્રાંત અને ભાષા ભેદને કારણે એમનું સાહજિક વર્તન પણ અન્ય સંતોને વિચિત્ર લાગતું હતું.

મુક્ત મુનિએ એકવાર ફરિયાદના સૂરમાં શ્રીજીમહારાજને

કહ્યુંઃ 'મહારાજ, આમ તો બધું બરાબર છે, પરંતુ મારા મંડળમાં આ જે પૂર્વ હિન્દુસ્તાની સાધુઓ છે એમને બીજાના મંડળમાં મૂકી એના બદલે મને બીજા સાધુઓ આપો તો બહુ સારું.'

મહારાજે આ સાંભળી સાવ અજાણ્યા થઈને પૂછ્યું : 'અરે સ્વામી, એમ શા વાસ્તે?'

'મહારાજ, એ સાધુઓની અમુક ટેવો મને રૂચતી નથી.'

'સ્વામી, શું એ સંતો પંચ વર્તમાનના આચરણમાં કાચા છે?'

'ના... મહારાજ, એવું તો નથી. આમ તો એ બધાય સાધુતાના સર્વેગુણે સંપન્ન છે. પરંતુ એમની ચાલ-ઢાલ, એમની બોલચાલ, એમની રીતભાત મને ગોઠતી નથી.'

અંતે મહારાજે એક ત્વરિત નિર્ણય લઈને કહ્યુંઃ 'સ્વામી, એ વાત હમણાં રહેવા દો. અમારી તમને એક આજ્ઞા છે તેનું તમે તત્કાળ પાલન કરો. ધ્રાંગધ્રા રાજ્યના રામ મહોલમાં સદાવ્રત અપાય છે, ત્યાં ભારતભરમાંથી દરેક સંપ્રદાયના સાધુસંતો આવીને રહે છે. તમે એકલા ત્યાં જઈને રહો. અમે બોલાવીએ ત્યારે જ પાછા આવજો.'

મહારાજની આજ્ઞા થતાં જ સ્વામી તત્કાળ ધ્રાંગધ્રા ગયા. રામ મહોલમાં ભારતભરના ભેખધારી બાવાઓ ભેળા સ્વામી રહેવા લાગ્યા. એ બાવાઓના એક પણ લક્ષણ એમને સાધુ સંત કહેવડાવે તેવા નહોતાં. કોઈ ગાંજો ફૂંકે તો કોઈ છીંકણી સૂંઘે, કોઈ રોજ રાતે સોનાના સિક્કા ગણ્યા કરે તો કોઈક ગંદી બિભત્સ ગાળો બોલ્યા કરે. અલગ અલગ અખાડાની વેરાગી જમાતો એકબીજા સાથે સતત બાખડ્યા કરતી. પંચ વર્તમાન સાથે તો એ

ભેખધારીઓને સ્નાન સૂતકનો પણ સંબંધ નહોતો. મુક્તાનંદ સ્વામી ચાર દિવસમાં જ એવા અકળાઈ ગયા કે એમણે તત્કાળ એક કીર્તન રચીને શ્રીજીમહારાજને ગઢપુર મોકલ્યું અને એની સાથે પોતાને તાત્કાલિક પાછા બોલાવી લેવાની નમ્ર પ્રાર્થના કરી. એ કીર્તનના મહામૂલા શબ્દો હતા -

**'મારા વ્હાલાજી શું વ્હાલ દીસે રે,**
**તેનો સંગ શિદ તજીએ; તે વિના કેને ભજીએ...'**

આ કીર્તનના શબ્દેશબ્દમાં મુક્ત મુનિના અંતરનો સાચો પ્રશ્ચાતાપ પ્રગટ થતો હતો. સ્વામીને હવે સાચું સમજાઈ ગયું કે સત્સંગમાં જે છે તે જગતમાં બીજે ક્યાંય નથી.

આ કીર્તન વાંચીને તરત જ શ્રીજીમહારાજે મુક્તમુનિને તેડી લાવવા પત્ર લખાવીને કાસદને રવાના કર્યો.

ગઢપુર પરત આવીને અક્ષરઓરડીમાં શ્રીજીમહારાજ પાસે જઈને મુક્તાનંદ સ્વામીએ ચોધાર આંસુઓ સાથે આર્ત વચને કહ્યું : 'મહારાજ, આપે મને ધ્રાંગધ્રા રામ મહોલમાં ન મોકલ્યો હોત તો મને આપણાં સંતોનો અવગુણ દિનપ્રતિદિન વધતો જાત. આપે મારા ઉપર અત્યંત અનુગ્રહ કરીને મને મારી ભૂલ સમજાવી છે. જેવા તેવા હોય તો પણ તમારા સાધુની તોલે મહારાજ! આ જગતના કોઈ ભેખધારી ન આવી શકે. હવે પછી મને સત્સંગમાં ક્યારેય કોઈનો અભાવ નહીં આવે. સત્સંગમાં દિવ્યભાવ હવે મારા અંતરમાં અહોનિશ રહેશે.' આટલું કહીને મુક્તાનંદ મહામુનિ શ્રીજીમહારાજના ચરણોમાં બેસીને શીઘ્ર એક કીર્તન રચીને ગાવા લાગ્યાઃ

**'સહજાનંદ સ્વામી રે, ન પ્રગટત આ સમે રે,**

**પ્રાણી કોઈ પામત નહિ, ભવપાર રે...'**

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીના આ બંને કીર્તન સંપ્રદાયના સાહિત્યમાં સીમાચિહ્‌ન સમાન છે. શ્રીજીમહારાજને આ કીર્તનો અત્યંત પ્રિય હતા.

**કાવ્યકૃતિ :**

**મારા વ્હાલાજી શું વ્હાલપ દીસે રે,**
**તેનો સંગ શિદ તજીએ રે; ટેક.**
**તે વિના કેને ભજીએ રે.**

**સન્મુખ જાતાં શંકા ન કીજે, મર ભાલા તણાં મેહ વરસે રે;**
**હંસ જઈ હરિજનને મળશે, કાચી કાયા પડશે રે.**
**તેનો. ૧**

**શુળી ઉપર શયન કરાવે, તો ય સાધુની સંગે રહીયે રે;**
**દુર્જન લોક દુર્ભાષણ બોલે, તેનું સુખદુઃખ સર્વે સહિયે રે.**
**તેનો. ૨**

**અમૃતપે અતિ મીઠા મુખથી, હરિના ચરિત્ર સુણાવે રે;**
**બ્રહ્માભવ સનકાદિક જેવાં, જેનાં દર્શન કરવાને આવે રે.**
**તેનો. ૩**

**નરકકુંડથી નરસું લાગે, દુરિજનનું મુખ મનમાં રે;**
**મુક્તાનંદ મગન થઈ માગે, વ્હાલા વાસ દેજો હરિજનમાં રે.**
**તેનો. ૪**

**આસ્વાદ :**

પ્રસ્તુત ઐતિહાસિક પૂર્વભૂમિકા ધરાવતું પદ સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીની અનેક શ્રેષ્ઠ રચનાઓ પૈકીનું એક છે.

કાવ્યનો ઉપાડ અત્યંત ચિત્તાકર્ષક છે, કારણ કે આખા કાવ્યનો નિચોડ એ એક જ પંક્તિમાં કવિએ આપી

દીધો છે.

કવિને સ્વાનુભવથી હવે એ સમજાઈ ગયું છે કે જે પણ સંત હરિભક્તોને મારા પ્રિયતમ પાતળિયા સ્વેષ્ટ સ્વામી સહજાનંદજીમાં હેત છે તેમનો સંગ શા માટે છોડવો ? પ્રગટ પુરુષોત્તમ વિના અન્યને શા માટે ભજવા? મહારાજ અને એમના મુક્તો એ જ હવે તો આપણો પરિવાર છે!

હરિનો મારગ તો શૂરાનો મારગ છે, એના ઉપર ચાલતા ભલેને ભાલાનો વરસાદ વરસે! છતાં સહેજ પણ સંશય કર્યા વિના નિધડકપણે એ માર્ગે આગળ વધવું એમાં જ જીવનનું શ્રેય છે. આ કાયા તો ક્ષણભંગુર છે, પરંતુ આત્મા અમર છે. માટે મહારાજે શિક્ષાપત્રીમાં **निजात्मानम् ब्रह्मरुपम् देहत्रय विलक्षणम्** । એ શ્લોકમાં પોતાના આત્મામાં બ્રહ્મરૂપની ભાવના કરીને ભગવાનની ભક્તિ કરવાની આજ્ઞા આપી છે. માટે સત્સંગમાં બ્રહ્મરૂપની ભાવનાથી જ જો સર્વે સંત હરિભક્તોનો સંગ કરવામાં આવે તો જ સમસ્ત સત્સંગ દિવ્ય જણાય.

કવિએ હવે ઉત્કૃષ્ટ ભાવે સંત સમાગમનો મહિમા ગાયો છે.

અહીં બ્રહ્માનંદ સ્વામીની અમર કાવ્યપંક્તિ યાદ આવે છે : **'સંત પરમ હિતકારી જગત માંહી સંત પરમ હિતકારી.'** તેથી જ મુક્તાનંદ સ્વામી કહે છે કે- **શૂળી ઉપર શયન કરાવે, તોય સાધુની સંગે રહીયે રે...** અને આમ કરતાં જો દુષ્ટ મનુષ્યોની ટીકા કે ટોળટપ્પા સહન કરવા પડે તો પણ તે ધ્યાનમાં નહિ લેતાં. સુખદુઃખને નિર્મળભાવે સ્વીકારીને ભગવાનના અમૃતરસભર્યા ગુણસંકીર્તન

સાંભળવામાં જ રસ લેવો જોઈએ. પ્રગટ પુરુષોત્તમનારાયણના જે મુક્તો છે તેમના દર્શન તો બ્રહ્મા, શંકર અને સનકાદિક જેવા પણ ઝંખે છે. જ્યારે જે દુષ્ટજનો ભગવાનના અનન્ય ભક્તોના દ્રોહી છે તેના મુખને કવિ નરકકુંડ સાથે સરખાવે છે. એવા દુર્જનોના મુખની જે દૂષિત વાણી સાંભળે છે તેનું મન પણ ભગવાન અને ભક્તના દ્રોહને લીધે પતિત થવાથી નર્કનું અધિકારી બને છે. તેથી જ મુક્તમુનિ મહારાજ પાસે વારંવાર માગે છે કે હે પ્રભુ! મને હંમેશાં આપના અનન્ય ભક્તોનો જ સહવાસ દેજો.

મુક્તાનંદ સ્વામીની પ્રસ્તુત રચના પ્રાસાદિક અને ગેય છે.

## ૧૪
## સદ્‌ગુરુ શ્રી નિષ્કુળાનંદ સ્વામી

'સદ્‌ગુરુ શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો'માં એક રમૂજી પ્રસંગ આવે છે. એકવાર ગઢપુરમાં શ્રીજીમહારાજે મૂળજી બ્રહ્મચારીને આજ્ઞા કરી કે તમે બાઈઓની સભામાં જઈને કહી આવો કે કોઈએ સભાપ્રસંગમાં અંદર અંદર ગ્રામ્યકથા કરવી નહીં. મૂળજી બ્રહ્મચારી તો સમજ્યા ન સમજ્યા ને દોડ્યા, બાઈઓની સભામાં જઈને કીધું : 'મહારાજે રામકથા ન કરવાની આજ્ઞા કરી છે, માટે હવે પછી સભામાં રામકથા ન કરવી.' મહારાજ જ્યારે જમવા પધાર્યા ત્યારે લાડુબાએ પૂછ્યું : 'મહારાજ, તમે રામકથા ન કરવાની આજ્ઞા કેમ કરી?' મહારાજ કહે, 'આ મૂળજી બ્રહ્મચારીએ અર્થનો અનર્થ કરી નાંખ્યો. અમે એમ કહ્યું હતું કે સભા ચાલતી હોય ત્યારે અંદર અંદર ગ્રામ્યવાર્તા ન કરવી એટલે કે ગામ ગપાટા ન મારવા, અને એમણે કહી દીધું કે રામકથા ન કરવી.' આમ કહીને મહારાજ હસ્યા.*

સામાન્યતઃ જે માણસોને વધારે પડતું બોલવાની આદત હોય છે તેનાથી જરૂરી સાથે બિનજરૂરી વાતો પણ અનાયાસે થઈ જતી હોય છે. વધારે પડતી નિખાલસતા જેમ વ્યવહારમાં અડચણો ઊભી કરે છે, તેમ વધારે પડતો

*શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : વાર્તા ૮૬૫

વાતોડિયો સ્વભાવ ભક્તિસાધનામાં બાધક છે. ગ્રામ્યવાર્તા કરવાથી મન ચંચળ બનીને પંચ વિષયોમાં એવું ગુંચવાય છે કે ધ્યાનભજનમાં પછી કેમે કરીને ચોંટતું જ નથી.

શ્રીજીમહારાજના સમયમાં જે માણસોને ગ્રામ્યવાર્તાનું વ્યસન રહેતું તેમની ઉપર મહારાજની પ્રસન્નતા નહિવત્ થતી. એવા તુચ્છ બુદ્ધિના લોકોને શ્રીહરિ ક્યારેય પોતાની પાસે આવવા દેતા નહીં. દાદાખાચરના એક કારભારીને ગ્રામ્યવાર્તા કરવાની અતિ આદત હોવાથી મહારાજ તેને પોતાની પાસે વધુ સમય બેસવા દેતા નહીં.

એકવાર શ્રીજીમહારાજ સાળંગપુર પધાર્યા હતા. એ વખતે શ્રીહરિ સાથે આવેલા પાર્ષદો સાવ નવા હતા. તે પાર્ષદોને ગ્રામ્યવાર્તા કરવા સાંભળવાનો ભારે ચસ્કો હોવાથી મહારાજે તેમને તત્કાળ રજા આપી દીધી. ત્યારબાદ શ્રીજીમહારાજે સંત-હરિભક્તોની સભામાં વાત કરી : 'જે મનુષ્યને આંખ અને કાન એ બે ઇંદ્રિયો વશ નથી વર્તતી તેમનું અંતર હંમેશાં ડહોળાયેલું જ રહે છે. પરિણામે તેઓ પંચ વર્તમાન સંબંધી કોઈ નિયમો પાળી શકતા નથી. જ્યાં ગ્રામ્યવાર્તા (Gossip) થતી હોય ત્યાં જેના કાનની વૃત્તિ ખેંચાતી હોય તે જ્યારે ધ્યાન-ભજન કરવા બેસે ત્યારે એ શબ્દો સાંભરી આવે અને પરિણામે મન ક્યારેય ભગવાનના સ્વરૂપમાં સ્થિર થાય નહીં. માટે જેને પરમાત્માની કૃપા પ્રાપ્ત કરવી હોય તેને હંમેશાં સાવધાન રહેવું. મન અને ઇંદ્રિયોની વૃત્તિઓને અહોનિશ પરમાત્માના સ્વરૂપમાં જ રાખવી, મુમુક્ષુને અંતઃકરણમાં જે ગાફેલતા રહે છે, પ્રમાદ રહે છે તેને લીધે તેની પંચ

જ્ઞાનેન્દ્રિયો વધુને વધુ પંચ વિષયો ભોગવે છે. પરિણામે આવા બદ્ધજીવોને જન્મમરણરૂપી સંસૃતિ ક્યારેય ટળતી નથી.'

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી ત્યારે તે સભામાં હાજર હોવાથી તેમણે શ્રીજીમહારાજની આ મહત્ત્વપૂર્ણ જ્ઞાનવાર્તાને કીર્તનના સ્વરૂપમાં વણી લીધી.

**'એક સમે શ્રીહરિ સ્વામી, તેડાવિયા નિજ જન;**
**વચનામૃત વરસાદ કરવા, પોતે થયા પ્રસન્ન.'**

નિષ્કુળાનંદ સ્વામીએ શબ્દ, સ્પર્શ, રસ, રૂપ, ગંધ ઈત્યાદિ પંચ વિષય સંબંધી શ્રીહરિના જ્ઞાનોપદેશને આવરી લેતા આઠ પદો રચ્યા છે. એમાંનું પ્રથમ પદ અત્રે આસ્વાદ અર્થે પ્રસ્તુત છે.

**કાવ્યકૃતિ :**

**એક સમે શ્રીહરિ સ્વામી, તેડાવિયા નિજ જન;**
**વચનામૃત વરસાદ કરવા, પોતે થયા પ્રસન્ન. ૧**
**શ્રીહરિ કહે સહુ સાંભળો, નરનારી સંત સમેત;**
**સર્વ સિધ્ધાંતનું સાર છે, હૈયે ધરજો કરી હેત. ૨**
**તને કરી મેં તપાસિયું, જો હોયે ઉપાધી અનેક;**
**શ્રી બદ્રિપતિનાં બળ થકી, મારા અંતરમાં નહીં એક. ૩**
**અન્ય અંતર અવલોકીયાં, મન બુદ્ધિ ચિત્ત અહંકાર;**
**પકડી જૂજવું પુછતાં, એ ચોખ્ખા દીઠાં ચાર. ૪**
**ગુન્હો ઘણો ગાફેલાઈનો, અતિ જોયો અમે આજ;**
**તેનું કારણ હું આત્મા, કાં તો મને મળ્યા મહારાજ. ૫**
**બળ લહિને એ બેઉનું, પોષે પાંચે ઈંદ્રિયે પંડ;**
**મુક્ત મટીને વંધ બને, પછી ન રહે જ્ઞાન અખંડ. ૬**

**પાંચે ઇંદ્રિયના પ્રિછવી, ભિન્ન ભિન્ન ભાખું ભોગ;**
**જેણે કરી આ જીવને, થાયે જનમ મરણ રોગ. ૭**
**મારા જાણીને મુજને, હૈયે આવ્યું હેત અત્યંત;**
**નિષ્કુળાનંદ એમ હરિ, કહે સહુ સાંભળજો તમે સંત. ૮**

**આસ્વાદ :**

શ્રીજીમહારાજના વચનામૃતો અસંખ્ય છે, તેમાંથી સર્વજીવહિતાવહ સર્વગ્રાહ્ય વચનામૃતોનું સંકલન પ્રમુખ પાંચ નંદ સંતવર્યોએ કરી વચનામૃત ગ્રંથ તૈયાર કર્યો છે. એમાં સંકલિત ન થઈ શક્યા હોય એવા પણ ઘણાં વચનામૃતો નંદ સંત કવિઓના કીર્તનરૂપે આજે પણ પ્રાપ્ય છે.

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીનું પ્રસ્તુત પદ શ્રીજીમહારાજના એક મહત્ત્વપૂર્ણ વચનામૃતનું પદ્યસ્વરૂપ છે.

એકવાર શ્રીજીમહારાજ સભામાં સર્વે સંતો અને સત્સંગી નરનારીઓને સંબોધીને કહે છે : 'આજે સર્વે સિધ્ધાંતના સારરૂપ વાત અમે કરીએ છીએ તેને હેત કરીને હૈયામાં ધારજો. ભગવાન શ્રી નરનારાયણના પ્રતાપે ગમે તેટલી ઉપાધિ આવવા છતાં અમારા અંતરમાં એનો લેશમાત્ર પણ અંતરાય થતો નથી. અમે અન્ય લોકોના પણ અંતર તપાસ્યા ત્યારે એમ દીઠું કે એ સર્વેને મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એ ચારેયના ગુણધર્મો સ્પષ્ટપણે વર્તે છે. ભગવાનના ભક્તને જો પંચ વિષય અંતરાય કરતા હોય તો તે બાબતમાં અમે આજે જોયું કે એમાં સૌથી મોટો ગુનો તો એ હરિભક્તની ગાફલાઈનો છે. જે ગાફલાઈ રાખશે તેને પ્રમાદ અને મોહ એ બંને નડ્યા વિના નહિ રહે. હું આત્મા છું અને મને મહારાજ જેવા પરાત્પર પરબ્રહ્મ ઇષ્ટદેવરૂપે

મળ્યા છે. એ બંને સત્યનું બળ રાખીને જો પંચ જ્ઞાનેન્દ્રિય સહિત આ પિંડને ભોગવે તો એ મોટો મુક્ત હોય તો પણ એનું જ્ઞાન અખંડ રહેતું નથી. માટે પાંચે ઈંદ્રિયો અને એના ભોગને જ્ઞાને કરીને ઓળખી એ પંચ વિષયો માત્ર ભગવાન સંબંધી જ ભોગવવા. જે જીવો એ પંચ વિષયો જગત સંબંધી જ ભોગવ્યા કરે છે તેમનો જન્મમરણરૂપી રોગ ક્યારેય મટતો નથી. તમને સર્વેને અમારા ગણીને તથા મારા હૈયામાં તમારા પ્રતિ હેત હોવાથી તમારા હિતની આ વાત આજે કરી છે તેને સદાય જીવંત રાખજો.'

આ પછીના પદોમાં સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ રસ, શબ્દ, સ્પર્શ, રૂપ તથા ગંધ ઈત્યાદિ પંચ વિષય દ્વારા થતું જીવનું પતન તથા તેને જિતવાનો ઉપાય બતાવ્યો છે.

જ્ઞાનોપદેશનું આ પદ મુમુક્ષુને માટે દિવાદાંડીરૂપ છે.

# ૧૫

# સદ્‌ગુરુ શ્રી માધવાનંદ સ્વામી

સં. ૧૮૮૫માં આસો સુદ અગિયારસની જાગરણની રાતે શ્રીજીમહારાજે ગઢપુરમાં જે નવા કવિઓને તેમની રચનાઓ સાંભળીને પ્રમાણિત કર્યા તેમાં માધવાનંદ નામના એક નવોદિત સંતકવિ પણ સામેલ હતા.

સદ્‌ગુરુ કૃષ્ણાનંદ સ્વામીએ 'શ્રીહરિચરિત્રામૃત' (અધ્યાય-૫૮)માં નોંધ્યું છે :

**'દેવાનંદ, ભૂમાનંદ દેખો, ધ્યાનાનંદ દયાનંદ લેખો.**
**માધવાનંદ આદી કહેવાય, કીધાં પ્રમાણ તે કવિમાંય.'**

જોકે માધવાનંદ નામે બે સંતો સંપ્રદાયની તવારીખમાં નોંધાયેલા છે. આ અંગે 'નંદમાળા'માં સદ્‌ગુરુ મંજુકેશાનંદ સ્વામી લખે છે :

**'માધવાનંદ મુનિવર બેઉ, ત્યાગી ભજનરત તેઉ.'**

આ બંને માધવાનંદ પૈકીના જે કવિ અને ભજની માધવાનંદ હતા તેમના કેટલાક કીર્તનો સત્સંગમાં પ્રચલિત છે.

કવિ માધવાનંદ પરમ વૈરાગ્યવાન તપસ્વી સંત હતા. તેઓ ઘણું ખરું અમદાવાદમાં જ રહેતા હતા.

એકવાર શ્રીજીમહારાજ જેતલપુરમાં બિરાજતા હતા ત્યારે માધવાનંદ સ્વામી કપૂરનો શણગાર લઈને શ્રીહરિની પૂજા કરવા માટે આવ્યા હતા. તેમણે મહારાજને ચરણવંદના કરીને તેમની ચંદનપુષ્પથી પૂજા કરી કપૂરના હાર કંઠમાં પહેરાવી, હાથે કપૂરના બાજુબંધ, પાઘમાં કપૂરના તોરા અને કાનમાં કપૂરના કુંડળ ધરાવ્યાં. શ્રીજીમહારાજે તેમની આ વિશિષ્ટ પૂજાથી અત્યંત પ્રસન્ન થઈ તેમને મોજ આપી હતી.

ગઢપુરમાં આસો સુદ અગિયારસની રાત્રિ સભામાં માધવાનંદે પોતાનું નવલ કાવ્ય રજુ કરતા ગાયું હતું :

**'હરજી મારે હૈડે રહેજો, સહજાનંદ છો રૂડા વહાલા;**
**સાચું નાણું શામળિયાનું, સર્વે વ્રતે પુરા વહાલા.'**

**કાવ્યકૃતિ :**

**હરજી મારે હૈડે રહેજો, સહજાનંદ છો રૂડા વહાલા;**
**સાચું નાણું શામળિયાનું, સર્વે વ્રતે પુરા વહાલા. ૧.**
**પુરુષોત્તમજી પોતે પ્રગટ્યા, લીલાને વિસ્તારી વહાલા;**
**જ્ઞાનના પ્રકાશ દ્વારા, બુધ્ધિ કીધી સારી વહાલા. ૨.**
**નારાયણ રણ છોડી નાખ્યું, મોટા છો મહારાજ વહાલા;**
**રાંકને રડવડતાં રાખી, રીતે આપ્યું રાજ વહાલા. ૩.**
**ચારે ખાણ્યું છોડી નાખી, શંકામાંથી તાર્યા વહાલા;**
**વિષયપણું વહેતું મુકાવી, પતિવ્રતા ધર્મ પળાવ્યો વહાલા. ૪.**
**સર્વે દુઃખને ટાળી નાંખી, સહેજમાં સુખ આપ્યું વહાલા;**
**મન મારું કહ્યામાં નહોતું, સ્થિર કરીને સ્થાપ્યું વહાલા. ૫.**
**ભલે પધાર્યા ભવ ઉતારણ, આવી લીધો અવતાર વહાલા;**
**પાપી ઉપર પ્રસન્ન થઈને, ટાળ્યો જમનો માર વહાલા. ૬**

**હરિએ જ્યારે કૃપા કીધિ, સંતોનો સંગ આપ્યો વહાલા;**
**સંતો સાથે શામળિયાને, અંતરમાં આનંદ વહાલા. ૭.**
**છેલ્લો ફેરો સફળ ફળિયો, કહે છે માધવાનંદ વહાલા;**
**હરજી મારે હૈડે રહેજો, સહજાનંદ છો રૂડા વહાલા. ૮**

**આસ્વાદ :**

કવિ માધવાનંદ સ્વામીએ પ્રસ્તુત પદમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનો અપરંપાર મહિમા મન મૂકીને ગાયો છે.

કાવ્યની ટેક અત્યંત આકર્ષક છે. કવિ શ્રીહરિને માટે 'હરજી' શબ્દ પ્રયોજે છે. ભક્ત કવિની ભગવાન પ્રત્યેની આર્ત પ્રાર્થનાથી પદનો પ્રારંભ થાય છે. કાવ્યના ઉપાડની પંક્તિમાં જ કવિએ કમાલ કરી છે.

**'હરજી મારે હૈડે રહેજો, સહજાનંદ છો રૂડા વહાલા'**

અહીં કવિએ 'સહજાનંદ' શબ્દનો પ્રયોગ ભાવવાચક શબ્દ તરીકે કર્યો છે. કવિ પ્રભુને પ્રાર્થે છે : હે વહાલા ! આપ તો સહજ આનંદના પ્રવર્તક એવા સુંદર શ્રીહરિ છો. આપ મારા હૈયામાં હંમેશાં નિવાસ કરીને રહેજો. સંસારમાં ધનનો મહિમા અપરંપાર છે. પરંતુ કવિને મન તો શ્રીજીમહારાજ. એજ સાચું નાણું છે - સાચી સંપત્તિ છે.

આ બ્રહ્માંડમાં પૂર્ણ પુરુષોત્તમ નારાયણ પ્રગટ થયા ત્યારે એમના પ્રાગટ્યના પગલે જ મુમુક્ષુ જીવોના અંતરમાં જ્ઞાનનો પ્રકાશ પ્રગટતા સદ્‌બુદ્ધિ અને સદ્‌વિદ્યાનું પ્રવર્તન થયું. આ બ્રહ્માંડની ઉત્પત્તિ થઈ ત્યારથી પરમાત્માના અનેક અવતારો, તીર્થંકરો અને પેગંબરો આ લોકમાં અવતર્યા છતાં પણ ભાગવત ધર્મનું સ્થાપન થઈ શક્યું નહોતું. શ્રીજીમહારાજે આ પૃથ્વી ઉપર પ્રગટ થઈ આત્યંતિક ધર્મનું

સ્થાપન કરી અનેક જીવોને આત્યંતિક કલ્યાણના અધિકારી બનાવ્યા. તેથી જ મુક્તાનંદ સ્વામીને મસ્ત બનીને ગાયું છે-

**'જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ...'**

શ્રીજીમહારાજ અને એમના અનાદિમુક્તોએ આત્યંતિક કલ્યાણનું સદાવ્રત ખોલ્યું છે, જે પણ આવે એ બધાંને અહીં મોક્ષનું મહાદાન મળે છે. પછી ભલેને પેલી જેતલપુરની ગણિકા જ કેમ ન હોય? તેથી જ કવિ માધવાનંદ ગાય છે :

**'પાપી ઉપર પ્રસન્ન થઈને, ટાળ્યો જમનો માર વહાલા.'**

કવિ કહે છે કે શ્રીહરિ જેના ઉપર અઢળક કૃપા કરે છે તેને સાચા સંતોનો નિત્ય સહવાસ આપે છે. તેનું ખૂબ સુંદર કારણ રજુ કરતા માધવાનંદ લખે છે -

**'સંતો સાથે શામળિયાને, અંતરમાં આનંદ વહાલા.'**

સંત એ શ્રીહરિનું હૃદય છે. સંતો ઉપર શ્રીજીમહારાજ હંમેશાં અહૈતુકી કૃપા વરસાવતા જ રહે છે. માટે સંતો સાથે અનન્ય આત્મબુદ્ધિ એ જ આત્યંતિક કલ્યાણનો રાજમાર્ગ છે.

કાવ્ય અર્થગંભીર અને પ્રાસાદિક છે.

# નવલ વસંત નવલ વૃત્તાલય નવલ શ્રી ધર્મકુમાર...

## ૧૬

## સદ્‌ગુરુ શ્રી ધર્માનંદ સ્વામી

સૌરાષ્ટ્રની ધીંગી ધરાના ઝમરાળા ગામનો એક મુમુક્ષ યુવાન એકવાર મોક્ષ પ્રાપ્તિની મહત્ત્વાકાંક્ષા સાથે તીર્થાટન કરતો કરતો ગઢપુર આવી ચડ્યો. શ્રીજીમહારાજના પ્રથમ દર્શને જ એના અંતરમાં શાંતિના શેરડા પડ્યા. માણિગરની મનોરમ્ય મૂર્તિએ એના હૈયા પર કામણ કર્યું. એના દિલમાં આનંદના ઓઘ ઉતરવા લાગ્યા. શ્રીહરિની નિશ્રામાં રહીને ભજનસ્મરણ અને ધર્મપાલનમાં એને અનોખી શાતા મળવા લાગી. એણે સત્ત્વરે પોતાના અંતરાત્માના અવાજના આધારે શ્રીહરિને પ્રાર્થના કરી : ‘પ્રભુ, મને સાધુની દીક્ષા આપી આપની નિશ્રામાં અખંડ સ્થાન આપો.’ મહારાજે તેને યોગ્ય પાત્ર સમજી સાધુની ભાગવતી દીક્ષા આપી તેનું નામ ‘ધર્માનંદ’ પાડ્યું.

‘નંદમાળા’માં ધર્માનંદ નામના બે સંતોનો ઉલ્લેખ છે.

**‘ધર્માનંદ બેઉનાં નામ, એક ભજની બીજા નિષ્કામ.’** એ પૈકી આ ધર્માનંદ ભજની અને કવિ હતા.

કવિ ધર્માનંદ સ્વામી મોટેભાગે ગઢપુરમાં જ રહેતા હતા. તેઓ અખંડ મહારાજની મૂર્તિના ધ્યાન સાથે સ્વામિનારાયણ

મહામંત્રની માળા સતત ફેરવ્યા કરતા. સંપ્રદાયની તવારીખમાં નોંધાયેલું છે કે ધર્માનંદ સ્વામી એટલી હદે માળા ફેરવતા કે માળાના ઘસારાથી એમની તર્જનીના પર્વમાં સળ પડી ગયા હતા. એમની માળાનો મિણીયો દોરો પણ દર મહિને તૂટી જતો. નામસ્મરણની આ પરાકાષ્ઠાએ એમને એવી સિધ્ધિ આપી હતી કે તેઓ જે બોલતા તેમ જ થતું.

એકવાર ધર્માનંદ સ્વામી સાળંગપુર ગયા હતા. ત્યાં કાઠીનો એક અટકચાળો છોકરો સ્વામીની લાકડી લઈને ભાગી ગયો. સ્વામીએ ધ્યાનમાં બેસીને શ્રી કષ્ટભંજન હનુમાનજી મહારાજને કહ્યું : 'અમે તમારા ગામમાં આવ્યા એટલે તમારા મહેમાન કહેવાઈએ. તમારા મહેમાનનું તમે આવું ધ્યાન રાખો છો ?' હનુમાનજી આ સાંભળીને હસ્યા. ઘડીભરમાં તો સ્વામીની લાકડી અધ્ધર આકાશમાંથી આવીને સ્વામીની પાસે પડી.

સં. ૧૮૮૨માં શ્રીજીમહારાજે વડતાલમાં વસંતપંચમીએ વસંતોત્સવ ઉજવ્યો ત્યારે કવિ ધર્માનંદ સ્વામીએ વસંતને વધાવતા રસિક પદો રચીને તે પ્રગલ્ભ સ્વરે ગાયા હતા.

**'નવલ વસંત નવલ વૃત્તાલય નવલ શ્રી ધર્મકુમાર;**
**નવલ હિ ધર્મરાય કે આંગન, નવલ મિલે નરનાર.'**

**કાવ્યકૃતિ :**

**નવલ વસંત નવલ વૃત્તાલય નવલ શ્રી ધર્મકુમાર;**
**નવલ હિ ધર્મરાય કે આંગન, નવલ મિલે નરનાર.**
**નવલ. ૧**
**નવલ હિ કેસર રંગ માટ ભરે, નવલ હિ મૃગ મદમાર;**

**નવલ લાલ રંગ ભરી ગ્રહિ હે, નવલ કનક પીચકાર.**
**નવલ. ૨**

**નવલ મુનિ સંગ પ્રેમે ઉડાવત, નવલ ગુલાલ અપાર;**
**નવલ તાલ મૃંદગ બજાવત, નવલ હિ ગાત સુમાર.**
**નવલ. ૩**

**નવલ વિમાન ગગન સબ છાયે, નવલ હિ જૈ જૈ કાર;**
**ધર્માનંદ કે નવલ પ્રીતમ છબી, નવલ ચરણ બલિહાર.**
**નવલ. ૪**

**આસ્વાદ :**

કવિ ધર્માનંદનું પ્રસ્તુત વસંતગાન એની આગવી રીતે નવજીવનની ભક્તિભાવે પોષાયેલી રચનાત્મક મસ્તી અભિવ્યક્ત કરે છે.

કવિના અંતરમાં અદમ્ય આનંદની રસમસ્તી હિલોળે ચડી છે, તેથી એમને સકલ સૃષ્ટિ નવીન દૃષ્ટિગોચર થાય છે. ખ્યાતનામ કહેવત છે - 'દૃષ્ટિ એવી સૃષ્ટિ.' જ્યારે પ્રભુ પ્રત્યેના નિર્વ્યાજ પ્રેમનો ઉત્કટ ઉન્માદ ભક્તની આંખોમાં એની ખુમારીના આંજણ આંજે છે, ત્યારે એ પ્રેમીભક્તને સર્વત્ર નિત્ય નવીન આહ્લાદ જ ભાસે છે.

ધર્માનંદ સ્વામીને વસંતનું આગમન, વૃત્તાલય ગામ તેમ જ ધર્મનંદન સ્વામી સહજાનંદજી મહારાજ - બધાં જ દિવ્ય અને અલૌકિક ભાસે છે. વસંતોત્સવનું રોચક વર્ણન કરતા કવિ ગાય છે -

**'નવલ હિ કેસર રંગ માટ ભરે, નવલ હિ મૃગ મદ માર;**
**નવલ લાલ રંગ ભરી ગ્રહિ હે, નવલ કનક પીચકાર.'**

વૃત્તાલય ગામે શ્રીહરિ સાથે વસંતોત્સવ માણવા માટે

હજારો નરનારીઓ ભેગા મળ્યાં છે. કેસરવર્ણા રંગોની ગાગરો ભરી છે, શ્રીજીમહારાજ સુવર્ણની પિચકારીમાં લાલ રંગ ભરીને ભક્તો ઉપર રંગવર્ષા કરે છે. સંતો ઉપર ગુલાલ ઉડાડીને મહારાજ એમને પોતાના પ્રેમના રંગે રંગી રહ્યા છે. સંતો પ્રગલ્ભ સ્વરે વસંતગાન કરી રહ્યા છે. સિતાર, સરોદ, દુકડ અને મૃદંગનું વાદ્યસંગીત આખા ય માહોલને મસ્તીભર્યા આહ્‌લાદમાં રસલીન કરી રહ્યું છે. આખું ય આકાશ આ દુર્લભ દૃશ્યને નીરખવા માટે દેવલોકમાંથી દોડી આવેલા દેવોના વિમાનોથી છવાઈ ગયું છે. એ દેવો શ્રીહરિની આ અલભ્ય રંગલીલા નિહાળીને જયજયકાર કરે છે. કવિ ધર્માનંદ શ્રીહરિની નિત્ય નવીન મૂર્તિ ઉપર વારી જાય છે.

નવલ શબ્દનો બીજો અર્થ આશ્ચર્યકારક પણ થાય છે. કવિના અંતરમાં શ્રીજીમહારાજની વસંતલીલા નિહાળીને આનંદના અતિરેકથી જે આશ્ચર્યનો ભાવ જાગ્યો એમાંથી આ કીર્તનની રચના થઈ છે, તેથી તેની પંક્તિએ પંક્તિએ 'નવલ' શબ્દનું આવર્તન આપીને કવિએ પોતાના હૃદયગત અહોભાવને સમ્યક્ અભિવ્યક્તિ આપી છે.

કાવ્ય પ્રાસાદિક અને સુગેય છે.

# શ્રી સહજાનંદ સુખકારી, જાઉં મૂર્તિ પર બલિહારી...

## ૧૭

## સદ્‌ગુરુ શ્રી મહાપુરુષદાસજી

જૂનાગઢના જોગી સદ્‌ગુરુ શ્રી મહાપુરુષદાસજીનો જન્મ સં. ૧૮૭૪માં ગોંડલ રાજ્યના ભાયાવદર ગામના પરમ ભગવદીય વિપ્ર દેવકૃષ્ણ જોષીને ત્યાં થયો હતો. તેમનું પૂર્વાશ્રમનું નામ રામજી હતું.

એકવાર શ્રીજીમહારાજ ભાયાવદર પધાર્યા ત્યારે દેવકૃષ્ણ જોષીએ પોતાને ઘરે મહારાજને જમવા બોલાવ્યા. જમીને મુખવાસ લઈને શ્રીહરિ ઢોલિયા ઉપર બિરાજ્યા ત્યારે જોષીએ પોતાના પાંચ વરસના પુત્ર રામજીને મહારાજના ચરણોમાં બેસાડી એને વર્તમાન ધરાવવા માટે પ્રાર્થના કરી. મહારાજે રામજીની જમણી હથેળીમાં જળ આપી તેને વર્તમાન ધરાવી કંઠી બાંધી તેના માથે પોતાનો વરદ્ હસ્ત મૂકીને કહ્યું : 'દેવકૃષ્ણ, તમારે ત્યાં તો આ માર્કન્ડઋષિ અવતર્યા છે. આ તો પૂર્વના મુક્ત છે, તેથી સંસારમાં બંધાયેલા બહુ નહીં રહે. આગળ જતાં એ અનેકના કલ્યાણ કરશે.'

આઠ વરસની ઉંમરે રામજીના યજ્ઞોપવિત સંસ્કાર કરવામાં આવ્યા. રામજી દશ વરસના થયા ત્યારે પોતાના કાકા

પિતાંબર જોષી સાથે જૂનાગઢ મંદિરના પ્રતિષ્ઠા મહોત્સવમાં દર્શન કરવા આવ્યા હતા. શ્રી રાધારમણદેવ, રણછોડજી, ત્રિકમજી તથા સિધ્ધેશ્વર મહાદેવની પ્રતિષ્ઠાવિધી સંપન્ન થયા પછી મંદિરના પ્રાંગણમાં આસોપાલવના વૃક્ષ નીચે સભા ભરીને શ્રીજીમહારાજ બિરાજમાન હતા ત્યારે પિતામ્બર જોષીએ જાહેરમાં મહારાજને પ્રશ્ન કર્યો : 'બુદ્ધિના પ્રેરક તો પરમાત્મા છે, તો પછી માણસ જે પાપ કરે છે તે પાપ ભગવાનને ન લાગતા માણસને કેમ લાગે છે?'

શ્રીજીમહારાજે સંક્ષિપ્તમાં જવાબ આપતા જણાવ્યું : 'અંતર્યામી પરમાત્મા જીવને હંમેશાં સદ્‌બુદ્ધિ જ આપે છે અને સદ્‌વિદ્યા જ પ્રેરે છે. પરંતુ જીવમાં રહેલું અજ્ઞાનનું આવરણ તેને પોતાના અંતરાત્માના અવાજની અવગણના કરી પોતાના અંગત સ્વાર્થ માટે પાપકર્મ કરાવે છે. જીવ સારાનરસા કર્મમાં પોતાના કર્તૃત્ત્વભાવને લીધે કર્મના બંધનમાં ફસાઈ જેતે કર્મના ફળને ભોગવે છે. પરમાત્મા તો આકાશની જેમ નિર્લેપ છે, તેમને ક્યારેય કોઈ દોષ અડતો નથી.'

રામજી બાલ્યકાળથી જ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી ઇત્યાદિ નંદસંતોના નિકટ સહવાસમાં રહેતા હતા. એકવાર શ્રીજીમહારાજે રામજીને સ્વપ્નમાં દર્શન દઈને કહ્યું : 'રામજી, તું વડતાલ જઈ ગોપાળાનંદ સ્વામી ભેળો રહે, તો હું અખંડ તારી ભેળો જ રહીશ.' શ્રીહરિના આદેશ અનુસાર રામજી વડતાલ જઈ સ્વામીશ્રી ભેળા રહેવા લાગ્યા.

રામજીભાઈ ખૂબ જ સેવાભાવી મુમુક્ષુ હતા. સ્વામીશ્રીની

કૃપાથી તેઓ સ્વતંત્રપણે સમાધિ કરીને અક્ષરધામમાં જવા લાગ્યા. પિતા બાલકૃષ્ણ જોષીએ જબરજસ્તીથી તેમના લગ્ન કરાવી નાંખ્યા, પરંતુ રામજીભાઈનું અંતર તો અહોનિશ ભગવદ્‌ભક્તિમાં જ રચ્યું પચ્યું રહેતું હતું.

એકવાર રામજીભાઈ જૂનાગઢ મંદિરમાં સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા રહ્યા હતા ત્યારે તેમને સમાચાર મળ્યા કે તેમના પત્નીનું અકાળે અવસાન થયું છે. રામજીએ નિસ્પૃહભાવે તેનું નાહી નાંખ્યું અને એની ખુશાલીમાં મંદિરમાં સહુ સંત હરિભક્તોને સાકર વહેંચી. પછી રામજીભાઈ જૂનાગઢથી સીધા ગઢપુર આવ્યા અને આદિ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ પાસે બ્રહ્મચારીની દીક્ષા લઈ પુરુષાનંદ બ્રહ્મચારી બન્યા.

પુરુષાનંદ બ્રહ્મચારીને સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી પ્રત્યે અનન્ય ગુરુભાવ હતો. જન્મે બ્રાહ્મણ હોવાથી પોતે બ્રહ્મચારી તો બની ગયા, પરંતુ બ્રહ્મચારીના નિયમધર્મોમાં બંધાયેલા હોવાથી તેઓ પોતાના ગુરુવર્ય ગોપાળાનંદ મહામુનિની પ્રસાદી જમી નહોતા શકતા, તેથી એક દિવસ તેમણે ભંડારામાં જઈને સાધુના તુંબડાનું જળ પી લીધું. સંપ્રદાયના નિયમોને આધિન ત્યાર પછી તેમને સાધુની દીક્ષા આપી તેમનું નામ મહાપુરુષદાસજી રાખવામાં આવ્યું.

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીની છત્રછાયામાં મહાપુરુષદાસજીનો આધ્યાત્મિક ઉત્કર્ષ એની સોળે કળાએ ખીલી ઊઠ્યો. ગુરુ પાસેથી તેમણે ચોર્યાશી પ્રકારની યોગકળાઓ જેવી કે નોળી, કુંજરી, વજ્રોલી, ખેચરી ઇત્યાદિ સિદ્ધ કરી હતી. ગુરુદેવની અપરંપાર કૃપાથી તેમને શ્રીજીમહારાજની મૂર્તિ અખંડ તેલધારાવત્ દેખાતી

હતી. તેઓ સ્વતંત્રપણે સમાધિ કરીને અક્ષરધામમાં જતા તેમ જ અન્ય મુમુક્ષુઓને પણ સમાધિ કરાવી આધ્યાત્મિક જગતની અનેક ભૂમિકાઓ દેખાડતા હતા. તેઓ એક વચનસિદ્ધ સંત હતા. તેમના વચને અનેક જીવો સુખિયા થયા હતા.

સં. ૧૯૩૯ના ફાગણ માસમાં સૌરાષ્ટ્રના હાટીના માળીઆ ગામથી કેશવભગત નામના એક મુમુક્ષુને વૈરાગ્ય થતાં તેઓ સાધુ થવા માટે જૂનાગઢ સ્વામી મહાપુરુષદાસજી પાસે આવ્યા. સ્વામીએ તેમને પોતાની સેવામાં રાખ્યા. રાત્રે કેશવજી સ્વામીશ્રીના પગ દબાવતા હતા ત્યારે સ્વામીએ વાત કરી : 'ભગત, તમે નહીં માનો પરંતુ એ હકીકત છે કે શ્રીજીમહારાજ જ્યારે છપૈયામાં બાળસ્વરૂપે બિરાજતા હતા ત્યારે હું તેમનું નામ પાડવા ગયો હતો. ઘનશ્યામ મહારાજની એ મનોરમ્ય બાળમૂર્તિ મને હજી પણ નખશિખ યાદ છે.' કેશવભગત કહે, 'સ્વામી, છપૈયામાં મહારાજનું નામ પાડવા માટે તો માર્કન્ડઋષિ ગયા હતા એવું સત્સંગિજીવનમાં આવે છે.' સ્વામી કહે, 'કેશવ, એ જ માર્કન્ડઋષિ મારા પૂર્વજન્મમાં હું પોતે હતો.' કેશવભગત તો આ સાંભળીને દિગ્મૂઢ થઈ ગયા. ત્રણ વરસ પછી સ્વામીશ્રીએ કેશવભગતને આચાર્ય શ્રી વિહારીલાલજી પાસે ગઢપુરમાં દીક્ષા અપાવી સાધુ રૂગનાથચરણદાસ નામ પાડ્યું.

એકવાર સ્વામી મહાપુરુષદાસજી ઊનાના મંદિરમાં હતા ત્યારે રાત્રે શ્રીજીમહારાજે સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામી સાથે દર્શન દઈને એમને કહ્યું : 'અમારી વિવિધ લીલાની ઘણી

વાતો તમને કંઠસ્થ છે તેનો એક ગ્રંથ રચો ને તેનું નામ 'પુરુષોત્તમ નિરૂપણ' આપજો.' એ જમાનામાં ગ્રંથો મોટેભાગે પદ્યમાં જ રચાતા હતા, ગદ્યનું ચલણ નહિવત્ હતું. સ્વામી કહે, મહારાજ, હું પિંગળ ભણ્યો નથી, માટે ગ્રંથ શી રીતે રચું?' મહારાજ કહે, 'તમે ચોપાઈ લખવા મંડજો એટલે આવડશે.' પછી સવારે ઊઠીને સ્વામીએ ભક્તચિંતામણિની શૈલીમાં ચોપાઈઓ લખવા માંડી. થોડા દિવસોમાં તો ત્રીસ અધ્યાય રચાઈ ગયા. ત્યારબાદ સ્વામીએ રામચરિતમાનસની શૈલીમાં 'ઉપદેશ ચિંતામણિ' નામના બે અધ્યાય પણ લખ્યા. સ્વામીશ્રીએ કેટલાક કીર્તનો પણ રચ્યા છે, તેમાંનું એક કીર્તન-

**'શ્રી સહજાનંદ સુખકારી, જાઉં મૂર્તિ પર બલિહારી'**

સ્વામીશ્રીની ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિનું દ્યોતક છે.

સ્વામી મહાપુરુષદાસજી સં. ૧૯૫૦ના ભાદરવા વદ પાંચમને દિવસે મધ્યાહ્ન સમયે ભૌતિક દેહનો ત્યાગ કરીને અક્ષરધામમાં પધાર્યા.

**કાવ્યકૃતિ :**

**શ્રી સહજાનંદ સુખકારી, જાઉં મૂર્તિ પર બહિલારી. ટેક.**
**શ્રી અનિર્દેશથી આવ્યા, સાથે મુક્ત અનેકને લાવ્યા;**
**છો હરિજનના હિતકારી, શ્રી સહજાનંદ. ૧**
**વળી રીત અલૌકિક ભાળી, તમે કામને નાખ્યો બાળી;**
**જગજીવન જય જયકારી. શ્રી સહજાનંદ. ૨**
**તમે અગણિત જીવને ઉધ્ધાર્યા, ભવસાગરમાંથી તાર્યા;**
**છો અવતારના અવતારી. શ્રી સહજાનંદ. ૩**
**કરી જગન વિપ્ર જમાડ્યા, બહુ અદ્‌ભુત પરચા દેખાડ્યા;**

**દિવ્ય ક્રિયા છે સઘળી તમારી. શ્રી સહજાનંદ. ૪**
**હતા તમારા વેરી અનેક, તેની તમે તોડાવી ટેક;**
**કરી લીલા સુ કામણગારી, શ્રી સહજાનંદ. ૫**
**મહાપુરુષદાસના પ્યારા, તમે શોભો છો ઘણા સારા;**
**ધન્ય લલાટ તિલકધારી, શ્રી સહજાનંદ. ૬**

**આસ્વાદ :**

જૂનાગઢના જોગી સ્વામી મહાપુરુષદાસજીએ આ પદમાં શ્રીજીમહારાજનો અપરંપાર મહિમા ગાયો છે.

કવિ ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપ ઉપર વારી જાય છે. કારણ કે એ સ્વરૂપ આનંદનુ ધામ છે, સાચા સુખનું પ્રદાતા છે. કવિએ અક્ષરધામ માટે અહીં ‘અનિર્દેશ’ શબ્દનો પ્રયોગ કર્યો છે. જેનું પરિમાણ છે તે નિર્દેશ કહેવાય, જેમ કે પૃથ્વીનો પટ પચાસ કરોડ જોજન છે તેથી તે નિર્દેશ કહેવાય, પરંતુ જળ અનિર્દેશ કહેવાય. જળ કરતાં તેજ વધુ વ્યાપક હોવાથી જળ નિર્દેશ છે અને તેજ અનિર્દેશ છે. તેજથી વાયુ, વાયુથી આકાશ, મહતત્ત્વ, પ્રધાન પુરુષ, પ્રકૃતિ પુરુષ આ બધા એકબીજાથી મોટા છે અને તેથી અનિર્દેશ પણ છે. પ્રકૃતિ પુરુષથી પર શ્રીજીમહારાજનું અક્ષરધામ છે તે અધોઊર્ધ્વ અને પ્રમાણે રહિત છે તેથી તેને અનિર્દેશ કહેવામાં આવે છે.

શ્રીજીમહારાજ અક્ષરધામમાંથી જ સીધા આ લોકમાં એમના અનેક મુક્તોની સાથે પધાર્યા હતા. શ્રીહરિ હંમેશાં પોતાના ભક્તોનું હિત સાધે છે. શિક્ષાપત્રીરૂપી સુદર્શન ચક્રથી સમસ્ત સત્સંગને સુરક્ષિત કરીને મહારાજે અનોખી પ્રણાલિ દ્વારા સર્વે હરિભક્તોની કામ, ક્રોધ ઈત્યાદિ

અંતઃશત્રુઓથી રક્ષા કરી છે. તેથી કવિ એમનો જયજયકાર કરે છે.

ભગવાન સ્વામિનારાયણે આ લોકમાં પ્રગટ થઈને અગણિત જીવોને ભવસાગરમાંથી તારી તેમનો મોક્ષ કર્યો હતો. કવિ માને છે કે આ કોઈ અવતાર નહીં, પરંતુ સર્વે અવતારોના પ્રેરક અવતારી પૂર્ણ પુરુષોત્તમનારાયણ છે.

શ્રીજીમહારાજે અમદાવાદ, જેતલપુર, ડભાણ વગેરે અનેક સ્થળોએ મોટા મોટા જગન કરી અસંખ્ય બ્રાહ્મણોને જમાડી બહુ અદ્‌ભુત પરચાઓ આપ્યા હતા. કવિને શ્રીહરિની સઘળી ક્રિયાઓ દિવ્ય ભાસે છે.

સ્વામી મહાપુરુષદાસજી પ્રભુને કહે છે : 'હે મહારાજ, અનેક અજ્ઞાની ને પાપી પાખંડીઓ આપના વેરી હતા, આપના દ્રોહી હતા. એ સર્વેની ટેક તમે તોડાવીને એમને તમારા શરણમાં લીધા છે. આપની લીલાઓ ખરેખર કામણગારી છે.'

કવિ શ્રીહરિની શોભા પર, એમની રૂપમાધુરી પર કુરબાન છે.

કાવ્ય સુગેય અને પ્રાસાદિક છે.

# ૧૮

# કવિશ્વર દલપતરામ

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં કવિશ્વર દલપતરામનું નામ સુવર્ણ અક્ષરે લખાયેલું છે.

દલપતરામનો જન્મ સં. ૧૮૭૬માં વઢવાણમાં શ્રીમાળી બ્રાહ્મણ કુળમાં થયો હતો. તેમના પિતા ડાહ્યાભાઈ ત્રવાડી વેદપાઠી બ્રાહ્મણ હતા. માતા અમૃતબા પરમ ભગવદીય હતા. દલપતરામ આઠ વરસના હતા ત્યારે તેમના મામા સાથે ગઢપુર આવ્યા હતા.

ગામોગામથી આવેલા સેંકડો હરિભક્તોની ભીડમાં નાનકડો દલપત પણ શ્રીહરિના દર્શન માટે રાહ જોતો ઊભો હતો. ત્યાં તો શ્રીજીમહારાજ માણકી ઘોડી ઉપર બેસીને બહારગામથી આવી પહોંચ્યા. ઘોડી ઉપરથી હેઠે ઉતરીને મહારાજ એટલું બોલ્યા : 'ભગુજી, ઘોડીને પાવરો ચડાવજો.' બાળ દલપતના અંતરપટ પર મહારાજના ક્ષણભરના દર્શન અને આ બે ચાર શબ્દો ચિરકાલિન છાપ છોડી ગયા.

મહાકવિ ન્હાનાલાલે પિતાની જીવનકથામાં નોંધ્યું છેઃ 'શ્રીજીના એટલા શબ્દો પણ કવિશ્વર એ વાતને સીત્તેર વર્ષ થઈ ગયાં તો ય ભૂલ્યા નહોતા...'

સં. ૧૮૯૦માં મૂળીમાં વસંતપંચમીનો સમૈયો યોજાયો

હતો. દલપતરામ પોતાના પ્રેમાનંદ મામા સાથે મૂળી જવા માટે તૈયાર થઈ ગયા. ડાહ્યાભાઈ સ્વામિનારાયણ સંપ્રદાયના સખત વિરોધી હતા. તેમણે દલપતરામને મૂળી જતા ઘણાં વાર્યા, પરંતુ દલપતરામ ન માન્યા. મૂળી જઈ સોળ વરસના સુકુમાર દલપતે સત્સંગ સભામાં ભજન કીર્તન સાંભળ્યા, સંતોના વૃંદ નિહાળ્યા, સંપ્રદાયના ધર્મસિદ્ધાંતો સમજ્યા. પરંતુ એકી સાથે આ બધું જોઈને આ બ્રહ્મકુમારનું મન સાશંક બન્યું. અનેક સવાલોએ એના અંતરને ઘેરી લીધુંઃ ઈશ્વરને અવતાર શા માટે લેવો પડે છે? શું અવતાર ધારણ કર્યા વિના તે પોતાનું કાર્ય પાર પાડી ન શકે? કળિયુગમાં શું અવતાર શક્ય ખરો? શું આગળનાં ધર્મશાસ્ત્રો ખોટાં છે?

કિશોર દલપત મૂળી મંદિરમાં સંતોના આસને જઈ પોતાના પ્રશ્નો રજૂ કરતો. પરંતુ તેને સંતોષકારક જવાબો જડતા નહોતા. એવામાં તેને ભૂમાનંદ સ્વામી ભેટી ગયા. એમના આસને દલપતને **'સર્વે સખી જીવન જોવાને ચાલો રે...'** જેવા રસિક કીર્તનો સાંભળવા મળ્યા. સ્વામીની કથા કરવાની શૈલી યુવાન દલપતના દિલને સ્પર્શી ગઈ. ભૂમાનંદ સ્વામીએ દલપતના મનની બધી જ શંકાઓનું નિવારણ કર્યું.

સ્વામી ભૂમાનંદના ઉપદેશે દલપતરામને ધર્મબાણ વાગ્યાં. દલપતરામના શબ્દોમાં જ આ હકીકત જાણીએઃ 'ઉપદેશ જેમ બાણ વાગે તેમ છાતીમાં ઉતરી ગયો. અંતઃકરણ પીગળી ગયું, નેત્રમાં આંસુ આવી ગયા.' દલપતરામે ભૂમાનંદ સ્વામી પાસે પંચ વર્તમાનની સ્વામિનારાયણીય

ધર્મદીક્ષા લીધી.

દલપતરામના પિતા ડાહ્યાભાઈ વેદિયાને પુત્રના આ ધર્માન્તરથી સજ્જડ આઘાત લાગ્યો. તેમણે આવેશમાં આવીને પોતાની યજ્ઞશાળાનો યજ્ઞકુંડ ખોદી નાંખ્યો અને થોડા સમય પછી એ સંસાર ત્યાગીને (પરોક્ષ સંપ્રદાયમાં) સાધુ માધવાનંદ થઈ ગયા.

દલપતરામ જન્મજાત કવિપ્રકૃતિના હતા. કિશોરવયમાં જ તેમણે ગુજરાતી સાહિત્યની ઉપાસના આરંભી દીધી હતી. સોનામાં સુગંધ ભળે તેમ સ્વામિનારાયણ સંપ્રદાયના જ્ઞાને દલપતજીવનમાં નીતિ અને સદાચારનો દૃઢ પાયો રોપ્યો. એમના જીવન વિકાસમાં આ ધર્મદીક્ષાએ મહત્ત્વનો ફાળો આપ્યો. એ ધર્મદીક્ષા એમને કાવ્યદીક્ષા તરફ વાળવામાં પણ નિમિત્ત બની.

બે વરસ પછી દલપતરામ ફરીવાર મૂળી ગયા. એ વખતે મૂળી મંદિરના મહંત દેવાનંદ સ્વામીના ગાઢ પરિચયમાં તેઓ આવ્યા. દેવાનંદ સ્વામી પાસે તેમણે પિંગળ ભણવા માંડ્યું. એ સમયે પિંગળ અલંકારના ગ્રંથો વ્રજભાષામાં જ પ્રાપ્ય હતાં. દલપતરામના યુવાન હૈયામાં વ્રજભાષાના સંસ્કાર રોપાઈને દૃઢ થવા લાગ્યા. સ્વામિનારાયણ મંદિર એ દલપતરામની કાવ્યરચના માટેની પ્રયોગશાળા બની ગયું.

એકવાર મૂળી મંદિરમાં જન્માષ્ટમીના સમૈયા પ્રસંગે અમદાવાદથી આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ પધાર્યા હતા. તેઓ દલપતરામની કાવ્યકલાથી અત્યંત પ્રસન્ન થયા. દલપતરામની શીઘ્ર કાવ્ય રચવાની અદ્‌ભુત શક્તિ, બેનમૂન

કલ્પના ચાતુરી અને સમ્યક્ સ્મરણ શક્તિ જોઈને આચાર્યશ્રીએ તેમને અમદાવાદ બોલાવી સંસ્કૃત વાઙ્મયના વિશેષ અભ્યાસ માટેની વ્યવસ્થા કરી દીધી. અમદાવાદમાં તેમને અનેક સજ્જનોનો સહવાસ સાંપડ્યો. તેમની કવિત્ત્વશક્તિ હવે સોળેકળાએ ખીલી ઊઠી. વિશેષમાં અમદાવાદના એક અગ્રગણ્ય સાહિત્યરસિક સારાભાઈએ પોતાના પુત્ર ભોળાનાથને પિંગળ શીખવવા માટે દલપતરામને વિનંતી કરી. જ્યારે અમદાવાદમાં અંગ્રેજ અધિકારી ફાર્બસને ગુજરાતી શીખવાની જરૂર પડી, ત્યારે ભોળાનાથે તે કામ માટે પોતાના ગુરુ દલપતરામનું નામ સૂચવ્યું. દલપતરામ અને ફાર્બસ મળ્યા અને સમગ્ર ગુજરાતના સાંસ્કૃતિક ઘડતરમાં આ બંનેની મૈત્રી તથા તેમની સહિયારી સાહિત્યિક તેમ જ શૈક્ષણિક પ્રવૃત્તિએ મહત્ત્વનો ફાળો આપ્યો.

સં. ૧૯૦૪માં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની સ્થાપના થઈ. ૧૯૧૧માં દલપતરામ એ સોસાયટીના આસિસ્ટન્ટ સેક્રેટરી નિમાયા. સં. ૧૯૧૮માં વાચનમાળા કમિટીમાં તેઓ સભ્ય નિમાયા અને પછી તેમની મદદની કદરરૂપે સી.આઈ.ઈ. થયા. આમ સ્વામિનારાયણ ધર્મ દલપતરામના અને તેમના વિકાસ દ્વારા સમગ્ર ગુજરાતના ઘડતરમાં નિમિત્ત બન્યો.

ન્હાનાલાલે યોગ્ય જ લખ્યું છે : ‘દલપતજીવનનો લાક્ષણિક વિશેષ રંગ સદ્ધર્મશીલતા હતો અને તે પાકો રંગ હતો. સ્વામિનારાયણ સંપ્રદાયે દલપતઆયુષ્યને ધર્મના એ પાકા રંગે રંગેલું હતું. કવિ એ સંપ્રદાયનું ઋણ ક્યારેય

વીસર્યા નહિ.'

દલપતરામની ઉત્તરાવસ્થામાં લોધિકાના દરબાર અભયસિંહજીએ તેમની પાસે રામચરિતમાનસની શૈલીમાં શ્રીજીમહારાજના ચરિત્ર વ્રજભાષામાં 'પુરુષોત્તમ ચરિત્ર' નામના ગ્રંથરૂપે રચાવ્યો. પાછળની અવસ્થામાં દલપતરામની આંખોનું તેજ હણાઈ ગયું હતું. છતાં પણ સં. ૧૯૪૦માં વડતાલના આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજની ઈચ્છાને માન આપીને તેમણે શ્રીજીમહારાજના લીલાચરિત્રોનો ગુજરાતી પદ્યમાં ખૂબ જ રસિક ગ્રંથ 'શ્રીહરિલીલામૃત'નું સર્જન કર્યું. ન્હાનાલાલે આ ગ્રંથ વિષે નોંધતા લખ્યું છે : 'કળિયુગમાં અધર્મ ધોઈ સદ્ધર્મસંસ્થાપનનો, એ અર્ધી સદીની વિજયવાર્તાનો, સરયૂના પાપપાવનાં પાણીથી ગુજરાતનાં મેલધોવાણના શ્રીજીચરિત્રની દિગ્વિજય વાર્તાનો શ્રીહરિલીલામૃત મહાગ્રંથ છે.' દલપતરામની આ કૃતિને સાહિત્યકૃતિ તરીકે મૂલવવા કરતાં એ કૃતિ પાછળનું પ્રયોજન લક્ષમાં લઈને સંપ્રદાયની એક ધર્મકૃતિ તરીકે મૂલવીએ તો તે વધુ યોગ્ય ગણાશે. શ્રીજીમહારાજનું ચુંબકીય વ્યક્તિત્વ (Magnetic Personality) આ ગ્રંથમાં સુચારુરૂપે ઉપસી આવે છે.

દલપતરામ હૃદયથી એક કવિ હતા અને તેમણે કાવ્યના અનેક પ્રકારો પર પોતાનો હાથ અજમાવ્યો છે. પરંતુ તેમના રચેલા ગઢપુર મહિમાનાં પદોમાં તેમનું ભક્તહૃદય અત્યંત પ્રગલ્ભપણે મુખરિત થાય છે. તેથી જ મહાકવિ ન્હાનાલાલ પોતાના પિતાશ્રી કવિશ્વર દલપતરામને અંજલિ અર્પતા અંતે કહે છે : 'કવિશ્વરને શ્રીહરિએ કાવ્યનિપુણ

કીધા, ભૂમાનંદ સ્વામીએ ધર્મનિપુણ કીધા, દેવાનંદ સ્વામીએ કલાનિપુણ કીધા, ધર્મધુરંધર અયોધ્યાપ્રસાદજીએ સંસ્કૃતનિપુણ કીધા અને સકળ દલપત આત્મલક્ષ્મીનો સદુપયોગ કીધો આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજે. દલપતરામને સંપ્રદાયે સરજ્યા હતા, દલપતરામે સંપ્રદાયને શોભાવ્યો.'

**કાવ્યકૃતિ :**

**ધન્ય ધન્ય ધન્ય ગઢપુર ધામને જો,**
**ઘણું વ્હાલું છે શ્રી ઘનશ્યામને જો. ધન્ય.**
**જેનો મહિમા અક્ષરધામ જેટલો જો,**
**અવિનાશીએ ઉચાર્યો મુખ એટલો જો. ધન્ય.**
**દાદાખાચરના ધન્ય દરબારને જો,**
**જેણે રાખ્યા જગદ્ આધારને જો. ધન્ય.**
**દીનબંધુ દયાસિંધુએ દયા કરી જો,**
**મુનિનાથ ગોપીનાથ રૂપે રહ્યા જો. ધન્ય.**
**ઉન્મત્ત સરિતા વહે છે સમીપમાં જો,**
**એવું શ્રેષ્ઠ તીર્થ નથી જંબુદ્વિપમાં જો. ધન્ય.**
**ઘણીવાર મહારાજે મંજન કર્યું જો,**
**તેથી તેનું માહાત્મ્ય મોટું ઠર્યું જો. ધન્ય.**
**ગંગા ગોમતી કાલિંદી ગોદાવરી જો,**
**ઉન્મત્ત ગંગા એથી અદકી ઠરી જો. ધન્ય.**
**પાપી પ્રાણીઓના પ્રૌઢ પાપ નાશની જો,**
**પરિપૂરણ પુણ્યપાવની પ્રકાશની જો. ધન્ય.**
**કરે વ્રત તપ જપ જે અહીં રહી જો,**
**ફળ કોટિ સંખ્યા ઘણું પામે સહી જો. ધન્ય.**

**પાવન પરમ ચોક શેરીયું બજાર છે જો,**
**હરિના ચરણની ઠારોઠાર છે જો. ધન્ય.**
**શિવ બ્રહ્મા ઈંદ્રાદિક ઘણા સ્નેહથી જો,**
**યાત્રા કરવા આવે છે દિવ્ય દેહથી જો. ધન્ય.**
**ધરી જન્મ અહીં યાત્રાએ ન આવિયો જો,**
**અવતાર એણે વૃથા ગુમાવીઓ જો. ધન્ય.**
**શીખે સાંભળે જે મહિમા એ ધામનો જો,**
**તે પર રીઝે દેવ દલપતરામનો જો. ધન્ય.**

**આસ્વાદ :**

કવિશ્વર દલપતરામે પ્રસ્તુત ગરબીમાં ગઢપુર ધામનો મહિમા મન મૂકીને ગાયો છે.

અનંત કોટિ બ્રહ્માંડોના અધિપતિ પૂર્ણ પુરુષોત્તમનારાયણ આ બ્રહ્માંડમાં પ્રગટ થયા, કિશોરાવસ્થામાં સમગ્ર ભારતમાં નેપાળથી કન્યાકુમારી અને જગન્નાથપુરીથી જૂનાગઢ સુધી પગપાળા વનવિચરણ કર્યું અને ત્યારબાદ રામાનંદ સ્વામી પાસે સાધુની દીક્ષા લઈ કચ્છ, ગુજરાત અને સૌરાષ્ટ્રના ગામડે ગામડે ફર્યા, પરંતુ પોતાનું ઘર માનીને જો ઠરીને ઠામ થયાં હોય તો તે માત્ર ગઢપુરમાં જ ! શ્રીજીમહારાજે દાદાખાચર તથા લાડુબા-જીવુબાના અનન્ય પ્રેમને વશ થઈને ગઢપુરમાં પોતાનું કાયમી નિવાસસ્થાન રાખી ગઢપુરને ધન્ય કરી નાંખ્યું. તેથી જ દલપતરામ કહે છે -

**ધન્ય ધન્ય ધન્ય ગઢપુર ધામને જો...**

શ્રીજીમહારાજે (ગ.મ.૪૨મા) વચનામૃતમાં સ્પષ્ટ કહ્યું છે કે, જ્યાં આ પુરુષોત્તમની મૂર્તિ છે ત્યાં જ અક્ષરધામનું મધ્ય છે. તેથી જ ગઢપુરનો મહિમા કવિ અક્ષરધામ

તુલ્ય ગણે છે.

દાદાખાચરને પણ કવિ ધન્ય કહે છે કે જેમણે કેટકેટલી કસોટીમાં સોળવલા સોનાની જેમ પાર ઉતરી શ્રીજીમહારાજને ગઢપુરમાં રોકી રાખ્યા. ભગવાન તો અત્યંત કરૂણાનિધાન છે, પરંતુ એની કરૂણાના, એની કૃપાના ભાજન બનવા માટે કેટલા નરબંકાઓ પાત્રતાની કસોટીએ ખરા ઉતરે છે ? હકીકતમાં જે પાત્ર છે એના ઉપર પરમાત્માની કૃપાવર્ષા સતત થયાં કરે છે.

શ્રીજીમહારાજની સમસ્ત સત્સંગ ઉપર મહામોટી દયા તો એ છે કે પ્રભુ ગઢપુરમાં ગોપીનાથજી સ્વરૂપે સદાકાળ દર્શન આપે છે. ગઢપુરમાં વહેતી ઉન્મત્તગંગા યા ને ઘેલા નદીનો મહિમા અપરંપાર છે. ભારતભરની સર્વ પવિત્ર નદીઓમાં ઉન્મત્તગંગા શ્રેષ્ઠ છે. કારણ કે પૂર્ણ પુરુષોત્તમનારાયણ સ્વયં એમાં અસંખ્ય વાર સ્નાન કરી સંતો સાથે ખૂબ જળક્રીડા કરી હતી. એમાં સ્નાન કરવાથી ગમે તેવો પાપી હોય તે પણ પુણ્યશાળી બને છે !

ગઢપુરમાં રહીને જે મુમુક્ષુ જે કાંઈ વ્રત, તપ, જપ ઈત્યાદિ સાધન કરે છે તેનું કોટિ ઘણું ફળ તેને તત્કાળ પ્રાપ્ત થાય છે. અહીંના બજાર અને શેરીની ધૂળમાં શ્રીજીમહારાજની ચરણરજ ભળેલી હોવાથી શિવ બ્રહ્માદિ દેવો પણ અત્યંત મહિમાથી ભાવપૂર્વક આ ધામની યાત્રાએ દિવ્ય દેહે આવે છે.

કવિ કહે છે કે જે જીવે મનુષ્ય દેહ ધારણ કરીને જો ગઢપુરની યાત્રા ન કરી તેનો જન્મ નિરર્થક છે. અંતે દલપતરામ ખાત્રી આપે છે કે જે ભક્તો ગઢપુર ધામનો

મહિમા ગાશે તેમના ઉપર ભગવાન શ્રી સ્વામિનારાયણની અપરંપાર કૃપા થશે.

કવિ દલપતરામની આ ગરબી સત્સંગમાં સુપ્રસિદ્ધ છે.

## ૧૯

## સદ્‌ગુરુ શ્રી ગોપાળદાસજી (દાસ ગોપાળ)

એકવાર શ્રીજીમહારાજ અમદાવાદમાં સભા ભરીને બેઠા હતા. એ સમય દરમ્યાન સત્સંગમાં સમાધિ પ્રકરણ ચાલી રહ્યું હતું. મહારાજની સામે જોનારને સહજમાં સમાધિ લાગી જતી. એટલું જ નહીં, મહારાજની ચાખડીનો ચટ ચટ અવાજ સાંભળનારને પણ સમાધિ થતી. કુસંગીઓને આ બધું કૌતુક લાગતું. જગતમાં વાતો થતી : સ્વામિનારાયણ તો જાદુગરા છે. નહીં તો આવા હડહડતા કળિયુગમાં સમાધિ થતી હશે?

અમદાવાદના કેટલાક વિદ્વાન પંડિતો શ્રીજીમહારાજની એ સભામાં આવ્યા. તેમાં કેશવરામ શાસ્ત્રી મુખ્ય હતા. તેમણે મહારાજને ખુલ્લો પડકાર ફેંકતા કહ્યું : 'સહજાનંદ સ્વામી ! તમારા આ બધા તૂત અમારી પાસે નહીં ચાલે. તમારા કોઈ સાધુને સમાધિ કરાવો એટલે અમે બધા જોઈએ કે આની પાછળ તમારી કઈ કરામત કામ કરે છે?'

ત્યારે સભામાં આગળની હરોળમાં સાધુ ગોપાળદાસજી બેઠા હતા. મહારાજે તેમની સામે જોયું ત્યાં તો ગોપાળદાસજી સમાધિમાં ઊંડા ગરકી ગયા. શ્રીહરિએ પંડિતોને એ સાધુની સમાધિની યર્થાથતા તપાસવા કહ્યું. કેશવરામે ગોપાળદાસની નાડી જોઈ, પરંતુ તેમના શરીરમાં

તો પ્રાણનો સંચાર ક્યાંય વર્તાતો નહોતો. એમનું શરીર તો જાણે પથ્થર જેવું શબવત્ થઈ ગયું હતું. શાસ્ત્રીએ સાધુના હાથ પર ચપ્પુથી છેદ કર્યો, અંગારાનો ડામ દીધો અને થાય એટલા વાના કર્યા તો પણ ગોપાળદાસ જાગ્યા નહીં. છેવટે પંડિતો થાક્યા. એમણે મહારાજને વિનંતી કરી : 'સ્વામીજી, તમે જ આ સાધુને સમાધિમાંથી જાગૃત કરો.' આ સાંભળીને મહારાજ મર્મમાં હસ્યા. તેમણે ચપટી વગાડી ત્યાં તો ગોપાળદાસ આળસ મરડીને બેઠા થયા. તેમણે ભરી સભામાં પોતાના સમાધિના અનુભવો કહેવા માંડ્યા. શાસ્ત્રી કેશવરામ અને અન્ય પંડિતો તો સાવ અવાચક બની ગયા. છતાં પણ હજી એમના દિલમાં દીવો થયો નહોતો. અનેક પ્રશ્નો એમના મનને મૂંઝવી રહ્યા હતા.

સભામાં શાસ્ત્રી કેશવરામે શ્રીજીમહારાજને પ્રશ્નો પૂછી એમની પરીક્ષા લેવા માંડી.

'શું તમે ભગવાન છો?'

જવાબમાં મહારાજે ના પાડી.

'તો ભગવાન બની કેમ ફરો છો?'

'લોકો મને ભગવાન કહે તેમાં હું શું કરું?' મહારાજે વ્યંગમાં હસીને કહ્યું.

કેશવરામ કહે, 'તમે ભગવાન થઈને ફરો છો તો વેદમાંથી હું પ્રશ્નો પૂછું તેના જવાબ આપો.'

મહારાજે મર્મમાં કહ્યું : 'હું વેદ ભણ્યો નથી, તેથી મને વેદ આવડતા નથી. પણ અહીં સભામાં આગળ આ નાનો છોકરો બેઠો છે તે વેદ ભણેલો છે તેને પૂછો. તે તમારા સર્વે પ્રશ્નોના જવાબ આપશે.'

શાસ્ત્રી આ સાંભળીને ખંધુ હસીને બોલ્યો : 'આ ગમાર જેવો છોકરો શું જવાબ આપશે? તેના માટે તો કાળો અક્ષર ભેંશ બરાબર લાગે છે.'

એ સાંભળી છોકરો બોલ્યો : 'શાસ્ત્રી મહારાજ, જે પૂછવું હોય તે જલદી પૂછો.'

પછી તો એ અબૂધ બાળક શાસ્ત્રીના મનના સંકલ્પો ફટાફટ કહેવા લાગ્યો. શાસ્ત્રીએ વેદ વિષે જે કાંઈ પૂછ્યું તેના એ કિશોરે અત્યંત વિગતવાર જવાબો આપ્યા. કેશવરામ આ સાંભળીને દિગ્મૂઢ થઈ ગયો. શ્રીહરિને ચરણવંદના કરીને એ બોલ્યો : 'મહારાજ, હું જાણું છું કે આ છોકરો તો મૂઢ, ગમાર અને નિરક્ષર છે. એમાં રહીને આપે જ સઘળા જવાબો આપ્યા છે. હવે મને જરાય સંશય નથી કે આપ સ્વયં પરાત્પર પરબ્રહ્મ પરમાત્મા જ છો. પરંતુ...' આટલું કહીને એ અટકી ગયો. 'પરંતુ શું શાસ્ત્રીબાવા... જે પૂછવું હોય તે નિઃસંકોચ પૂછો.' મહારાજે હૈયાધારણ આપતા કહ્યું. 'પ્રભુ, શરૂઆતમાં મેં આપને પૂછેલું કે આપ ભગવાન છો ત્યારે આપે ના કેમ પાડી હતી?'

મહારાજે હસીને કહ્યું : 'હું મારે મોંઢે કેવી રીતે કહું કે હું ભગવાન છું. એ તો આત્મશ્લાઘા કહેવાય અને ત્યારે કદાચ મેં હા પાડી હોત તો શું તમે મારી વાત માની લેત?'

શ્રીજીમહારાજનો આવો પ્રગલ્ભ પ્રતાપ જોઈને સભામાં હાજર રહેલા સઘળા પંડિતો વર્તમાન ધરાવીને શ્રીહરિના આશ્રિત થયા.

આ સભામાં જે સાધુ ગોપાળદાસને સમાધિ થઈ હતી તે ગોપાળદાસ સ્વામી વિદ્વાન અને કવિ હતા. તેમણે 'દાસ

ગોપાળ'ના નામે સેંકડો કીર્તનો રચ્યાં છે જે સત્સંગમાં સુપ્રસિદ્ધ છે.

સ્વામી ગોપાળદાસે 'સૃષ્ટિ વર્ણન' શિર્ષક હેઠળ પંદર પદમાં અક્ષરધામથી માંડીને જંબુદ્વીપ સુધીની અલગ અલગ આધ્યાત્મિક ભૂમિકાઓનું ખૂબ જ રસપ્રદ વર્ણન કર્યું છે. તે સિવાય તેમણે લગ્નના ધોળ રાગની શૈલીમાં લક્ષ્મીવિવાહના અઢાર પદો પણ રચ્યાં છે.

**કાવ્યકૃતિ :**

**મને તમારો નેડો લાગ્યો, સ્વામી સહજાનંદ રે;**
**સ્વામી સહજાનંદ રે, છોગાળા ઘનશ્યામ રે. મને. ૧**
**અધમ ઉધ્ધારણ નામ તમારું, માહાત્મ્ય સૌથી મોટું રે;**
**હરતાં ફરતાં તમને સમરૂં, બીજું સર્વે ખોટું રે. મને. ૨**
**કાશી જોયું દ્વારકા જોયું, જોયાં તીરથ ઝાઝાં રે;**
**એમ કરતાં સત્સંગમાં આવ્યો, મનડે મેલી માયા રે. મને. ૩**
**શરણાગતને શરણે લેજો, બિરદ તમારું પાળી રે;**
**વિપદ વખતે વહેલા આવો, શ્રીજી લ્યો સંભાળી રે. મને. ૪**
**ગઢપુર ગામની કુંજગલીમાં, નિત નિત દર્શન આપે રે;**
**મોર મુકુટ ને કાને કુંડળ, મોરલી લીધી હાથે રે. મને. ૫**
**ભવસાગરમાં ભુલો પડ્યો, ત્યારે સગાં સંબંધી લૂંટે રે;**
**દાસ ગોપાળ કહે દયા કરો તો, ભવનાં બંધન છુટે રે. મને. ૬**

**આસ્વાદ :**

દાસ ગોપાળના ઉપનામે કાવ્ય રચતા કવિ ગોપાળદાસજીના પ્રસ્તુત પદમાં પ્રિયતમ પરમાત્મા પ્રત્યેનો પ્રેમ અને મહિમા પ્રબોધક રીતે પ્રગટ થયા છે.

પોતાના પ્રેમનો નિખાલસ એકરાર કરતા કવિ પોતાના

ઈષ્ટદેવ સહજાનંદ સ્વામીને કહે છે : મને તમારી સાથે પ્રેમ થઈ ગયો છે, હે સહજાનંદ સ્વામી, હે ઘનશ્યામ! તમે પતિતપાવન છો, તમારો મહિમા અપરંપાર છે.

કવિએ શ્રીહરિનો મહિમા સાચા હૃદયથી આત્મસાત કર્યો છે તેથી જ તેમને અખંડ પ્રભુનું અનુસંધાન રહે છે, અને આ સઘળો સંસાર તુચ્છ, નાશવંત અને ખોટો જણાય છે.

પોતાના પૂર્વાશ્રમનું સ્મરણ થતાં કવિ કહે છે કે સત્સંગમાં આવ્યા પહેલાં હું પરમાત્માની શોધમાં કાશી, દ્વારકા ઈત્યાદિ તીર્થોમાં ખૂબ ભટક્યો હતો, પરંતુ જ્યારે ભગવાન સ્વામિનારાયણનો ભેટો થયો ત્યારે જ મારા મને સર્વે માયાનો ત્યાગ કરી શ્રીહરિના ચરણોનો દૃઢ આશ્રય કર્યો છે.

હવે દાસ ગોપાળ શ્રીજીમહારાજને આર્તસ્વરે પ્રાર્થતા કહે છે -

**શરણાગતને શરણે લેજો, બિરદ તમારું પાળી રે;**
**વિપદ વખતે વહેલા આવો, શ્રીજી લ્યો સંભાળી રે.**

હે નાથ! આપ તો અનંત કોટિ બ્રહ્માંડનાયક છો, રાજાધિરાજ છો! આપનું આવું બિરદ સંભાળીને અમ જેવા શરણાગતના ગુણદોષ જોયા વિના એને તમારા ચરણોમાં આશ્રય આપજો. આધિ, વ્યાધિ અને ઉપાધિ વેળા પ્રભુ! સમયસર આવીને અમારી રક્ષા કરજો.

શ્રીહરિએ ગઢપુરને પોતાનું ઘર માનીને ત્યાં ઘણી લીલાઓ કરી છે. સવાર સાંજ મહારાજ ઘેલા નદીમાં સ્નાન કરવા જવા માટે ગઢપુરની કુંજગલીઓમાંથી પસાર થતા ત્યારે આવતા જતા મુમુક્ષુઓને મહારાજના દુર્લભ દર્શનનો

અનાયાસે લાભ મળતો. શ્રીજીમહારાજ સ્વભક્તોના સર્વ મનોરથો પૂર્ણ કરવા માટે ભાવપૂર્વક ભક્તો જે જે વસ્ત્ર આભૂષણો અર્પણ કરતાં તે સ્વીકારી, તે તત્કાળ ધારણ કરી, સર્વેને દર્શન દેતા. શ્રીહરિની આ પ્રકારની જે તે લીલાઓ પોતાના ભક્તોને લાડ લડાવવા અર્થે જ થતી હતી.

કવિ અંતમાં એટલી જ અરજ કરે છે કે હે મહારાજ! જ્યારે જ્યારે પણ હું આ ભવસાગરમાં ભુલો પડ્યો, ત્યારે ત્યારે મારી સાંસારિક વાસનાએ જ મારા કલ્યાણમાં વિઘ્ન ઊભા કર્યા છે. માટે હવે પ્રભુ! આ જન્મે આપ કૃપા કરીને મારું આત્યંતિક કલ્યાણ કરી મારા ભવબંધન સદાય માટે કાપી નાંખશો.

ધોળ રાગમાં દાસ ગોપાળની આ રચના પ્રાસાદિક અને સુગેય છે.

# ૨૦

# ભક્તવર્ય કવિ નારાયણદાસ

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની તવારીખનું એક ઉજ્જવલ પાનું, અસ્પૃશ્ય ગણાતી વણકર જ્ઞાતિમાં જન્મેલા ભક્તવર્ય શ્રી તેજાભગત અને તેમના અગ્રગણ્ય શિષ્ય ભક્તકવિ નારાયણદાસને બેશક ગણી શકાય.

ભગવાન શ્રી સ્વામિનારાયણ અનંત જીવોનું કલ્યાણ કરવા માટે જ્યારે આ લોકમાં પ્રગટ થયા ત્યારે તેમણે સ્ત્રી-પુરુષ, ઉંચનીચ કે ગરીબ-તવંગર એવા કોઈ ભેદભાવ ભાળ્યા વિના આત્યંતિક કલ્યાણનું સદાવ્રત ખોલી સર્વે જીવોને સુખિયા કર્યા હતા.

વડોદરા શહેરની ઉત્તર પાદરે આવેલું છાણી ગામ આમ તો બહુધા બ્રાહ્મણો અને પટેલોની વસ્તી માટે જાણીતું છે. પરંતુ ગામની બહાર આવેલા વણકર વાસમાં આશરે સો જેટલા વણકર જાતિના હરિજનોના ઘર છે. સંવત ૧૮૨૪માં છાણીની વણકર જ્ઞાતિમાં એક મહામુક્તનો જન્મ થયો. તેમનું નામ તેજાભગત હતું. તેજાભગત જન્મસિદ્ધ મુક્ત હતા. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીના તેઓ અત્યંત કૃપાપાત્ર શિષ્ય હતા.

તેજાભગતે છાણીમાં પોતાની જ્ઞાતિના અનેક હરિજનોને સમાસ કરાવી શ્રીહરિના આશ્રિત કર્યા હતા. શ્રીજીમહારાજ

જ્યારે વડતાલમાં રહી ગોમતી ગળાવતા હતા, ત્યારે તેજાભગત અને તેમના સત્સંગ મંડળે એ કાર્યમાં પોતાનું ખૂબ જ મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. સંવત ૧૮૮૨માં મહારાજા સયાજીરાવ (બીજા)ના આગ્રહભર્યા આમંત્રણને માન આપીને શ્રીજીમહારાજ વડોદરા પધાર્યા ત્યારે તેજાભગતે પોતાના સત્સંગમંડળ સાથે શ્રીજીમહારાજનું છાણીમાં ભાવભીનું સામૈયું કરી શ્રીહરિની અપ્રતિમ પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. એ પ્રસંગે શ્રીજીમહારાજે તેજાભગતને એમની એકોતેર પેઢી સહિત એમનું આત્યંતિક કલ્યાણ કરવાનું વરદાન આપ્યું હતું.

શ્રીજીમહારાજ જ્યારે જ્યારે વડતાલ પધારતા ત્યારે તેજાભગત તેમના સત્સંગમંડળ સાથે શ્રીહરિના દર્શન - સેવા - સમાગમ માટે તત્કાળ ત્યાં પહોંચી જતા. એકવાર વડતાલમાં શ્રીજીમહારાજ રામપ્રતાપભાઈના બંગલામાં સ્નાન કરવા બિરાજ્યા હતા, ત્યારે નાળ વાટે મહારાજનું સ્નાનોદક બહાર રસ્તા ઉપર પડતું હતું. એ વખતે તેજાભગત મંદિર સામેના ઓટલા ઉપર બેઠા હતા. તેમણે બ્રહ્મચારીને પૂછ્યુંઃ ‘આ પાણી ક્યાંથી આવે છે ?’ બ્રહ્મચારીએ કહ્યુંઃ ‘એ તો શ્રીજીમહારાજ સ્નાન કરે છે તેનું પાણી પડે છે.’ આ સાંભળીને તેજાભગત બોલ્યા : ‘અરે... આ પાણી ન કહેવાય. આ તો સાક્ષાત્ ઉન્મત્ત ગંગા છે.’ એમ કહીને તેજાભગત દોડીને એ પ્રસાદીના જળમાં મહિમાસહ સ્નાન કરવા મંડ્યા. સાક્ષાત્ પુરુષોત્તમનારાયણના ચરણામૃતધારામાં સ્નાન કરવાની સાથે જ તેજાભગતને સહજ સમાધિદશા પ્રાપ્ત થઈ ગઈ. ત્યારપછી તો અવારનવાર એમને ઘણીવાર

સમાધિ થતી. એટલું જ નહીં તેઓને એ પછી નિરાવરણ દૃષ્ટિ પણ પ્રાપ્ત થઈ ગઈ.

તેજાભગતે માત્ર છાણીમાં જ નહીં, આજુબાજુના નાના નાના ગામો જેવા કે પોઈચા, સાંકરદા, પીલોલ, ભાદરવા તથા વાસણા વગેરે ગામોમાં પણ સત્સંગનો ખૂબ પ્રચાર અને પ્રસાર કર્યો. તેજાભગત ૧૦૫ વરસનું આયુષ્ય ભોગવી સં. ૧૯૨૯માં અક્ષરધામ સિધાવ્યા.

તેજાભગતને અનેક શિષ્યો હતા, તે પૈકી તેમણે ભક્તકવિ નારાયણદાસ પ્રત્યે અનન્ય અનુરાગ હોવાથી તેમને પોતાના ઉત્તરાધિકારી બનાવ્યા હતા.

નારાયણદાસનો જન્મ સં. ૧૯૦૫માં ઉત્તરસંડામાં થયો હતો. તેમના પિતાનું નામ પૂંજાજી હતું. પૂંજાજીને બે પુત્રો હતા. નારાયણદાસ અને નરસિંહદાસ. પૂંજાજી ભગવાન સ્વામિનારાયણના અનન્ય ઉપાસક હતા, તેથી નારાયણદાસને સત્સંગના સંસ્કાર બાલ્યકાળથી જ અનાયાસે સાંપડ્યા હતા.

નારાયણદાસ પૂર્વના મોટા મુક્ત હતા. તેઓ કિશોરાવસ્થાથી જ અવારનવાર એકલા વડતાલ દર્શને જતા. ત્યાં તેમને છાણીના મહામુક્ત તેજાભગતનો પરિચય થયો. તેજીને તો ટકોર જ બસ છે, એ કહેવત મુજબ નારાયણદાસ તત્કાળ તેજાભગતના મંડળમાં જોડાઈ ગયા.

નારાયણદાસને તેમની ૨૪ વરસની ઉંમર સુધી તેજાભગતનો યોગ રહ્યો. નારાયણદાસ જન્મજાત સિદ્ધહસ્ત લોકકવિ હતા. તેમની રચનાઓ સીધી અંતરના ઊંડાણમાંથી

પ્રગટતી હોવાથી સાંભળનારના હૈયામાં સોંસરી ઉતરી જતી. છતાં પણ પિંગળના વિશેષ જ્ઞાન માટે તેઓ અવારનવાર સંત કવિ જગદીશાનંદ બ્રહ્મચારી પાસે જતા. નારાયણદાસ છાણીના ભક્તોના આગ્રહને વશ થઈને સત્સંગના સમાસ અર્થે સં. ૧૯૭૬માં કાયમ માટે છાણી જઈને વસ્યા. ત્યાંના વણકર ભક્તોએ એક મકાન વેચાતું લઈ તેમને રહેવા આપ્યું હતું. તેઓ આજીવિકા અર્થે હાથવણાટનાં ધોતિયાં, ચાદર, ગજીયાં વગેરેની ફેરી કરીને વેચતા હતા.

તેજાભગતે છાણી અને એની આજુબાજુના ગામોમાં પ્રવર્તાવેલા સત્સંગને નારાયણદાસે નવપલ્લવિત કર્યો. તેઓ પ્રાતઃ કાળે બ્રાહ્મ મુહૂર્તમાં ઊઠી સ્નાન-સંધ્યા પતાવી મંદિર જઈ આરતી-ધૂન-ભજન તથા કથાવાર્તા કરતા. નારાયણદાસના ઉપદેશને તેમના યોગમાં આવેલા વણકર ભક્તોએ પોતાના જીવનમાં સાંગોપાંગ ઉતારી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યે સહિત શ્રીહરિની નિષ્કામ પ્રેમલક્ષણાં ભક્તિને આત્મસાત્ કરી હતી.

નારાયણદાસ ઉત્તરાવસ્થામાં ઘરભંગ થયા હતા. તેમને કોઈ સંતાન નહોતું. તેઓ આખો દિવસ સત્સંગની પ્રવૃત્તિમાં તથા કાવ્ય-રચના જેવી સર્જનાત્મક પ્રવૃત્તિમાં વ્યસ્ત રહેતા. પરિણામે તેજાભગતના એક વંશજ દલસુખ નામના યુવાનને તેમની અંગત સેવામાં રાખવામાં આવ્યો. દલસુખ દિલ દઈને ભક્તકવિની સેવા કરતો, તેથી નારાયણદાસના અંતરમાં પણ દલસુખ પ્રત્યે પુત્રવત્ પ્રેમ પાંગર્યો હતો.

સં. ૧૯૯૧માં નારાયણદાસે દલસુખને બોલાવીને કહ્યું: ‘૧૯૯૨ની શ્રાવણ સુદી જન્માષ્ટમીના દિવસે સાંજે પાંચ વાગે હું ધામમાં જઈશ.’ વરસ પછી એ દિવસ આવી પૂગતા નારાયણદાસ ધામમાં જવાની, તૈયારી રૂપે ધ્યાનમાં બેસી ગયા. જેમ સમય વીતવા લાગ્યો, તેમ એક પછી એક નાડી તૂટવા લાગી, શ્વાસ ચડવા લાગ્યો અને અંતિમ પળ નજીક આવી ગઈ. ત્યાં તો દલસુખને હૈયું હાથમાં ન રહ્યું. તેણે ‘દાદા... ઓ દાદા... તમે મને મૂકીને આમ ચાલ્યા ન જાઓ.’ એમ બરાડતો પોંક મૂકીને રડવા લાગ્યો. થોડીવારમાં નારાયણદાસ ફરી પાછા સચેત થયા. ભાનમાં આવી તેમણે દલસુખને કીધું : ‘દલસુખ, તેં આજે મને ધામમાં જતો અટકાવ્યો. ભરતજીને જેમ મૃગનું બચ્ચું નડ્યું તેમ આજે તું મને નડ્યો. હવે હું ૧૯૯૩માં અષાઢ સુદ ચોથના દિવસે સવારે નવ વાગે ધામમાં જઈશ.’ ઈતિહાસ સાક્ષી છે, નારાયણદાસ સં. ૧૯૯૩ના અષાઢ સુદ ચોથે સવારે નવ વાગે સ્વતંત્રપણે ધામમાં પધાર્યા.

તેમની અંતિમ યાત્રા છાણી ગામમાં નીકળી ત્યારે તેમનું શિષ્યમંડળ ઢોલક મંજિરા સાથે નારાયણદાસ રચિત ભક્તિબોધનું પદ ‘પ્રગટ પુરુષોત્તમનો મહિમા ધારો ને વિચારોજી...’ ગાતું હતું. નારાયણદાસ રચિત કીર્તનોનુ પુસ્તક ‘ભક્તિપ્રકાશ’ સં. ૧૯૯૪માં પ્રકાશિત થયું હતું.

**કાવ્યકૃતિ :**

**પ્રગટ પુરુષોત્તમનો મહિમા ધારો ને વિચારોજી;**
**અહો ધન્ય આ હરિ ભજવાનો અવસર આવ્યો સારોજી.**
**મંગળ મૂર્તિ મોહનવરની અંતરમાં ઉતારોજી;**

**જાણપણારૂપ દરવાજે રહીને કામ ક્રોધને મારોજી.**
**સમજીને સત્સંગી થઈએ, લાભ અલૌકિક લેવાજી;**
**હરિકથા ને કીર્તન કરીએ, સદાય સુખના મેવાજી.**
**તન મન અંતર સ્વચ્છ કરીને, સાચા સેવક થઈએજી;**
**દાસ નારાયણ હરિ ભજીને, હરિ સમીપે જઈએજી.**

**આસ્વાદ :**

પ્રસ્તુત બોધપ્રધાન પદમાં ભક્તકવિ નારાયણદાસ પ્રગટની ભક્તિનો મહિમા મર્મભરી વાણીમાં રજૂ કરે છે.

પદનો ઉપાડ અત્યંત આકર્ષક છે. પ્રગટ અને પ્રત્યક્ષ આ બે શબ્દોના અર્થઘટનમાં ભલભલા વિદ્વાનો પણ થાપ ખાઈ જાય છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ આ લોકમાં પ્રગટ નહોતા થયાં ત્યારે પણ મુમુક્ષુઓ તો ભગવાન ભજતા જ હતાં, પરંતુ એ ભક્તિ પરમાત્માના પ્રતિનિધિ તરીકે આવેલા અવતારો, પેગમ્બરો તથા તીર્થંકરોની થતી અને એની ફળશ્રુતિ તરીકે થતી પ્રાપ્તિ પણ એ પ્રમાણેની જ રહેતી. ભગવાન શ્રી સ્વામિનારાયણનું પૃથ્વી ઉપર પ્રાગટ્ય (Menifestation) થયું એ પછી એમને ભજીને જે મુક્તો આત્યંતિક કલ્યાણ પામ્યા તેમની પ્રાપ્તિ સર્વોચ્ચ હતી. શ્રીજીમહારાજ અત્યારે મનુષ્યરૂપે પ્રત્યક્ષ નથી, પરંતુ પ્રગટ તો છે જ. મહારાજ અને મુક્ત એકવાર પ્રગટ થયા પછી સદાય પ્રગટ જ રહે છે, ક્યારેય અપ્રગટ થતા નથી. અનંત કોટિ બ્રહ્માંડોમાં ભગવાન માત્ર એક જ છે, અને એ ભગવાનનો એવો મહિમા છે કે મુક્ત ભગવાનને જેવા જાણે છે એવો તો એ પોતે ભગવાનના પ્રતાપે થાય છે, છતાં પણ ભગવાન તો તેના માટે અગાધ જ રહે છે. આમ પરાત્પર

પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણનો મહિમા અપરંપાર છે! આપણે સૌ ધન્યભાગી છીએ કે આવા ભગવાનને ઓળખીને ભજવાના અવસરરૂપ સત્સંગ આપણને અનાયાસે સાંપડ્યો છે.

કવિ નારાયણદાસે પ્રત્યેક ચરણમાં ઉત્તમ વિચાર મૌક્તિકો ગૂંથ્યાં છે. દ્વિતીય ચરણમાં કવિ માણિગરની મંગલમૂર્તિને મનમાં ઉતારી આત્મસાત્ કરવાની લાખેણી સલાહ આપે છે. ધ્યાન અને ભક્તિ એ બંને સાધનમાં વિઘ્નરૂપ કામ ક્રોધ ઈત્યાદિ અંતઃ શત્રુઓને કવિ સાક્ષીભાવ યાને જાગરૂકતા (Awareness) દ્વારા નાથવાનું સૂચન કરે છે.

નારાયણદાસ એક જાગૃત કવિ છે. એમનો ઉપદેશ હૈયામાં આરપાર ઉતરી જાય એવો ચોટદાર છે, કારણ કે એમની વાણીની પાછળ એમના શુદ્ધ વર્તનનું પાણીદાર પીઠબળ છે. કવિ કહે છે - સત્સંગી થવું તો સમજીને થવું, કુટુંબમાં બાપદાદાથી સત્સંગ ચાલ્યો આવે છે એટલે આપણે સત્સંગી એમ લોલેલોલ ન કરવું. સ્વામિનારાયણ મંદિરમાં જે સત્સંગી થાય તેને જમવામાં દરરોજ લાડુ દાળભાત શાક મફત મળે છે એ પ્રલોભનથી પણ ઘણાં ગરીબો સત્સંગી બને છે. સાચો સત્સંગી એ છે જેને હંમેશાં હરિકથા અને કીર્તનભક્તિમાં જ સાચું સુખ મનાય છે અને એમાં જ એને આનંદ આવે છે.

સત્સંગના સાચા સેવક બનવા માટે તન અને મન એ બંને સ્વચ્છ, સ્વસ્થ અને તંદુરસ્ત હોવા અત્યંત આવશ્યક છે. પ્રત્યેક સત્સંગીનું અંતિમ ધ્યેય તો મહારાજની મૂર્તિ છે,

એને પામવા માટે અહોનિશ શ્રીજીમહારાજની પ્રસન્નતાના સાધનરૂપ ધ્યાન-ભજન કરવા જોઈએ.

પદ અત્યંત પ્રાસાદિક અને સુગેય છે.

# ૨૧

# સદ્‌ગુરુ શ્રી યુગલદાસ

શ્રીજીમહારાજના અંતેવાસી દાસાનુદાસ ભક્તવર્ય દાદાખાચરના પ્રથમ લગ્ન સંવત ૧૮૬૧ની સાલમાં કુમુદાબા સાથે થયાં હતાં. કુમુદાબાને કોઈ સંતાન ન થતાં માનસિક રીતે તેઓ સહેજ વ્યગ્ર રહેતાં હતાં. એમાં વળી તેમના નજીકના કોઈ સગાએ મ્હેણું માર્યું કે દાદાની વાંસે તેનું ધન કોણ ખાનાર છે? શ્રીજીમહારાજે જ્યારે આ વાત સાંભળી, ત્યારે તેમણે કુમુદાબાને બોલાવીને કહ્યું : ‘કુમુદા, શાસ્ત્રમાં કહ્યું છે કે કોઈ સ્ત્રીને આધેડવય સુધીમાં સંતાન ન થાય તો એ કુળવાન સ્ત્રીએ પોતાના પતિને રાજીખુશીથી બીજા લગ્ન કરવા માટેની સંમતિ આપી દેવી જોઈએ.’ કુમુદાબાએ કહ્યું : ‘મહારાજ, આ બાબતમાં મારી સંપૂર્ણ સંમતિ છે.’

બીજે દિવસે દાદાખાચર જ્યારે અક્ષરઓરડીમાં આવીને શ્રીજીમહારાજ પાસે બેઠા, ત્યારે મહારાજે કહ્યું : ‘દાદા, કુમુદાબાને હજી સુધી કોઈ સંતાન થયું નથી. વળી હવે તો તેમને દમનો અસાધ્ય વ્યાધિ પણ લાગુ પડ્યો છે. કાલે તમારા સગા-સંબંધીના મ્હેણાં-ટોણાં સાંભળી અમને ખૂબ દુઃખ થયું છે. માટે અમારી એવી ઇચ્છા છે કે તમે બીજા લગ્ન માટે જરૂર વિચારો.’

દાદાખાચરે આ સાંભળી અત્યંત ગમગીન ચહેરે મહારાજના પગ પકડીને યાચના કરતા કહ્યું : 'મહારાજ, મારા ઉપર મહેર કરો. મારે હવે ફરીથી આ વિષમ સંસારમાં નથી બૂડવું. દયાળુ, કૃપા કરીને મને ફરી લગ્ન માટે આગ્રહ ન કરો.'

મહારાજે હસીને કહ્યું : 'દાદા, અમે તમને દુઃખી કરવા માટે ફરી નથી પરણાવતા. પરંતુ અમારી તો એવી ભાવના છે કે તમે જેમ સંતોની સેવા કરો છો, તેમ વંશપરંપરા સુધી તમારી પ્રજા પણ તમારી માફક સંતોની અને સત્સંગની સેવા રીતિ ચાલુ રાખે.' આ સાંભળી દાદાખાચર કંઈક કુણાં પડ્યા. તેમણે મહારાજની ઈચ્છાને શિરોમાન્ય કરતા કહ્યું : 'મહારાજ, આપની આ ભાવના એ આપનો મારા પ્રત્યેનો નિર્વ્યાજ પ્રેમ છે. આપની ઈચ્છાને હું આપની આજ્ઞા માનીને શિરોમાન્ય રાખું છું. પરંતુ મારી એક અરજ છે પ્રભુ, આપ સ્વયં મને પરણાવવા જાન જોડીને સાથે પધારો તો મને લગ્ન કરવા કબૂલ છે.'

મહારાજે હસીને તરત જ પોતાની અનુમતિ આપતા કહ્યુંઃ 'ભલે દાદા, અમે પણ જાનમાં તમારી સાથે આવી તમારા રથના સારથી બનીશું.' સં. ૧૮૮૧માં દાદાખાચરના લગ્ન ભટવદરના નાગપાલ વરુની દીકરી જશુબા સાથે થયાં.

લગ્ન બાદ મીંઢળ છોડ્યા પછી જશુબા શ્રીજીમહારાજના દર્શને આવ્યાં. મહારાજને ચરણવંદના કરીને જશુબાએ પ્રાર્થનાપૂર્વક કહ્યું : 'મહારાજ, આપની અપરંપાર કૃપાથી જ મને આવો ઉત્તમ પરિવાર અને પ્રભુપરાયણ પતિ પ્રાપ્ત થયા છે. અમારા આ ગઢ-દરબાર, ગામ-ગરાસ, જમીન-

જાગીર, ખેતર-ખળું સઘળું ય આપનું છે ! પ્રભુ, અમારા આ ઘર આંગણે જ આપ મોટું મંદિર કરો જેથી સાધુ-સંતો અને આપનો સદાયનો સહવાસ અમને મળી રહે. દયાળુ ! દુરિજનનું મ્હેણું ટાળવા મારે ખોળે બે દીકરા રમે એવા રૂડાં આશિષ મને આપો.'

આ સાંભળી શ્રીજીમહારાજે રાજી થઈને તથાસ્તુ કહી પોતાનો વરદ્ હસ્ત જશુબાને મસ્તકે મૂક્યો. ત્યાં તો વળી જશુબા આગળ બોલ્યાં : 'મહારાજ, પ્રત્યેક સ્ત્રી માટે એના જીવનનું સૌથી મહત્ત્વનું સુખ એનું સૌભાગ્ય છે. દયાળુ, કૃપા કરીને મને એવા આશીર્વાદ આપો કે મારી ચુડી અને ચાંદલો અખંડ રહે!' આ સાંભળીને મહારાજે જશુબાના માથેથી પોતાનો હાથ પાછો ખેંચી લીધો. મહારાજે મૌન રહીને માત્ર સહજ સ્મિત કરીને જશુબાને વિદાય કર્યા.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની તવારીખ કહે છે કે દાદાખાચર સંવત ૧૯૦૯માં ધામમાં પધાર્યા હતા. જ્યારે જશુબા સંવત ૧૯૨૨ની સાલમાં અક્ષરવાસી થયાં હતાં.

જશુબાએ મહારાજ પાસે જે જે માગ્યું હતું તે એક પતિવ્રતા ભારતીય નારીના સાચા હૃદયની યાચના હતી. સત્સંગમાં બહેનોને એમાંથી પ્રેરણા મળે માટે સદ્‌ગુરુ યુગલદાસજીએ એ યાચનાને કીર્તનના સ્વરૂપમાં ઉતારી છે **'મારી અવિચળ ચુંકને રાખજો, મારી ચુડીનો ભંગ ન થાય, માગું વર નાથજી.'** સંપ્રદાયના સાહિત્યમાં યુગલદાસના નામે ફક્ત આ એક જ કીર્તન ઉપલબ્ધ છે. એમના જીવન અને કવન્ વિષે વિશેષ માહિતી પ્રાપ્ત નથી.

કાવ્યકૃતિ :

મારી અવિચળ ચુંકને રાખજો,
મારી ચુડીનો ભંગ ન થાય;
માગું વર નાથજી... ટેક.
રહે કેસર પીર લલાટમાં,
રહે સેંથો ચાંદલો સદાય. માગું. ૧
મારે ઘરે રહે સંત સામટા,
નિત્ય ગુણ તમારા ગાય. માગું. ૨
સત્સંગી મળી દેશો દેશના,
આવે ઉત્સવ કરવાને આંય. માગું. ૩
મારે ઘરે રહો ઘનશ્યામજી,
મારી સંપત્તિ તમ અર્થે થાય. માગું. ૪
રાજપાટ ગામને ગીરાસ છે,
ભવન સહિત તમારાં કહેવાય. માગું. ૫
જયા લલિતા રમા ને પંચાળી,
તેને સમજું છું મુક્ત સમાન. માગું. ૬
અમો સૌ મળી તમને સેવીયે,
ધરીએ અખંડ તમારું ધ્યાન. માગું. ૭
કરો મંદિર મોટું મારે આંગણે,
રહો પ્રેમથી પ્રાણ આધાર. માગું. ૮
તેમાં મૂર્તિ પધરાવો વાસુદેવની,
તમો પાડોશી થાઓ કરી પ્યાર. માગું. ૯
વળી આ લોકની સુખ સંપત્તિ,
શ્રીજી આપી પુરા કરો કોડ. માગું. ૧૦
દુરિજનનું મ્હેણું ઉતારજો,

**પ્રભુ આપો પુત્રની જોડ. માગું. ૧૧**
**અભય સુતને સુખી રાખજો,**
**રહે અખંડ અભય પરિવાર. માગું. ૧૨**
**આશ્રય વંશ સદાતવ ઉપાસી,**
**એ માગું છું ધર્મકુમાર. માગું. ૧૩**
**વળી અભયસુત પહેલાં મુજને,**
**શ્રીજી આપજો અક્ષરવાસ. માગું. ૧૪**
**એવી વાણી સુણી જસુબાઈની,**
**વર આપો કહે યુગલદાસ. માગું. ૧૫**

**આસ્વાદ :**

કવિ યુગલદાસે પ્રસ્તુત પદમાં જશુબાના હૈયાની અભિલાષાઓને સરળ શબ્દોમાં મુખરિત કરી છે.

પદ અત્યંત સરળ હોવાથી, આસ્વાદમાં વિશેષ ટિપ્પણી કે વિવરણની આવશ્યકતા નથી. પરંતુ અહીં આ કાવ્યપ્રસંગ અને કીર્તનનું ચયન વિશેષ પ્રયોજનથી કરવામાં આવ્યું છે.

આ કાવ્ય પ્રસંગ વાંચીને અનેક હરિભક્તોના અંતરમાં એક ખાસ સવાલ ઉદ્ભવે એવી શક્યતા છે. દાદાખાચરને બીજા લગ્ન કરવાની પ્રેરણા શ્રીજીમહારાજે સ્વયં આપી હતી. જશુબાએ મહારાજ પાસે મુખ્ય જે માંગણી મૂકી - **'મારી અવિચળ ચુંકને રાખજો, મારી ચુડીનો ભંગ ન થાય...'** એ માંગણી મહારાજે માન્ય કેમ ન રાખી?

જશુબાના પ્રારબ્ધમાં વૈધવ્ય લખાયેલું હતું તો વીધિના લેખમાં મેખ મારવી એ તો શ્રીજીમહારાજ માટે કાંઈ મુશ્કેલ નહોતું! કાળ, કર્મ અને માયાનો હુકમ મહારાજ અને મુક્તો ઉપર ચાલતો નથી. ભગવાન પોતાના આશ્રિત

ભક્તોના યોગ અને ક્ષેમનું વહન કરે છે. ભક્તના જીવનમાં જે કાંઈ દુઃખ કે આપત્તિઓ આવે છે તે પ્રારબ્ધવશ નહીં, પરંતુ ભગવાનની ઇચ્છાથી ભક્તના કલ્યાણઅર્થે જ આવે છે. મહારાજે જશુબાના જીવનમાં વૈધવ્યના દુઃખ દ્વારા એમના અનંત જન્મોના કર્મો કાપી નાંખી તેમને પરમપદના અધિકારી બનાવી દીધાં હતાં.

# ૨૨

# રાજકવિ માવદાનજી રત્નું

રાજકવિ માવદાનજી સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીની મારૂ ચારણ જ્ઞાતિમાં અને સદ્‌ગુરુ દેવાનંદ સ્વામીના રત્નું કુળમાં જન્મ્યા હતા. તેમનો જન્મ સં. ૧૯૪૮ના ભાદરવા સુદ બીજના દિવસે જામનગર જિલ્લાના કાલાવડ ગામે થયો હતો. તેમના દાદા ગઢવી બનાભાઈ રત્નું ઝાલાવાડ પ્રદેશના મૂળી ગામના વતની હતા. તેમને શ્રીજીમહારાજે ગઢપુરમાં દાદાખાચરના દરબારમાં ભરસભામાં પોતે ચૂસેલી કેરીની પ્રસાદી સ્વહસ્તે આપી હતી. બનાભાઈને સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીએ સત્સંગના વર્તમાન ધરાવ્યા હતા. માવદાનજીના પિતા ભીમજીભાઈ પોતાના મોસાળના ગામ કાલાવડ જઈને વસેલા. જામનગરના રાજા જામશ્રી વિભાજીએ તેમને જામનગરના રાજકવિ બનાવી કાલાવડ નજીકના રાજવડ ગામની જાગીર આપી હતી. રાજકવિ ભીમજીભાઈએ સદ્‌ગુરુ દેવાનંદ સ્વામી પાસે વર્તમાન ધરાવી સંપ્રદાયની દીક્ષા લીધી હતી. તેમણે સદ્‌ગુરુ તદ્રૂપાનંદ સ્વામી પાસે ગુજરાતી ભાષાનો તથા સદ્‌ગુરુ વૈષ્ણવાનંદ સ્વામી પાસે પિંગળનો અભ્યાસ કર્યો હતો.

એમ કહેવાય છે કે માવદાનજીનો જન્મ જૂનાગઢના જોગી સદ્‌ગુરુ મહાપુરુષદાસજીના આશીર્વાદથી થયો હતો. તેમણે

ગુજરાતી સાત ધોરણ સુધીનો અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ કાલાવડના વિદ્વાન કવિ ગૌરીશંકર ગોવિંદજી પાસે પિંગળનો પદ્ધતિસરનો અભ્યાસ કર્યો. તે સિવાય તેમણે પ્રાચીન ચારણી કાવ્યશાસ્ત્રનો વિશદ્ અભ્યાસ કરી કાવ્ય રચવાનો પ્રારંભ કર્યો હતો.

તેઓ અર્થોપાર્જન માટે વડિલોપાર્જિત રાજવડની જાગીરનો વહીવટ સંભાળતા. તદુપરાંત તેઓએ જામનગર રાજ્યમાં ફોરેસ્ટ ઈન્સ્પેક્ટર તરીકે પંદર વરસ સુધી પોતાની સેવા આપી હતી. ત્યારબાદ જામશ્રી રણજીતસિંહના ફરમાનથી તેઓએ 'જામનગર રાજ્યનો બૃહદ્ ઈતિહાસ' નામના દળદાર ગ્રંથની રચના કરી. તેમની આ સેવાની કદરરૂપે તે સમયના વિદ્યમાન જામશ્રી દિગ્વિજયસિંહજીએ તેમને જામનગરના રાજકવિની પદવી આપી મોટી રકમનું વર્ષાસન બાંધી આપ્યું હતું.

માવદાનજી સ્વામિનારાયણ સંપ્રદાયના ગણમાન્ય કવિ તો હતા જ, પરંતુ રાજસ્થાનના મોટા મોટા રાજા મહારાજાઓ દ્વારા પણ તેઓ સન્માનિત રાજકવિ હતા. કચ્છ, લુણાવાડા, ધ્રોળ, ગોંડલ તથા લોધીકાના રાજાઓ તરફથી પણ માવદાનજીનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. માવદાનજીએ 'શ્રી યદુવંશપ્રકાશ' નામનો એક બૃહદ્ ઈતિહાસ ગ્રંથ રચ્યો છે. તેમણે ચારણી સાહિત્યમાં ખૂબ ખેડાણ કર્યું છે. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં તેમની સાહિત્ય સેવા નોંધપાત્ર છે. તેમના કાવ્યો અને કીર્તનોનો સંગ્રહ 'કવિ કીર્તનાવલિ' નામે પ્રકાશિત થયો હતો.

રાજકવિ માવદાનજીને મહાકવિ ન્હાનાલાલ, કવિ

લલિત, રાષ્ટ્રિય શાયર ઝવેરચંદ મેઘાણી તથા સદ્‌વિદ્યાના પ્રવર્તક કવિ ત્રિભુવન વ્યાસ સાથે ખૂબ સારો ઘરોબો હતો.

સં. ૧૯૮૪ના ચૈત્ર મહિનામાં અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રીએ બળદિયામાં છેલ્લો યજ્ઞ કર્યો હતો ત્યારે સમસ્ત સંપ્રદાયમાંથી સંત-હરિભક્તોના ધાડેધાડા આ યજ્ઞના દર્શને બળદિયા ઉમટી પડ્યા હતા. કાલાવડથી રાજકવિ માવદાનજીએ પણ આ પ્રસંગે બળદિયા આવી ચૈત્ર વદ છઠ્ઠના દિવસે યજ્ઞની પૂર્ણાહૂતિ બાદ ભરાયેલી ભવ્ય સભામાં બાપાશ્રીની પ્રશસ્તિમાં સ્વરચિત કવિત - **'કળિયુગમાં કલ્યાણકારી આજ અબજીભાઈ છે.'** રજૂ કરી બાપાશ્રીની અપ્રતિમ પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી.

સં. ૧૯૮૪ના આસો સુદી બારસને દિવસે ગઢપુરમાં શ્રી ગોપીનાથજી મહારાજના શતવાર્ષિક પાટોત્સવના મહોત્સવમાં રાજકવિ માવદાનજી દર્શનાર્થે આવ્યા હતા. ગઢડું ગામ એ પ્રસંગે દેશ-પરદેશના એકાદ લાખ સંત-હરિભક્તોથી ઉભરાઈ ગયું હતું. આ ઐતિહાસિક પાટોત્સવ પ્રસંગે બંને દેશના ધર્મધુરંધર આચાર્યો પણ પધાર્યા હતા. મંદિરના ચોકમાં સંધ્યા કાળે ભરાયેલી વિરાટ સભામાં ધ.ધુ.આચાર્યશ્રી શ્રીપતિપ્રસાદજી મહારાજ અને ધ.ધુ.આચાર્યશ્રી વાસુદેવપ્રસાદજી મહારાજના સાંનિધ્યમાં રાજકવિ માવદાનજીએ, એમનું સ્વરચિત કાવ્ય **'આજ સો સો વર્ષોના વાણાં વાઈ ગયાં.'** પ્રગલ્ભ સ્વરે ગાઈને રજુ કર્યું હતું. કીર્તનના શબ્દે શબ્દે કવિની વિરહ વેદના એવી તો નિખરી કે સાંભળનાર સર્વેની આંખો આંસુઓથી ઉભરાઈ ગઈ. શ્રીજીમહારાજની યાદમાં આખોય માહોલ કરુણાત્મક

વિયોગશૃંગારની મીઠી વિરહવિભાવનામાં ક્યારે સરી પડ્યો તેની કોઈને ય ખબર ન પડી !

**કાવ્યકૃતિ :**

**આજ સો સો વરસોના વાણાં વાઈ ગયાં;**
**તોય જાણે હજુ કાલ સવારની વાત રે, સહજાનંદ સ્વામી!**
**ગઢપુર જોતાં જ શ્રીજી સાંભરે. ટેક.**
**એનો એ દરબાર એના એ ઓરડા;**
**એના એ તોરણ ચાકળા હીંડોળા ખાટ રે, સહજાનંદ સ્વામી!**
**ગઢપુર જોતાં જ શ્રીજી સાંભરે. આજ. ૧**
**એનો એ લીમડોને અક્ષરઓરડી;**
**એના એ ગાદી તકીયા રંગત પાટ રે, સહજાનંદ સ્વામી!**
**ગઢપુર જોતાં જ શ્રીજી સાંભરે. આજ. ૨**
**સાધુ બ્રહ્મચારી પાળાની સાથમાં;**
**ખાંતીલો આહીં ખેલતા રંગ ખેલ રે, સહજાનંદ સ્વામી!**
**ગઢપુર જોતાં જ શ્રીજી સાંભરે. આજ. ૩**
**આજ  સુનો દરબાર સુના એ ઓરડા;**
**સુના દીસે આજ ઘેલા નદીના ઘાટ રે, સહજાનંદ સ્વામી!**
**ગઢપુર જોતાં જ શ્રીજી સાંભરે. આજ. ૪**
**લક્ષ્મીવાડી લાડીલા લાલની,**
**પોઢ્યા જીયાં પાતળિયો મુજ પ્રાણ રે, સહજાનંદ સ્વામી!**
**ગઢપુર જોતાં જ શ્રીજી સાંભરે. આજ. ૫**
**ગંગાજળીયે હરિને ગોતિયા;**
**જળ સૈયામાં જોયા જીવનપ્રાણ રે, સહજાનંદ સ્વામી!**
**ગઢપુર જોતાં જ શ્રીજી સાંભરે. આજ. ૬**
**ગુણિયલ મૂર્તિ રે ગોપીનાથની;**

**દર્શન કર્યે શાંત દિલ થાય રે, સહજાનંદ સ્વામી!**
**ગઢપુર જોતાં જ શ્રીજી સાંભરે. આજ. ૭**
**માગે કરજોડી માવદાનજી;**
**શ્રીજી સદાય રહેજો મારી સહાય રે, સહજાનંદ સ્વામી!**
**ગઢપુર જોતાં જ શ્રીજી સાંભરે. આજ. ૮**

**આસ્વાદ :**

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની તવારીખમાં ગઢપુરનું નામ સુવર્ણ અક્ષરે લખાયેલું છે. ભગવાન શ્રી સ્વામિનારાયણના જીવન સંસ્મરણો ગઢપુર સાથે એટલી હદે જોડાયેલા છે કે ગઢપુર અને શ્રીજીમહારાજ જાણે એકબીજાના પર્યાય ન બની ગયા હોય એમ લાગે છે! તેથી જ કવિ માવદાનને ગઢપુર જોતાં જ શ્રીજીમહારાજની અનાયાસે યાદ આવી જાય છે અને પછી એ યાદોની લાંબી વણઝાર શ્રીહરિના સંબંધના પુનિત સ્પર્શથી ધન્ય બનેલા દાદાખાચરના દરબાર, લીમડો, ગાદી તકીયા, લક્ષ્મીવાડી, ઘેલા નદી - એ સર્વેને આંબીને અક્ષરઓરડી સુધી પહોંચી શ્રીજીમહારાજની મૂર્તિમાં વિરામ પામે છે.

આત્મદર્શી સ્વરૂપાનંદ સ્વામીને જ્યારે દેહમાં અસહ્ય દાહ થતો હતો ત્યારે દાદાખાચરના દરબારના નળિયાના સંસ્મરણથી એ પીડા શમી હતી. આનું તાત્ત્વિક રહસ્ય એટલું જ છે કે ભગવાનના પ્રત્યક્ષ સંબંધને પામેલી પ્રત્યેક ચીજ નિર્ગુણ અને દિવ્ય બની જાય છે. ભગવાનના પ્રત્યક્ષ સંબંધને પ્રાપ્ત કરીને પ્રત્યેક સ્થળ દિવ્ય તીર્થનું ગૌરવ પ્રાપ્ત કરે છે. પરિણામે એ સ્થળ અને વસ્તુની યાદ મનને સીધું ભગવાનના સ્વરૂપમાં ખેંચી જઈ આધિ, વ્યાધિ અને

ઉપાધિથી રહિત કરી અનોખી શાતા પ્રદાન કરે છે.

ભગવાનનો સંબંધ તો સર્વ પ્રકારે જીવને સુખકારી છે જ, પરંતુ ભગવાનનો પ્રત્યક્ષ સંબંધ પામેલી વસ્તુઓ તથા સ્થળનું સંસ્મરણમાત્ર પણ જીવને અનેક પ્રકારે સુખકારી નીવડે છે. તેથી જ શ્રીજીમહારાજે (ગ.પ્ર.૩.) વચનામૃતમાં કહ્યું છે : 'જેને ભગવાનની મૂર્તિ અંતરમાં અખંડ દેખાતી હોય તેણે પણ ભગવાને જે જે અવતારે કરીને જે જે સ્થાનકને વિષે જે જે લીલા કરી હોય તે સંભારી રાખવી, ને બ્રહ્મચારી, સાધુ તથા સત્સંગી તેને સાથે હેત રાખવું ને એ સર્વેને સંભારી રાખવા. તે શા સારુ જે કદાપિ દેહ મૂક્યા સમે ભગવાનની મૂર્તિને ભૂલી જવાય તો પણ ભગવાને જે જે સ્થાનકને વિષે લીલા કરી હોય તે જો સાંભરી આવે અથવા સત્સંગી સાંભરી આવે અથવા બ્રહ્મચારી ને સાધુ સાંભરી આવે તો તેને યોગે કરીને ભગવાનની મૂર્તિ પણ સાંભરી આવે ને તે જીવ મોટી પદવીને પામે ને તેનું ઘણું રૂડું થાય.'

પ્રસ્તુત પદ અત્યંત પ્રાસાદિક અને સુગેય છે.

# સજની શ્યામ બિના મૈં દીવાની

## ૨૩

## સદ્ગુરુ શ્રી ત્યાગાનંદ સ્વામી

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં ત્યાગાનંદ નામે ચાર સંતો થઈ ગયા.

**'ત્યાગાનંદ મુનિ ચાર,**
**એક ગવૈયા ગુણનીધિ.**
**બીજા ભજની અપાર,**
**ત્રીજા ધ્યાની સુભમતિ;**
**ચોથા સંત સ્વરૂપ.'** **(નંદમાળા)**

કવિ અને ગવૈયા ધ્યાનાનંદ સ્વામી અંગે વિશેષ માહિતી તો ઉપલબ્ધ નથી, પરંતુ સદ્ગુરુ કૃષ્ણાનંદ સ્વામીએ એમના ગ્રંથ 'શ્રીહરિચરિત્રામૃત'માં એક પ્રસંગે એમનો ઉલ્લેખ કર્યો છે.

સંવત ૧૮૮૫માં શ્રીજીમહારાજ ગઢપુરમાં ગોપીનાથજી મહારાજની પ્રાણપ્રતિષ્ઠા કરીને સૌરાષ્ટ્રમાં વિચરણ કરવા નીકળ્યા હતા. ગઢપુરથી નીકળીને કારિયાણી, સાળંગપુર, સુંદરીયાણા અને કંથારીયા થઈને મહારાજ લીંબડી પધાર્યા. લીંબડીના અગ્રગણ્ય સત્સંગીઓએ શ્રીહરિનું શાનદાર સ્વાગત કર્યું. ત્યાંથી નીકળી શ્રીજીમહારાજ શિયાણી થઈને તાવી આવ્યા. ત્યાં રાત રહી પ્રભુજી દેવળીયા, વડલા તથા ઘોડા થઈને મછીયાવ આવ્યા. મછીયાવમાં ફૈબાએ શ્રીહરિનું

ઉષ્માભર્યું સામૈયું કર્યું. સાસુ-વહુના સંબંધ બાબતમાં ફૈબાએ મહારાજની વાત પોતાના અહંકારને કારણે ન માની. તેથી રીસાઈને મહારાજ થાળ જમ્યા વિના ત્યાંથી ચાલી નીકળ્યા.

ત્યાંથી કુંવારિયા અને સાણંદ થઈને શ્રીહરિ મણિપુર આવ્યા. ત્યાં સ્વામી રામદાસજી તથા જીવણદાસ, મનોહરદાસ વગેરે શ્રીજીમહારાજના દર્શને આવ્યા. સાંજે વાળુ કરીને મહારાજે સંત-હરિભક્તોની સભામાં ધુન તથા કથા-કીર્તન કરાવ્યા. ત્યારબાદ શ્રીજીમહારાજ પોઢી ગયા. શ્રીહરિની સાથેના સંતમંડળમાં સદ્‌ગુરુ કૃષ્ણાનંદ સ્વામી તથા સદ્‌ગુરુ ત્યાગાનંદ સ્વામી પણ હતા. સદ્‌ગુરુ કૃષ્ણાનંદ સ્વામી એમના ગ્રંથમાં એમ નોંધે છે કે શ્રીજીમહારાજ પોઢી ગયા પછી કૃષ્ણાનંદ અને ત્યાગાનંદે આખી રાત કીર્તન ગાયાં હતાં.

**'કરી ધૂન્ય ત્યાં સંત સહિત, પછી પોઢિયા શ્યામ પુનિત;**
**કૃષ્ણાનંદ ત્યાગાનંદ નામ, ગાયાં કીર્તન ત્યાં સારી યામ.'**

(અ. ૫૯, ૫૬-૫૭)

સં. ૧૮૮૬માં શ્રીજીમહારાજ સ્વધામ સિધાવ્યા પછી શ્રીહરિના વિયોગે પ્રેમી સંત-હરિભક્તો જેમ ચંદ્ર વિના ચકોર તડપે તેમ ઝૂરતા હતા. નંદસંત કવિઓ પૈકીના પ્રત્યેક કવિએ પોતાની વિરહાસક્તિની માર્મિક અનુભૂતિ એમની અનેક રચનાઓમાં પ્રગલ્ભપણે અભિવ્યક્ત કરી છે. કવિ ત્યાગાનંદે પણ પોતાના પ્રાણપ્યારા પ્રિયતમ સ્વેષ્ટ શ્રી સહજાનંદ સ્વામીના વિરહમાં વ્યાકુળ અંતરે મિલનનો મીઠો તલસાટ વ્યક્ત કરતા ગાયું છે : **'સજની શ્યામ બિના મૈં દીવાની...'**

**કાવ્યકૃતિ :**

**સજની શ્યામ બિના મૈં દિવાની... ટેક.**
**કબ દેખું નયના ભરી આલી,**
**રસિકરાય પિયા છેલ ગુમાની. સજની. ૧**
**પ્રીતમ પ્યારે બિના ત્રિભુવનમેં,**
**ઓર નહિ મોકું સુખદાની. સજની. ૨**
**કહારે કહું કિત જઉં મોરી સજની,**
**સહિ ન જાત અબ દરસકી હાની. સજની. ૩**
**કબ આવે કબ અંકભર ભેટું,**
**ત્યાગાનંદ કહે અંતરજાની. સજની. ૪**

**આસ્વાદ :**

રસશાસ્ત્રની દૃષ્ટિએ પ્રિયતમના સંયોગે પાંગરતો પ્રેમ તેના વિયોગે વૃદ્ધિ પામે છે. પ્રભુના વિયોગે એમની ઉત્કટ યાદમાં પ્રેમીભક્ત જે વિશેષ પ્રકારનું આંતરિક એકાંત અનુભવે છે તેને જ વિરહ કહે છે. વિરહમાં ભક્ત-મનની એક વિશિષ્ટ ભાવાત્મક સ્થિતિ બને છે. એ સ્થિતિમાં મન પ્રિયતમ પ્રભુના અંતરસ્થ સ્વરૂપમાં વધુ ને વધુ રસલીન બને છે. પરિણામે વિરહના વિષાદને સ્થાને અંતરમાં પરમાત્મા પ્રત્યેના પ્રગાઢ પ્રેમનો આનંદાત્મક અનુભવ થાય છે. આ આનંદની તન્મય અવસ્થામાં ભક્ત અને ભગવાન વચ્ચે દિવ્ય અનુસંધાન સધાય છે જેને વિપ્રયોગ કહેવામાં આવે છે. ભક્તિની પરાકાષ્ઠા તેમ જ ધ્યાનની નિગૂઢ અવસ્થાને અંતે ફલિત થતી આ સ્થિતિમાં ભક્ત ભગવાનનો દિવ્ય કૃપાપ્રસાદ પામી એમના પરમ સાધર્મ્યપણાને પામે છે!

પ્રેમી ભક્તકવિ ત્યાગાનંદ પ્રિયતમ પરમાત્માના શ્યામ સ્વરૂપમાં ગોપીભાવે મધુર અનુરાગ અનુભવે છે. ભક્તના અંતરમાં ઉદ્‌ભવતો ગોપીભાવ એ એની આધ્યાત્મિક અભીપ્સાનું પ્રતિક છે. આ અભીપ્સા જેમ જેમ વધતી જાય છે, તેમ તેમ ભક્ત વધુને વધુ વિરહાકુળ બનતો જાય છે. એની પ્રિયતમ પરમાત્માના દર્શન માટેની પ્યાસ જ્યારે માઝા મૂકી દે છે, ત્યારે એનું અંતર વારંવાર પોકારે છે-
**કબ દેખું નયના ભરી આલી, રસિકરાય પિયા છેલ ગુમાની.**
ભક્તનો ભગવાન પ્રત્યેનો પ્રેમ કઈ અને કેવી ભૂમિકાએ પાંગર્યો છે તેના ઉપર એ પ્રેમની પરાકાષ્ઠારૂપ અનુભવજ્ઞાનનો આધાર છે. પ્રભુમાં પ્રેમ બે રીતે જન્મે છેઃ (૧) પ્રભુના આધિપત્યનું અપાર ને અલૌકિક ઐશ્વર્યદર્શન કરીને તે દ્વારા, અને (૨) પ્રભુના લાલિત્ય અને માધુર્યનું દર્શન કરીને. પ્રથમ દ્વારા જે પ્રકારનો પ્રેમ પ્રગટે છે તેને ગુણમાહાત્મ્યસિક્ત કહે છે, જ્યારે દ્વિતીય દ્વારા પ્રગટતા પ્રેમને રૂપસિક્ત કહે છે.

કવિનો પ્રેમ પ્રથમ પ્રકારનો ગુણમાહાત્મ્યસિક્ત છે, તેથી જ તેઓ પ્રભુને કહે છે -
**પ્રીતમ પ્યારે બિના ત્રિભુવનમેં, ઓર નહિ મોકું સુખદાની.**
કવિનો પ્રિયતમ પરમાત્મા સ્વેષ્ટ શ્રી સહજાનંદ સ્વામી પ્રત્યેનો પ્રેમ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયયુક્ત માહાત્મ્યજ્ઞાને સહિતનો પ્રેમ છે, તેથી જ કવિને મન અખિલ બ્રહ્માંડમાં પાતળિયા પ્રીતમ સમાન કોઈ સુખદાઈ નથી.

કવિ પ્રભુના વિયોગમાં વિરહિણી બનીને એમની પ્રતિક્ષા કરે છે, વિલાપ કરે છે અને હૃદયની તીવ્ર આરઝુથી એમના

દર્શન માટે ઝૂરે છે. કવિની સમગ્ર અક્ષરઆરાધનાનો વિશેષ વૈભવ વિયોગવ્યંજનામાં અહીં સુચારુરૂપે અભિવ્યક્ત થયેલો જોવા મળે છે.

પદ અત્યંત પ્રાસાદિક અને સુગેય છે. રાગ જંગલોમાં એની તરજ કાવ્યના ભાવને સુસંગત છે.

# સુણ સાહેલી શ્રી ઘનશ્યામ વિના મને કાંઈ ગમતું નથી

## ૨૪

## સદ્‌ગુરુ શ્રી ધ્યાનાનંદ સ્વામી

સદ્‌ગુરુ મંજુકેશાનંદ સ્વામી 'નામમાળા'માં નોંધે છે :

**'ધ્યાનાનંદ નામે મુનિ દોય,**
**એક ધ્યાની બીજા કવિ સોય.'**

ધ્યાની ધ્યાનાનંદ સ્વામી કારિયાણીના વતની હતા. શ્રીજીમહારાજ અને નંદસંતોના નિત્ય સમાગમથી એમના અંતરમાં વૈરાગ્ય પ્રગટતા તેમણે એક દિવસ મહારાજને ગદ્‌ગદ કંઠે પ્રાર્થના કરી : 'મહારાજ, મને હવે તમારી મૂર્તિ વિના જગતના કોઈ પદાર્થમાં પ્રીતિ રહી નથી, માટે પ્રભુ... હવે મને તમારા ચરણની સેવામાં રાખો તો સારું.' મહારાજે તત્કાળ તેમને ભાગવતી દીક્ષા આપી તેમનું નામ 'ધ્યાનાનંદ' પાડ્યું.

સદ્‌ગુરુ અક્ષરાનંદ સ્વામીની વાતોમાં એક પ્રસંગ આવે છે. એકવાર શ્રીજીમહારાજે ગવૈયા સંતોને બોટાદમાં સત્સંગ કરવા મોકલ્યા. કવિ અને સંગીતજ્ઞ સંતોએ એક મહિનો ત્યાં રહી કીર્તનોની રમઝટ બોલાવી. ગામ આખું કીર્તન સાંભળવા આવતું, પણ એમાંથી એક માણસ સોગંદ ખાવા પૂરતો પણ સત્સંગી ન થયો.

પછી મહારાજે શાસ્ત્રજ્ઞ વિદ્વાન સંતોને બોટાદ મોકલ્યા. મહા જ્ઞાની સંતોએ ત્યાં દિવસ-રાત કથાવાર્તાનો અખાડો ચલાવ્યો. આખું ગામ કથા સાંભળવા આવે, પણ કોઈ કંઠી બાંધી સત્સંગી ન થાય. એમ કરતા એક મહિનાની મુદત પૂરી થતાં એ સંતો પણ વિલે મોઢે પરત આવ્યા.

અંતે શ્રીજીમહારાજે સભામાં સંતોને તાકીદ કરતા કહ્યું : 'જુઓ... સંગીત અને વિદ્વત્તા જે કામ કરી નથી શક્યા તે અમારા બે સંતો હવે કરી બતાવશે.' આમ કહીને મહારાજે ધ્યાની ધ્યાનાનંદ સ્વામી તથા સાંખ્યાનંદ સ્વામીને બોટાદ જવાની આજ્ઞા આપી. એ બંને ગરીબ સ્વભાવના સંતોએ હાથ જોડીને દીનવચને શ્રીહરિને પૂછ્યું : 'પ્રભુ, અમે ત્યાં જઈને શું કરીશું ? અમને નથી ગાતા આવડતું કે નથી વાતો કરતા આવડતું. અમે તો રાતદિવસ માત્ર તમારું ધ્યાન ધર્યા કરીએ છીએ.'

મહારાજ કહે, 'મહાપુરુષો ! અમારે વચને તમે બોટાદ જાઓ, ત્યાં તમે નહીં, તમારું વર્તન વાતો કરશે અને બોટાદમાં સત્સંગનો પાયો તમારા થકી જ નંખાશે.'

મહારાજની આજ્ઞાથી એ બંને સંતો બોટાદ આવ્યા. બોટાદ એ જમાનામાં જૈન ધર્મનો ગઢ ગણાતું. બોટાદમાં જ્યાં અત્યારે આપણું મંદિર છે, ત્યાં એ જમાનામાં એક નાનકડી ઓરડી હતી. બંને સંતો ત્યાં રહીને ભજનભક્તિ કરવા લાગ્યા. દિવસમાં ફક્ત એક જ વાર ગામમાંથી ભિક્ષા માગી લાવી ભોજન કરતા અને બાકીનો સમય ધ્યાન ધર્યા કરતા. સાંજે કોઈક દયાળુ ગૃહસ્થ અન્ન આપવા આવે

તો પણ ન લેતા. થોડાં જ સમયમાં આખા ગામમાં વાત ફેલાઈ ગઈ કે આપણાં ગામમાં બે મહા તપસ્વી કેવળીક આવ્યા છે, તે ચોવીયાર કરે છે અને અહોનિશ ધ્યાન કર્યા કરે છે.

તમાશાને તેડું ન હોય. ધીરે ધીરે જૈન વાણિયાના ટોળે ટોળા આ બે તપસ્વીઓને જોવા માટે ઊમટી પડ્યા. બંને નિસ્પૃહી સંતોના ચરણોમાં ધીરે ધીરે આખુંય ગામ આવીને લોટી પડ્યું. એ બંને સંતોના વર્તને બોટાદમાં એવી વાતો કરી જેના પરિણામે આજે બોટાદની બજારમાં સ્વામિનારાયણ સંપ્રદાયની વિજયપતાકા ઉન્નત આકાશમાં ગૌરવભેર લહેરાય છે.

આ ધ્યાની ધ્યાનાનંદ વિષે સંપ્રદાયના ઈતિહાસમાં ઘણાં પ્રસંગો નોંધાયેલા પડ્યા છે, પરંતુ કવિ ધ્યાનાનંદ વિષે ઝાઝો ઉલ્લેખ નથી મળતો.

કવિ ધ્યાનાનંદ એક વિશદ્ વિદ્વાન અને સિદ્ધહસ્ત કવિ હતા. તેમણે શ્રીજીમહારાજના વિવિધ લીલાચરિત્રોને હિન્દી દોહા ચોપાઈમાં ગૂંથી ‘શ્રીહરિચરિત્રામૃત’ નામનો ગ્રંથ રચ્યો છે. આ સિવાય તેમણે કેટલાક રસિક કીર્તનો પણ રચ્યાં છે.

સદ્‌ગુરુ કૃષ્ણાનંદ સ્વામીના ગ્રંથ ‘શ્રીહરિ ચરિત્રામૃતમ્’માં કવિ ધ્યાનાનંદનો એક પ્રસંગે ઉલ્લેખ આવે છે. સં. ૧૮૮૫માં આસો સુદ અગિયારસે જાગરણની મહાસભામાં શ્રીજીમહારાજે કેટલાક નવોદિત કવિઓની કૃતિઓને સાંભળી તેમને પ્રમાણિત કર્યા હતા, તેમાં ધ્યાનાનંદ સ્વામીનો પણ સમાવેશ થયો હતો.

**'પછી સભા કરી સુખધામ, બેઠા સંત સભામધ્યે શ્યામ;**
**પછી બોલાવ્યા કવિને પોતે, સર્વે સભાસદને જોતે.**
**કાવ્ય સુણી નવા કવિ કેરી, હરિ રાજી થયા દ્રગ હેરી;**
**નહોતાં કાવ્યમાં મળતાં નામ, નવાં પાડ્યાં પોતે સુખધામ.**
**પછી પોતે કર્યા પ્રમાણ, આતો કવિ છે સારા સુજાણ;**
**દેવાનંદ, ભૂમાનંદ દેખો, ધ્યાનાનંદ દયાનંદ લેખો.'**

આમ કવિ ધ્યાનાનંદ સ્વામી શ્રીજીમહારાજ પ્રમાણિત ઉર્મીશીલ કવિ હતા.

સંવત ૧૮૮૬ના જેઠ સુદ ૧૦ને દિવસે શ્રીજીમહારાજ સ્વધામ પધાર્યા. શ્રીજીમહારાજના વિયોગે વ્યાકુળ બની કવિ ધ્યાનાનંદે અંતરની વ્યથાને કાવ્યમાં કંડારતા ગાયું હતું :

**'સુણ સાહેલી શ્રી ઘનશ્યામ વિના મને ગમતું નથી...'**

વિપ્રલંભ વિરહ વિભાવનાના આ પદના પ્રગલ્ભગાન સાથે જ મહારાજે ધ્યાનાનંદને દિવ્યરૂપે દર્શન દઈ એમની વિરહવ્યથાને શાંત કરી હતી.

**કાવ્યકૃતિ :**

**સુણ સાહેલી (૨), શ્રી ઘનશ્યામ વિના મને કાંઈ ગમતું નથી;**
**હરિ ગયા મેલી(૨), તે દુઃખની વાતો શી ઘણી તે કહું કથી. ટેક.**
**મન હરતા મોહન કર લટકે, શીર મોળિયું ધરતા રંગ ચટકે;**
**તે મૂર્તિ અંતરમાં અટકે. સુણ. ૧**
**હું જોતી હરિનું નિત્ય મુખડું, સામું જોઈ દેતાં વ્હાલો અતિ સુખડું;**
**મુને એ વિના દિલમાં છે દુઃખડું. સુણ. ૨**
**મારા મનમાં નિશદિન એ લેખું, હરિ ચરણકમળ કેરી રેખું;**
**હવે આ નયણે ક્યારે દેખું. સુણ. ૩**
**સખી છોગાળો અઢળક ઢળશે, મરમાળો અંક ભરી મળશે;**

**ત્યારે ચિત્તડાનાં સંકટ ટળશે. સુણ. ૪**
**હરિ બિરાજતા નિત્ય સભા કરી, ત્યારે જોતી હું નિશદિન નેણ ભરી;**
**ધ્યાનાનંદ હવે એ વિના દિલમાં ડરી. સુણ. ૫**

**આસ્વાદ :**

કરુણાત્મક વિયોગ શૃંગારના પ્રસ્તુત પદમાં પ્રેમીભક્ત કવિ ધ્યાનાનંદ પોતાના પ્રિયતમ પ્રભુ શ્રી ઘનશ્યામના વિયોગે વ્યાકુળ બનીને પોતાની અંતરવ્યથાને વાચા આપે છે. કાવ્ય એના વર્ણમાધુર્ય, શબ્દોની પુનરુક્તિ, પ્રાસની સ્વાભાવિકતા તથા મનમાં ગુંજી રહે એવી રમણીય ધ્રુવપંક્તિને કારણે ચોટદાર બન્યું છે.

**'સુણ સાહેલી, શ્રી ઘનશ્યામ વિના મને કાંઈ ગમતું નથી'** એ ધ્રુવપંક્તિ દ્વારા જ કવિની વિરહવિભાવના સુપેરે વ્યક્ત થઈ જાય છે. પ્રેમ અને વિરહ એ બંને સાપેક્ષ છે. પ્રેમ કઈ ભૂમિકાએ પાંગરી ત્યાંથી ઊર્ધ્વગામી બની, કઈ ભૂમિકાએ પ્રિયતમ પરમાત્માના પરસાત્મક સ્વરૂપમાં પર્યવસાન પામે છે તે ઉપર વિરહની અનુભૂતિનો આધાર છે.

સ્થૂળ ભૂમિકાએ પાંગરેલો પ્રેમ જ્યાં સુધી એ પ્રેમીભક્તના અંતરમાં પરમાત્માના દિવ્ય સ્વરૂપનો સાક્ષાત્કાર ન થાય, ત્યાં સુધી પ્રિયતમના વિયોગે અસહ્ય વ્યથા આપે છે. સ્વામિનારાયણ સંપ્રદાયમાં સચ્ચિદાનંદ સ્વામી આનું જીવંત દૃષ્ટાંત હતા. ગોપાળાનંદ સ્વામીનો પ્રેમ ઉચ્ચ આધ્યાત્મિક ભૂમિકાએ પહોંચીને પરમાત્માના પરમસાધર્મ્યને પામીને પૂર્ણકામ થયો હોવાથી એમને ક્યારેય વિરહવ્યથા નહોતી થતી. પ્રેમસખી પ્રેમાનંદ ગઢપુરમાં શ્રીજીમહારાજની અક્ષરઓરડીની સામે જ રહેતા હોવા છતાં

રાત રાતભર વિરહવેદનાથી વ્યથિત અંતરે **'બહુત દિનનકી પ્યાસી રે અંખિયાં...'** તથા **'બિસર ન જાજો મેરે મિત...'** જેવા કીર્તનો ગાયા કરતા હતા.

એકવાર શ્રીજીમહારાજે પ્રેમાનંદ સ્વામીને પ્રસન્ન થઈને કંઈક વર માગવાનું કહ્યું. પ્રેમસખીએ તરત જ માગ્યું : 'મહારાજ, તમારા આવા ને આવા દર્શન હંમેશાં મારા અંતરમાં થતાં રહે એ વર આપો.' મહારાજ કહે, 'સ્વામી, એ તો તમે સાધન કરશો ત્યારે અંતરમાં મૂર્તિ દેખાશે. હમણાં કાંઈ બીજું માગો.' પ્રેમાનંદે ફરી અરજ કરી : 'મહારાજ, આપના ચરણમાં મેં વાસ કર્યો છે ત્યારથી હું સાધન તો કરું છું. મારું પ્રાતઃ આપના કીર્તનથી પ્રારંભ થાય છે અને આખો દિવસ આપના સાંનિધ્યમાં વીત્યા પછી મારી રાત પણ આપના સંસ્મરણ સાથે જ વીતે છે. વિશેષ કયા સાધનની આવશ્યકતા છે, પ્રભુ?' મહારાજે હસીને કહ્યું : 'તમે ભક્તિ તો કરો છો, પરંતુ મનગમતી ભક્તિ કરો છો. જ્યારે અમારી આજ્ઞાથી સાધન કરશો ત્યારે જ અમારી પ્રસન્નતા પ્રાપ્ત થશે. અમારી પ્રસન્નતા થતાં જ અંતરમાં અખંડ અમારી મૂર્તિ દેખાશે.' ત્યારે પ્રેમસખીએ ફરી પ્રાર્થનાપૂર્વક કહ્યું : 'મહારાજ, આપ મને આજ્ઞા આપો એ પ્રમાણે હું સાધન કરવા તૈયાર છું.'

પ્રેમાનંદનો ખરો ખપ જોઈને મહારાજે કહ્યું : 'પાંચ વાતોનું ખાસ ધ્યાન રાખવું : (૧) બ્રહ્મચર્યનું પાલન (૨) પંચ વર્તમાનનું પાલન (૩) ભગવાનના સ્વરૂપની ઉપાસના (૪) ભગવાનના લીલાચરિત્રનું સતત શ્રવણ - મનન - નિદિધ્યાસ અને (૫) અખંડ ભગવાનના નામનું સંસ્મરણ.

અમારા વચને આટલું કરશો એટલે અંતરમાં અખંડ અમારી મૂર્તિ દેખાશે અને પછી ક્યારેય વિરહની વ્યથા નહીં સતાવે.'

કહેવાય છે કે પ્રેમાનંદ સ્વામીએ શ્રીહરિની ઉપરોક્ત વાતના સારરૂપે એજ દિવસે સ્વાભાવિક ચેષ્ટાના પદોની રચના કરી સાંજની સભામાં ગાયા હતા.

પ્રેમી ભક્તકવિ ધ્યાનાનંદે શ્રીહરિની રસિક રૂપમાધુરીનું હૃદયંગમ વર્ણન કર્યું છે.

**'મન હરતા મોહન કર લટકે,**
**શીર મોળિયું ધરતા રંગ ચટકે,**
**તે મૂર્તિ અંતરમાં અટકે.'**

કવિને પ્રિયતમ પ્રભુ સાથે ગાળેલી એક એક ક્ષણ યાદ છે. સ્થૂળ દેહે શ્રીજી ભલે સ્વધામ સિધાવી ગયા, છતાં પણ ધ્યાનાનંદને હજી પણ આશા છે કે -

**'સખી છોગાળો અઢળક ઢળશે,**
**મરમાળો અંક ભરી મળશે;**
**ત્યારે ચિત્તડાના સંકટ ટળશે.'**

કરૂણાત્મક વિયોગશૃંગારમાં પર્યવસાન પામતું પ્રસ્તુત પદ કવિ ધ્યાનાનંદની પ્રાસાદિક કૃતિ છે.

# સંદર્ભગ્રંથ સૂચિ


૧. આચાર્યોદય - લે. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ

૨. અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો - સંપા. શ્રી હરિજીવનદાસ શાસ્ત્રી

૩. અક્ષરાનંદ સ્વામીની વાતો - પ્ર. કોઠારી શ્રી શાસ્ત્રી સ્વામી ધર્મપ્રિયદાસજી

૪. ઉત્તર હિન્દુસ્તાનના પરચા - લે. સ્વામી શ્રી બાલકૃષ્ણદાસજી

૫. કવિવર શ્રી મુક્તાનંદ સ્વામી - લે. શ્રી પ્રભુ સ્વામી

૬. કવિશ્વર દલપતરામ - લે. મહાકવિ ન્હાનાલાલ

૭. કીર્તનરત્નમાળા - પ્ર. શ્રી નિત્યાનંદ સાહિત્ય મંદિર, અમદાવાદ

૮. કીર્તનસાર સંગ્રહ - પ્ર. પુરાણી સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી, ભુજ

૯. જૂનાગઢના જોગી સદ્‌ગુરુ શ્રી મહાપુરુષદાસજી - લે. રાજકવિ માવદાનજી

૧૦. નિર્ગુણદાસ સ્વામીની વાતો - પ્ર. શ્રી કૃષ્ણવલ્લભદાસ સ્વામી, અમદાવાદ.

૧૧. પ્રેમ પદાવલી - પ્ર. પ્રભુશાસ્ત્રી

૧૨. બ્રહ્મસંહિતા - સંપાદક : રાજકવિ માવદાનજી

૧૩. બ્રહ્મના ઉપાસક બ્રહ્મચારીઓ - લે. ખુશાલ પાટડિયા

૧૪. ભાયાત્માનંદ સ્વામીની વાતો - પ્ર. શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, રાજકોટ

૧૫. ભાગવતધર્મના સર્વોપરી સ્થાપક ભગવાન શ્રી સ્વામિનારાયણ - પ્ર. શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ, મદ્રાસ

૧૬. ભુમાનંદ સ્વામીની વાતો - પ્ર. કોઠારી શ્રી શાસ્ત્રી સ્વામી ધર્મપ્રિયદાસજી, વડતાલ

૧૭. મધ્યકાલીન ગુજરાતી ભક્તિકવિતા - લે. ડૉ. જગદીશ શાહ

૧૮. રસબસ હોઈ રહી રસિયા સંગ - પ્ર. શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન, અમદાવાદ

૧૯. લીલા ચિંતામણી - લે. શ્રી લક્ષ્મીરામ શાસ્ત્રી

૨૦. વચનામૃત રહસ્યાર્થ - પ્ર. શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન, અમદાવાદ

૨૧. સંત સુમન સ્રજ - લે. પ્રભુશાસ્ત્રી

૨૨. સંસ્કાર સાહિત્યનો આસ્વાદ - લે. ડૉ. હરિપ્રસાદ ઠક્કર

૨૩. સત્સંગિજીવન - ભાગ ૧ થી ૫ લે. શ્રી શાતાનંદ સ્વામી

૨૪. શ્રી સહજાનંદી સમૂળ કીર્તનમાળા - પ્ર. ચુનીલાલ તુલસીદાસ

૨૫. શ્રી હરિલીલામૃત - લે. ધ. ધુ. આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ

૨૬. શ્રી હરિલીલાસિંધુ - લે. શ્રી વૈષ્ણવાનંદ બ્રહ્મચારી

૨૭. શ્રી હરિચરિત્ર - લે. શ્રી અખંડાનંદ વર્ણી

૨૮. શ્રી હરિચરિત્રામૃતસાગર - લે. સદ્‌ગુરુ શ્રી આધારાનંદ સ્વામી

# શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન શાને માટે ?

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વજીવહિતાવહ સંદેશ અનુસાર માનવજાતના શ્રેય અને પ્રેય માટે–

(ક) સેવા-સદાવ્રતના આદર્શો અનુસાર ભેદભાવ વિના આર્થિક મૂંઝવણ અનુભવતાં ભાઈબહેનોને જરૂરી રાહત પહોંચાડવી;

(ખ) આરોગ્યપ્રસારની માર્ગદર્શક વ્યવસ્થા અને રોગોપચારનાં સારવાર કેન્દ્રો-ઔષધાલયો સ્થાપવાં-ચલાવવાં, અગર એવું કાર્ય કરતી સંસ્થાઓને સહાયરૂપ થવું;

(ગ) આત્મિક શાંતિ અને માનવતાની ભીનાશ રેલાવતાં મંદિરો, સત્પુરુષોનાં સ્મારકકેન્દ્રો, વગેરેનાં નિર્માણ-નિભાવ-વિકાસ કરવાં;

(ઘ) જીવનઘડતરમાં ઉપયોગી સાહિત્ય અને કલાના વિકાસકાર્યને ઉત્તેજન આપવું;

(ચ) સમ્યક્ અભ્યાસ માટે પુસ્તકાલય, સંગ્રહાલય, સંશોધનકેન્દ્ર સ્થાપવાં-ચલાવવાં અગર એવા એકમોને મદદરૂપ થવું;

(છ) સર્વસમન્વય સધાય એવાં સાંસ્કારિક અને તત્ત્વજ્ઞાનવિષયક પ્રકાશનો પ્રસિદ્ધ કરવાં અને તે વડે જનસમુદાયનો ઊર્ધ્વગામી વિકાસ સાધવામાં મદદરૂપ થવું;

અને એ રીતે :

(૧) સમાજજીવનની આધારશિલાસમાં સદાચાર અને નીતિનાં ધોરણો બળવત્તર થાય એવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું;

(૨) સમાજમાં સંપ, એકતા અને પરસ્પર સુહૃદ્‌ભાવ વૃદ્ધિ પામે, વિશ્વબંધુત્વની ભાવના વિકસે અને વિસંવાદિતા દૂર થાય એવા કાર્યક્રમો આપવા;

(૩) વિશ્વના ધર્મો અને પક્ષો વચ્ચે સંવાદિતા જળવાઈ રહે એ માટે સર્વધર્મીય પરિષદોનું આયોજન કરતા રહી આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષને વેગ આપવો.

આવા સુઆયોજિત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ દ્વારા પરિપૂર્ણ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ તરફ માનવસમુદાય સર્વાંગી વિકાસ પામી ગતિમાન થાય એવો મિશનનો શુભ આશય છે.

સારનો સાર એ છે કે દરેકે મહારાજના
દિવ્ય સ્વરુપનો અનુભવ કરવાનો છે.

- પૂજ્યશ્રી નારાયણભાઈ

Website: www.shriswaminarayandivinemission.org
Email: info@shriswaminarayandivinemission.com